ભૂમિપુત્ર
माता भूमि : पुत्रो अहं पृथिव्या :

Vol. 074 Issue No. 01 Date : 16-09-2026

આ અંકમાં

વિનોબા	૦૧	આત્માને જાણીએ (૨૦)
રશાંસ	૦૩	વાંચનથાળ
કાન્તિ શાહ	૦૪	આસુરી વૃત્તિનું સાક્ષાત્ સ્વરૂપ : અમેરિકાનું આજનું રાજતંત્ર - ૧
રેવારજ	૦૭	ડૉ. પંકજ જોષીની નજરે વિજ્ઞાન અને અધ્યાત્મ - ૪
રજની દવે	૦૯	દેશની પર્યાવરણીય પરિસ્થિતિ પર અધ્યયન લેખ - ૬
ચિંતન ભટ્ટ	૧૦	પર્યાવરણ પર એઆઈનો પ્રભાવ
રજની દવે	૧૨	કટોકટી કાળમાં 'ભૂમિપુત્ર' - 'યજ્ઞ પ્રકાશન'ની ભૂમિકા : પુસ્તક લોકાર્પણ કાર્યક્રમ
મુદિતા વિદ્રોહી	૧૬	ટાટા કેમિકલ્સના પ્લાન્ટ સામે સ્થાનિક લોકોની અણનમ લડત
પ્રકાશ ભગવતી	૨૦	વિજ્ઞાન આશ્રમ : એક વિરલ પ્રયાસ
રોહિત શુક્લ	૨૨	શ્રદ્ધાંજલિ - મધુસૂદન બક્ષી
આશા વીરેન્દ્ર	૨૪	સ્પર્શ

Published on 1st & 16th of Every Month
BHOOMIPUTRA
Gujarati Fortnightly
Price Rs.20, Annual Sub. Rs.300.
Vol.74 Issue No.01 1965 Date : 16-09-2026
Place of Publication : Bhoomiputra Karyalaya,
Hujaratpaga, Vadodara - 390 001.

ભૂદાનમૂલક ગ્રામોદ્યોગપ્રધાન અહિંસક ક્રાંતિનું પાક્ષિક મુખપત્ર
ભૂમિપુત્ર
माता भूमि : पुत्रो अहं पृथिव्या :

આત્માને જાણીએ (૨૦)

❍ વિનોબા ❍

આત્મતત્ત્વ અંગે વિવિધ (૩)

માણસ પ્રિયસંગતિમાં રમતો રહે છે, ભોગ મેળવીને તૃપ્ત થતો રહે છે અને સત્કારાદિથી એકદમ સંતુષ્ટ થઈ જાય છે. જ્ઞાની આત્મામાં જ રમે છે. આત્મામાં જ તૃપ્ત થાય છે, અને આત્મામાં જ સંતુષ્ટ થાય છે. ગીતા કહે છે, જેને આત્મામાં આ ત્રણેયની ઉપલબ્ધિ થઈ ગઈ તેનું કોઈ કર્તવ્ય શેષ રહેતું નથી – तस्य कार्य न विद्यते । (ગીતા ૩:૧૭)

આત્મ-વિશુદ્ધિ, આત્મ-વિજય અને આત્મ-વિકાસ અથવા આત્મ-વિસ્તાર, કર્મયોગનાં આ ત્રિવિધ કાર્ય સૂચિત કરતાં ગીતાએ વિશુદ્ધાત્મા, વિજિતાત્મા અને સર્વભૂતાત્મભૂતાત્મા શબ્દોના પ્રયોગ કર્યા છે. વિશુદ્ધાત્મા – અંતઃકરણ શુદ્ધ કરવું. વિજિતાત્મા – ઇંદ્રિય અને મનને જીતવાં. સર્વભૂતાત્મભૂતાત્મા – ખુદ પોતાને એક જ શરીરમાં સીમિત ન માનતાં વ્યાપક રૂપે જોવું. સર્વ ભૂતોમાં પોતાને સ્વયંને જોવો. સૌથી પહેલાં સાધક પોતાને શુદ્ધ કરે છે અને તે વિશુદ્ધાત્મા બને છે. પછી તે પોતાને જીતે છે અને તે વિજિતાત્મા બને છે. અને એના પછી તે વ્યાપક બને છે, એટલે કે સર્વભૂતાત્મભૂતાત્મા બને છે. વિશુદ્ધાત્મા અર્થાત્ ચિત્તશુદ્ધિ અને વિજિતાત્મા અર્થાત્ ઇન્દ્રિય-નિગ્રહ, આ બંને સાથે સાથે ચાલતા રહેવાં જોઈએ.

તટસ્થ રહેવું, સાક્ષીભાવે રહેવું અને સામે આત્મદર્શનનો ઉદ્દેશ્ય રાખીને સાધના કરવી એ માણસ માટે ઇષ્ટ (ઇચ્છનીય) છે. કર્મ કરવા છતાં પણ સાક્ષીભાવનો અનુભવ લેવાનો છે. કર્તાપણાની સાથે ભોક્તાપણું પણ આવે છે. પરંતુ આપણને તો સાક્ષી બનવામાં આનંદ આવે છે, ભોક્તા બનવામાં નથી આવતો. ભોક્તા બનવામાં સુખ અને દુઃખના તમાચા ખાવા પડે છે. કર્તા અને ભોક્તાને દર્શન થતું નથી, દર્શન તો દ્રષ્ટા (સાક્ષી)ને થાય છે. જે કર્તા અને ભોક્તા હોય છે, તે દ્રષ્ટા હોતા નથી.

મનથી, બુદ્ધિથી, ક્રિયાઓથી, ગ્રંથોથી, અનુભવોથી અલગ રહેવું આ પણ એક શક્તિ છે. આ શક્તિ મનુષ્યમાં હોઈ શકે છે. જ્યાં સુધી માણસ આ બધી વસ્તુઓથી અલગ થતો નથી, એમાં ને એમાં જ જકડાયેલો રહે છે, ત્યાં સુધી તે પરિસ્થિતિનો અંશ જ હોય છે, દ્રષ્ટા નથી હોતો. ક્ષેત્રજ્ઞ (આત્મા) નહીં, પણ ક્ષેત્ર (દેહ) જ હોય છે.

કેટલાક લોકો પ્રાણને જ આત્મા માની લે છે. આ સાચું નથી. પ્રાણ આત્મા નથી, પણ આત્માનો અધિકારી છે. આ શરીરમાં બુદ્ધિ લેજિસ્લેટિવ અને મન એ એક્સીક્યૂટિવ જેવા છે. શરીરમાં આ બંને ત્યાં સુધી કામ કરે છે જ્યાં સુધી પ્રાણશક્તિ હોય છે. આમ શરીરમાં પ્રાણશક્તિ એ આત્માનો સર્વેસર્વા છે. એના દ્વારા આત્માનાં બધાં કાર્ય શરીરમાં થાય છે.

આ દુનિયામાં સૌથી મોટી જો કોઈ દૌલત હોય તો તે આત્મ-સમાધાન છે. બધું જ કમાઈ લીધું, પણ જો આત્મસમાધાન ના મળ્યું તો બધું નકામું છે. આપણને આત્મસમાધાન કમાવવા માટે તો નરદેહ પ્રાપ્ત થયો છે. જીવન તો એ જ છે જેમાં આંતરિક સમાધાન હોય. આંતરિક સમાધાન અર્થાત્ નિષ્કામ સેવા અને ભક્તિ. અંતઃસમાધાનનાં આ બે સાધનો છે.

જ્ઞાનદેવ મહારાજનું સમગ્ર લેખન માંત્રિક છે. એમણે લખ્યું છે કે, आत्मा अवतरवी ते मंत्र, अक्षरे रयें । ગીતામાં જે અક્ષરો છે, એ મંત્ર તો છે જ છે. જે દેવતાને લક્ષ્યમાં રાખીને મંત્ર બોલવામાં આવે છે, એ એ દેવતાએ મંત્ર બોલનારની સામે આવવું પડે છે. એમને આવિર્ભૂત થવું પડે છે. ગીતાના અક્ષર આત્માને અવતરિત કરનારા અક્ષરો હોય છે. અન્ય એક જગ્યાએ જ્ઞાનદેવ લખે છે –आत्मा राणीव करी – આત્મા રાજ્ય કરી રહ્યો છે. જ્ઞાનદેવના હાથમાં વળી સત્તા કઈ હતી? કયું રાજ્ય હતું ? જ્ઞાનદેવના હાથમાં તો આત્માની સત્તા હતી. જ્ઞાનદેવ આત્માને માઉલી આત્મા કહે છે. (માઉલી = માતા) 'आत्मा माउली' આ શબ્દપ્રયોગ ચોક્કસ અદ્વિતીય શબ્દપ્રયોગ છે. જ્ઞાનદેવ લખે છે – तेथ प्रियाची परमसीमा, तो भेटे माउली आत्मा' – જ્યાં પ્રેમની ચરમસીમા હોય, ત્યાં આત્મા મૈયાથી મિલન થાય છે. જ્ઞાનદેવે તો આ પણ કહ્યું છે – પોતાનું આત્મતત્ત્વ ખોવાઈ ગયું છે, તે સંતોને જોવાથી મળી આવે છે.

એક હોય છે પાપાત્મા, એક હોય છે પૂતાત્મા (પુણ્યાત્મા) અને એક હોય છે પરમાત્મા. જે વાસનાઓથી જકડાયેલો છે, તે પાપાત્મા છે. એ પાપ-વાસનાઓ ખતમ થયા પછી તે શુદ્ધ એટલે કે પૂતાત્મા થશે. પાપાત્માને થોડામાં જીવ કહ્યો અને પૂતાત્માને આત્મા કહ્યો. શુદ્ધ થયા બાદ જ્યારે તે વ્યાપક બનશે

YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

ત્યારે તે પરમાત્મા હશે. આમ આવી રીતે આ ત્રણેય એક જ છે, પરંતુ ભૂમિકાઓ ત્રણ છે. આમાં સૌથી નીચેની ભૂમિકાએ ઘણા બધા જીવ રહેતા હોય છે, એમને સામાન્યતયા જીવ કહે છે. એ બધા પાપી છે, માટે એમને પાપાત્મા નામ અપાયું. પણ આ પાપ સમાપ્ત થઈ ગયા બાદ જે જીવ શુદ્ધ થાય છે, એવા આત્માને પૂતાત્મા નામ અપાયું. તે આત્મા છે, કેમ કે તે સ્વયંપૂત (સ્વયં પવિત્ર) હોય છે. એ વાસનાઓથી ભિન્ન હોય છે. તે આત્મસ્વરૂપ છે, એટલા માટે એને કેવળ આત્મા કહે છે. અને તે જો વ્યાપક બને છે, તો તે પરમાત્મા છે. તે સ્વયંસિદ્ધ છે.

પ્રસન્ન અર્થાત્ શાંત, નિર્મળ. પ્રસન્નતાનો અર્થ ઉલ્લાસિત વૃત્તિ અથવા હર્ષ નથી. પ્રસન્નતા અર્થાત્ નિર્વિકારતા, શાંતિ, ગાંભીર્ય. પ્રસન્નતાનો અર્થ થાય છે રાગ દ્વેષ રહિતતા, સ્વચ્છતા, નિર્મળ ભાવ અને ચિત્તનું સમાધાન. જેના દર્શનમાત્રથી દુઃખ શમી જાય છે, તે છે પ્રસન્નાત્મા. જ્યાં પાપતત્ત્વ જેવું કંઈ રહેતું નથી ત્યાં પ્રસન્નતા રહે છે. પ્રફુલ્લિત પુષ્પના જેવું ચિત્ત પ્રસન્ન હોય !

આત્મા, બ્રહ્મ જેવા તત્ત્વજ્ઞાનના વિષયોમાં બુદ્ધે મૌન સેવ્યું છે. એમણે આ બધી વસ્તુઓનો ઇન્કાર નથી કર્યો, મૌન રાખ્યું છે. આ લોકમાં જેટલો અનુભવ આવી શકે, એટલું એમણે કહ્યું છે. આત્માના સ્વરૂપના સંબંધમાં, આત્મા કેવો છે, એનું સ્વરૂપ કેવું છે એ બાબતે મતભેદ તથા અદ્વૈત, વિશિષ્ટાદ્વૈત, દ્વૈત વગેરે વિચારભેદ, હિંદુધર્મમાં પણ છે જ. એવી રીતે બુદ્ધની પણ મતભિન્નતા હોઈ શકે છે. બુદ્ધ સ્વર્ગ-નરક, પૂર્વજન્મ-પુનર્જન્મ, બંધન-મોક્ષ વગેરેમાં માને છે તો પછી ભિન્નતા ક્યાં રહી ?

યોગી સૂક્ષ્મ દેહમાં રહી શકે છે. એ સૂક્ષ્મ દેહમાં રહેશે તો શું થશે? એ આખા વિશ્વમાં વ્યાપક રહેશે કે કોઈ એક જગ્યાએ રહેશે ? એનો આત્મા જેટલો વ્યાપક રહેશે, તેટલું તેનું વ્યાપક પરિણામ રહેશે. માની લો, ગૌતમ બુદ્ધ છે અને એમનો આત્મા આ આખી દુનિયામાં ફેલાયેલો હશે, માટે આખી દુનિયા પર તેમની અસર પડશે. તે વ્યાપક પુરુષ સૂક્ષ્મરૂપે અને વ્યાપકરૂપે બધાંને જ સદ્‌ભાવના આપતો રહેશે. જેમની પાસે તે સ્વીકારવાની (રિસીવ) કરવાની શક્તિ હશે, તે એને સ્વીકારશે અને તેને તે સ્પર્શ કરશે. તમારી પાસે સ્વીકાર કરવાની શક્તિ, રેડિયો સેટ હશે તો તમે એમના સ્પર્શને મહેસૂસ કરી શકશો.

ગીતા કહે છે, स्वभावः अध्यात्मं उच्यते – અધ્યાત્મ અર્થાત્ સ્વભાવ. આપણે સમજીએ છીએ કે પોતપોતાની બુદ્ધિને અનુસાર જે છે, તે સ્વભાવ. આનો સ્વભાવ આવો છે અને પેલાનો સ્વભાવ તેવો છે આવું નથી. સ્વભાવ એટલે આત્માનો ભાવ. ક્યારેક રાત્રે નિઃસ્વપ્ન ગાઢ ઊંઘ આવે છે, ત્યારે આપણે આપણા મૂળ સ્વભાવમાં અર્થાત્ આત્માના સ્વભાવમાં રહીએ છીએ.

સોક્રેટિસને ઝેર આપીને મારી નાખવાની સજા મળી હતી. જે દિવસે એમને આ વિષ આપવાનું હતું, એની આગલી રાતે સોક્રેટિસ એમના શિષ્યોને આત્માના અમરત્વ અંગે બોધ આપતા રહ્યા. આત્માના અમરત્વ સંબંધી ચર્ચા સમાપ્ત થતાં એમના એક શિષ્યે પૂછ્યું – મૃત્યુ બાદ તમારી અંત્યેષ્ટિ કેવી રીતે કરવામાં આવે ? સોક્રેટિસે જવાબ આપ્યો – વાહ, ખૂબ ! એ મારશે અને તમે દફનાવશો ? તમે છો કોણ મને દફનાવનારાઓ ? મને ન તો કોઈ મારી શકે છે, ન દફનાવી શકે છે કેમ કે આત્મા અમર છે, એને વળી કોણ મારી શકે તેમ છે ? કોણ એને દાટી શકે ? અને ખરેખર આજથી બે-અઢી હજાર વર્ષો પહેલાં થઈ ગયેલો તે એક મહાન સુકરાત બધાને દાટીને જીવિત છે !

મૃત્યુલોકમાં અર્પેલી ચીજવસ્તુ પ્રત્યક્ષ આત્મા સુધી પહોંચે તે શક્ય નથી, કેમ કે ચીજવસ્તુ સ્થૂળ છે અને આત્મા તો સૂક્ષ્મ અવસ્થામાં હોય છે. આવી ચીજવસ્તુઓની આત્માને જરૂર પણ હોતી નથી. પરંતુ એમની સદ્‌ગતિ માટે અને શાંતિ મળે તે માટે હું મનથી પ્રાર્થના કરું છું તો તે અવશ્ય એમની પાસે પહોંચી શકે, કેમ કે આત્મા એ સૂક્ષ્મ વસ્તુ છે.

પ્રકીર્ણ

● જે દુર્ગુણ છે તે શરીરના હોય છે અને સદ્‌ગુણ છે તે આત્માના હોય છે. શરીર બદલાયા કરે છે, માટે દુર્ગુણો પણ બદલાતા રહે છે પણ આત્મા તો સ્થિર છે, એટલા માટે સદ્‌ગુણો પણ સ્થિર રહે છે. આપણે હંસની માફક સદ્‌ગુણોને ચૂંટી લેવા જોઈએ.

● વિચારો, પણ 'નિજ'ના વિષયમાં નહીં. કાં તો બધાંના સંબંધમાં વિચારી શકાય અથવા 'આત્મા'નું ચિંતન કરી શકાય છે. આ બન્નેમાં 'નિજ'નું વિસ્મરણ થશે, એ જ તારક છે.

● વૈદિક ઋષિઓને આત્મસ્તુતિ કરવામાં સંકોચ થતો નથી. આત્મરૂપ થયેલા ઋષિ જો આત્મસ્તુતિ નહીં કરે, તો શું તેઓ અનાત્મસ્તુતિ કરશે?

આ અંકમાં

વિનોબા	૧	આત્માને જાણીએ (૨૦)
રશાંસ	૩	વાંચનથાળ
કાન્તિ શાહ	૪	અમેરિકાનું આજનું રાજતંત્ર-૧
રેવારજ	૭	ડૉ. પંકજ જોષીની નજરે વિજ્ઞાન અને અધ્યાત્મ-૪
રજની દવે	૯	દેશની પર્યાવરણીય પરિસ્થિતિ પર અધ્યયન લેખ-૬
ચિંતન ભટ્ટ	૧૦	પર્યાવરણ પર એઆઇનો પ્રભાવ
રજની દવે	૧૨	કટોકટીકાળમાં 'ભૂમિપુત્ર' યજ્ઞ પ્રકાશનની ભૂમિકા-પુસ્તક લોકાર્પણ કાર્યક્રમ
મુદિતા વિદ્રોહી	૧૬	ટાટા કેમિકલ્સના પ્લાન્ટ સામે સ્થાનિક લોકોની અણનમ લડત
પ્રકાશ ભગવતી	૨૦	વિજ્ઞાન આશ્રમ : એક વિરલ પ્રયાસ
રોહિત શુકલ	૨૨	શ્રદ્ધાંજલિ – મધુસૂદન બક્ષી
આશા વીરેન્દ્ર	૨૪	સ્પર્શ

YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

● ગૌતમ બુદ્ધ અંતિમ સમય સુધી સલાહ નહોતા આપતા. મૃત્યુના એક વર્ષ પહેલાં તેમણેસલાહ આપવાનું બંધ કરી દીધેલું – માત્ર आत्मदीपो भव કહ્યું.

● સ્વાવલંબનનો સંકુચિત અર્થ આપણે કરતા નથી. આત્માવલંબન વધુ સમર્પક શબ્દ છે. આત્માવલંબનમાં સ્વાવલંબન આવી જાય છે, પરસ્પરાવલંબન આવે છે અને ઈશ્વરાવલંબન પણ આવે છે.

● આત્મપ્રયત્ન અને ઈશ્વરશરણતા – આ બંને સ્વાભવ-જય માટેનાં સાધનો આપણને સંતોએ અને શાસ્ત્રકારોએ બતાવ્યાં છે.

● રામનામ એ આત્મશોધનની પ્રક્રિયા છે, નહીં કે મૂઢ વિશ્વાસથી કાલ્પનિક દેવ-દેવતાઓને અથવા આત્માથી અત્યંત ભિન્ન એવા કોઈ સર્વાધિકાર પરમેશ્વરને ફોસલાવવાની વિધિ.

● આત્મસંતોષ અને અલ્પસંતોષમાં અંતર છે. આમાં પહેલી વસ્તુ આધ્યાત્મિક છે, અને બીજી વસ્તુ વ્યાવહારિક છે; આ બંને વસ્તુ સારી-નરસી હોઈ શકે છે. જો તે કલ્યાણકારી ભલી વસ્તુ હશે તો આધ્યાત્મિકતાની પોષક રહેશે.

● આત્માભ્યાસ માટે આ શરીર એક સાધન છે. એના આધારે આપણે આગળના શરીરને કાપવાનું છે. આ શરીર જ આપણને મળ્યું છે, જે આવનારા દેહને કાપવા માટે સાધનારત રહે.

● ભલે ને મૃત્યુ બાદ, મહાપુરુષની આત્મા વ્યાપક રહે, તેમ છતાં પણ તે જ્યાં લાંબા કાળ સુધી રહેશે, તે જગ્યામાં વિશેષ રૂપમાં રહ્યા વગર તે બધી જગ્યાએ ફેલાવા જશે નહીં.

● પ્રાચીન મહાપુરુષ દેહમુક્ત થયા બાદ વ્યાપક રૂપે બધે શોધતા રહે છે અને કોઈ અનુકૂળ આત્મા, કિંડલ્ડ સ્પિરિટ (જાગૃત આત્મા) મળી જાય, એને એમનો સ્પર્શ થાય છે. આને જ સાક્ષાત્કાર કહે છે. સાક્ષાત્કાર એટલે પ્રાચીન પુરુષોનો સ્પર્શ.

● ઈશ્વરનું એક નામ છે આત્મલિંગ. લિંગ એટલે ઓળખાણ (પહેચાન). આત્મામાં જ જેની ઓળખ છે તે આત્મલિંગ છે. આત્માથી વધીને બીજી કોઈ ઈશ્વરની નિશાની આપણા માટે હોઈ ન શકે.

● આત્મા એક, માયા શૂન્ય. એક અને શૂન્યના સંયોગથી અસંખ્ય સંસાર.

● ગઈ કાલ, આજ, અને આવતી કાલનો, આત્મા જ એકમાત્ર જોડ (જોડનારું) સ્થાન છે.

● મા ! બાળકના કાનોમાં આ એક જ અવાજ ગુંજવા દે – આત્મા ! આત્મા ! આત્મા !

● લવ ધાય નેબર એ જ ધાયસેલ્ફ અર્થાત્ आत्मवत् सर्वभूतेषु. ભોગ કરવાથી આત્માનું શોષણ થાય છે, જ્યારે તેનો ત્યાગ કરવાથી આત્માનું પોષણ થાય છે.

● દિવસે જનસંપર્ક, સૃષ્ટિસંપર્ક થાય અને રાત્રે આત્મસંપર્ક, ચિત્ત સંપર્ક.

● ધર્મ આત્માનો વિષય છે, જેનો પ્રચાર ચિંતન, જ્ઞાન, તપશ્ચર્યા, અનુભવથી થાય છે.

● આત્મા બધા છે પણ આત્મવાન તો કોઈ એકાદ જ.

વાંચન થાળ

■ **જગદીશ પટેલ,** એ/૮૦૩, એવરેસ્ટ ટ્રીનીટી, કેનાલ રોડ, ભાયલી, વડોદરા – ૩૯૧૪૧૦. મો.: ૯૪૨૬૪૮૬૮૫૫

○ આનંદગંગા – રમેશ પટેલ 'પ્રેમોર્મિ'.

પુસ્તક કવિતા સંગ્રહનું છે. ડાબા પાન પર જાણીતા સંતો, કવિઓની કવિતા છે. સામે પાને જમણી બાજુ રમેશભાઈ પટેલની રચના, જે પ્રત્યેક કવિતાની ભાવના સાથે મળતી આવતી હોય તે મૂકી છે. એની નીચે ગુજરાતીમાં એનું રસદર્શન કરાવ્યું છે. રસદર્શન અંગ્રેજી તેમજ હિંદીમાં પણ આપેલું છે.

શ્રી બળવંતભાઈ જાનીએ ૨૦ પાનાંમાં શ્રી રમેશભાઈના સમગ્ર જીવન પર નજર નાંખીને લાંબો પરિચય લખ્યો છે. પુસ્તકનો રસાસ્વાદ પણ કરાવ્યો છે. પુસ્તકનાં ૨૨૬ પાનાંમાં સંતોની રચનાઓ છે, નર્મદ, નરસિંહરાવ દિવેટિયા, બોટાદકર, કલાપી, ન્હાનાલાલ, ટાગોર, મેઘાણી, સુંદરજી બેટાઈ, રામનારાયણ પાઠક, કરસનદાસ માણેક, સ્નેહ રશ્મિ, સુંદરમ્, ઉમાશંકર, મકરંદ દવે, નિરંજન ભગત, રમેશ પારેખ, રાજેન્દ્ર શુક્લ તેમજ અન્ય કવિઓની રચના પુસ્તકમાં આપી છે. આ એક અનોખું પુસ્તક છે. રમેશભાઈ આપણા કર્મશીલ જગદીશભાઈના મોટા ભાઈ થાય. રમેશભાઈના અવસાનનાં સાડા ત્રણ વર્ષ બાદ આ પુસ્તક પ્રગટ કરવામાં આવ્યું. રમેશભાઈએ વર્ષ ૨૦૨૧માં દેહ છોડ્યો. જો તેઓ પુસ્તકને જોઈ શક્યા હોત તો 'આનંદગંગા'માં સૌને પ્રેમપૂર્વક ડૂબકી લગાવવા આમંત્રણ આપી શક્યા હોત. શ્રી જગદીશભાઈએ પુસ્તક પ્રકાશનનું કામ કરીને મોટા ભાઈને યોગ્ય અંજલિ આપી છે.

■ **કૃષ્ણકાંત પંડ્યા,** એ-૧, યુનિવર્સિટી સ્ટાફ કોલોની, વલ્લભ વિદ્યાનગર-૩૮૮૧૨૦. જિ.આણંદ.



○ સોમવારની સાંજે – કૃષ્ણકાંત પંડ્યા, કિંમત-સદ્ભાવના.

લેખકે અભ્યાસવર્તુળ સમક્ષ આપેલા વાર્તાલાપોનું આ પુસ્તક છે. ૨૫ જેટલાં પ્રવચનોમાં વિવિધ વિષયોને આવરી લીધા છે. ઉમાશંકર જોશી, અમૃતાપ્રિતમ, નહેરુ, ગાંધીજી, ગાંધારી વગેરેનાં જીવન ચરિત્રોના લેખો છે. ધર્મ, યોગ, વિજ્ઞાન જેવા વિષયો પણ આવરી લીધા છે. લેખો અભ્યાસપૂર્ણ છે.

■ **નવજીવન પ્રકાશન મંદિર,** પો.ઓ. નવજીવન, ગુજરાત વિદ્યાપીઠ પાછળ, અમદાવાદ-૧૪. ફોન : ૦૭૯-૨૭૫૪૦૬૩૫.

○ ગાંધીવિચાર મંજૂષા – ડૉ. ભરત જોષી, પાર્થ મહાબાહુ.



ભરતભાઈએ ૧૫ જેટલા લેખોમાં ગાંધીદર્શનને સમાવવા પ્રયત્ન કર્યો છે. શ્રી નારાયણભાઈ, ગોવિંદભાઈ રાવલ, સુદર્શનભાઈએ લેખકને સારી એવી હૂંફ, પ્રેરણા, માર્ગદર્શન આપ્યાં છે.

ગાંધી દર્શનના અભ્યાસુ માટે ઉપયોગી પુસ્તક છે.

– રશાંસ

YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

કાન્તિ શાહ

આસુરી વૃત્તિનું સાક્ષાત્ સ્વરૂપ

અમેરિકાનું આજનું રાજતંત્ર-૧

ગીતામાં આસુરી વૃત્તિ તરીકે દંભ, દર્પ, અભિમાન, ક્રોધ, કઠોરતા અને અજ્ઞાન ગણાવાયાં છે. અને આસુરી વૃત્તિવાળાનાં લક્ષણો વર્ણવતાં કહ્યું છે : આજે મેં આ મેળવ્યું, આ મનોરથ હવે પૂરો કરીશ; આટલું ધન મારી પાસે છે, વળી કાલે આટલું બીજું મારું થશે; આ શત્રુને તો માર્યો, બીજાઓને પણ મારીશ; હું સર્વસંપન્ન છું, ભોગી છું, સિદ્ધ છું, બળવાન છું, સુખી છું; હું શ્રીમંત છું, કુલીન છું, મારા જેવો બીજો કોણ છે ?

'ગીતા-પ્રવચનો'માં વિનોબાએ આ જ વાતને આ રીતે મૂકી છે : અમારી સભ્યાતા જ દુનિયામાં સૌથી ચડિયાતી છે. દુનિયા આખી ઉપર તે છવાઈ જવી જોઈએ. જેમ અમારી સભ્યતા સુંદર છે, તેમ દુનિયામાંની બધીયે સંપત્તિ મેળવવાને લાયક પણ અમે જ છીએ, અને અમે તે મેળવીશું જ. દુનિયા આખીની સાધન-સંપત્તિ ઉપર અમારું આધિપત્ય રહેવું જોઈએ. તે માટે બધી સત્તા અમારા હાથમાં હોવી જોઈએ. તમામ દુનિયા અમારા નિયંત્રણ હેઠળ રહેવી જોઈએ. ટૂંકમાં, અસુરોના ચરિત્રનો સાર સત્તા, સંપત્તિ અને સભ્યતા – એ ત્રણ વાતોમાં સમાઈ જાય છે. આસુરી વ્યક્તિ શું કે એવી વ્યક્તિઓનાં બનેલાં સામ્રાજ્યો શું, એમને આ ત્રણ ચીજો જોઈએ.

– આ બધાં જ આસુરી લક્ષણો આજે અમેરિકાના રાજતંત્રમાં દેખાઈ રહ્યાં છે. આ લક્ષણોનું ચોક્કસ હકીકતો, તથ્યો ને આંકડાઓ સાથેનું વાસ્તવિક વિશ્લેષણ પતવંતસિંહના નવા પુસ્તકમાં ('The World according to Washington - 'An Asian View' by Patwant Singh, Pages 224, Rs. 395, Rupa & Co. 7/16 Ansari Road, Daryaganj, New Delhi. 110002) મળે છે. પતવંતસિંહ એક જાણીતા લેખક છે તથા પશ્ચિમના દેશો વિશે એશિયાના લોકોના દષ્ટિકોણની અધિકૃત રજૂઆત માટે જાણીતા છે. આ અગાઉ એમનાં બે પુસ્તકો આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે ટોચના ગણાય એવા બે પ્રકાશકો દ્વારા પ્રકાશિત થયેલાં છે. આ પુસ્તક પણ ભારતમાં રૂપા એન્ડ કાં. દ્વારા અને વિદેશમાં 'અન્ડરસ્ટેન્ડિંગ ગ્લોબલ ઇસ્યૂ લિ.' દ્વારા એક સાથે પ્રકાશિત થયું છે. ૧૯૫૭ થી ૧૯૮૮ સુધી એમણે 'Design' નામના સુપ્રસિદ્ધ મેગેઝિનનું સંપાદન પણ કરેલું.

આ પુસ્તક અમેરિકાની ઊંધું ઘાલીને નિંદા કરનારું કે તેની સામે કાદવ ઉછાળનારું પુસ્તક નથી, પણ બીજા વિશ્વયુદ્ધ પછીના અમેરિકન રાજ્યતંત્રના વહેવાર-વર્તનની વિગતવાર તથ્યો સાથે આલોચના કરનારું તથા અકાટ્ય તર્ક સાથે તારણો રજૂ કરનારું પુસ્તક છે. પોતાના દરેક કથન માટે એમણે આધારો ને સ્રોતોનો અવશ્ય ઉલ્લેખ કર્યો છે તેમ જ દસ્તાવેજી પુરાવા પણ રજૂ કર્યા છે. અમેરિકાની સરકારે દુનિયા આખી ઉપર પોતાનું જડબેસલાક આધિપત્ય જમાવી દેવાની જે કોશિશ છેલ્લાં ૫૫ વરસમાં કરી છે, તેનો ઇતિહાસ, તેનું વિશ્લેષણ તથા એશિયાના દેશોએ તેમ જ પ્રજાએ તેનાં ખમવાં પડેલાં ભયાનક પરિણામોનું વસ્તુનિષ્ઠ વિવરણ આ પુસ્તકમાં મળે છે.



લેખક આરંભમાં જ કહે છે કે બધે પોતાનું આધિપત્ય જમાવી દેવાની ધખનામાં અમેરિકાના રાજકર્તાઓએ એશિયાની ધરતી ઉપર જે લશ્કરી કારવાઈઓ છેલ્લાં ૫૫ વરસમાં કરી છે, તેને લીધે સીધી ને આડકતરી રીતે એક કરોડ માણસો મૉતના મોંમાં ધકેલાયા છે. આ આંકડો એમનેમ ઢીલીઢાલી ગણતરીથી કે અંદાજથી આપી દેવાયો નથી. લેખકે આ અંગે લખાયેલાં અનેક સંશોધનાત્મક પુસ્તકોનો ને લેખોનો આધાર લીધો છે. તેમાં અત્યંત આધારભૂત એવાં ત્રણ પુસ્તકોનો ખાસ ઉલ્લેખ પણ કર્યો છે. (Rogue State, Korea : The unkown War, Historical Atlas of the Twentieth Century).

જુદા જુદા દેશોમાં થયેલ ખુવારી આ મુજબ છે –

વિયેતનામ	૧૯૪૫-૭૩	૩૮ લાખ
કોરિયા	૧૯૫૦-૫૩	૩ લાખ
ઇરાન	૧૯૫૩	૧૦ હજાર
કમ્બોડિયા	૧૯૫૫-૭૩	૧૪ લાખ
લાઓસ	૧૯૫૭-૭૩	૩ લાખ ૫૦ હજાર
ઇન્ડોનેશિયા	૧૯૬૫	૧૦ લાખ
ફિલિપાઇન્સ	૧૯૭૦-૯૦	૧ લાખ ૭૫ હજાર
અફઘાનિસ્તાન	૧૯૭૯-૯૨	૧૫ લાખ
ઇરાક	૧૯૯૦-૨૦૦૪	૧૬ લાખ ૭૮ હજાર
		કુલ ૧ કરોડ ૨ લાખ ૧૩ હજાર

અમેરિકન સરકાર દુનિયાભરની તેલ, ગેસ, ખનિજ વગેરે કુદરતી સાધન-સંપત્તિ ઉપર પોતાનો કબજો જમાવવા માગે છે. તે માટે તેને બધે પોતાનું આધિપત્ય જમાવવું છે. પોતાનો રાજકીય, આર્થિક, સામાજિક, સાંસ્કૃતિક પ્રભાવ તે દુનિયાભરમાં ફેલાવવા માગે છે. પોતાની રાજ્યપદ્ધતિ માણસની અબાધિત સ્વતંત્રતાને વરેલી છે, અને તેથી દુનિયામાં બધે તેની સ્થાપના થાય તે જોવાનું પોતાનું કર્તવ્ય છે, એમ તે માને છે. અમેરિકન સભ્યતા જ શ્રેષ્ઠ છે. અને તેથી તેની આણ સર્વત્ર પ્રવર્તી જવી જોઈએ. –આ બધું કરવા માટે અમેરિકાના રાજકર્તાઓ ગમે તે હદ સુધી જવા તૈયાર છે. આ માટે લશ્કર મોકલવું પડે, યુદ્ધો કરવાં પડે, અન્ય દેશોની આંતરિક બાબતોમાં દખલ દેવી પડે, ત્યાં અમેરિકાનાં હિતોની તેમ જ અમેરિકાના આ વિશ્વ-વિજય અભિયાનની આડે આવતાં શાસકોને તેમ જ અન્ય સર્વ પરિબળોને ગમે તેમ કરીને દૂર કરવાં પડે. અમેરિકાના રાજકર્તાઓએ આ બધું કરવાનું પોતાનું મિશન માન્યું છે.

શરૂઆત કોરિયાથી થઈ. પણ ત્યાં આધિપત્ય જમાવવા જતાં સામ્યવાદી રશિયાનો સામનો કરવો પડ્યો. જાનમાલની ભારે ખાનાખરાબી વચ્ચે કોરિયાના બે ભાગલા પાડવામાં આવ્યા. ઉત્તર કોરિયા સામ્યવાદી વર્ચસ્વ હેઠળ રહ્યું અને દક્ષિણ કોરિયા અમેરિકાના વર્ચસ્વ હેઠળ. એક જ દેશની અને એક જ સંસ્કૃતિ ધરાવતી પ્રજા બે ભાગમાં

YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

વહેંચાઈ ગઈ. સત્તાની આ મહામારીમાં ત્રણ લાખ લોકોનો ભોગ લેવાયો.

સત્તાની આ સાઠમારીએ વિયેતનામમાં અત્યંત ભયંકર સ્વરૂપ પકડ્યું. વરસો સુધી ખૂનખાર લડાઈઓ ચાલી. અમેરિકાએ ત્યાં અમાનુષી લશ્કરી સીતમ ગુજાર્યો. ૧૯૬૫ થી ૧૯૭૧ સુધીનાં છ વરસમાં અમેરિકાના લશ્કરે વિયેતનામની ધરતી ઉપર ૨૧ અબજ રતલ દારૂગોળા તેમ જ યુદ્ધ સામગ્રીની વર્ષા કરી. એટલે કે એકર દીઠ ૪૯૭ રતલ અને દેશના દરેક માણસ દીઠ ૧૨૧૫ રતલ ! નાપામ બોમ્બ, ડાયોક્સીન વગેરે અત્યંત કાતિલ ઝેરી સામગ્રીનો ધૂમ ઉપયોગ થયો. વનસ્પતિ-સૃષ્ટિનો સંપૂર્ણ ખાતમો બોલાવતો અને માનવ-શરીર પર આનુવાંશિક સહિત જાતજાતની વિઘાતક અસરો કરતો 'એજન્ટ ઓરેન્જ'નો કિસ્સો ઘણો નામચીન છે.

આ બધાંની પાછળ કેવું આસુરી માનસ કામ કરી રહ્યું હતું તેનો ખ્યાલ આપવા લેખકે તે વખતના અમેરિકન વાયુદળના નાયબ સચિવ એવા ટાઉનસેન્ડ હૂપ્સનું એક કથન ટાંક્યું છે : ''આપણા જેવા ધનવાન, જીવનને ચાહનારા અને કષ્ટથી ડરનારા સુસભ્ય લોકોને આવું જ કરવું પડે ને ! બીજો ઉપાય શો ? સુખ, સંપત્તિ ને સત્તાની મહત્ત્વાકાંક્ષાઓ કેટલી ઊંચી છે, તેનો ખ્યાલ એશિયાના ગરીબ કંગાળ લોકોને ક્યાંથી આવે ? એમને તો સંઘર્ષ, કષ્ટ, મૃત્યુમાં જ રસ પડે છે ! આને લીધે તેઓ આપણને એમનો જાતિ-સંહાર કરવાની ફરજ પાડે છે. એશિયાની અસંખ્ય ને અનંત માનવશક્તિનો જવાબ આપણને આવી અભૂતપૂર્વ લશ્કરી કામગીરીમાં મળી ગયો છે.''

જ્યારે પ્રમુખ જોહ્નસન ૧૯૬૫ના એક ભાષણમાં દુનિયાને કહી રહ્યા હતા : ''ઇતિહાસે અને આપણી પોતાની સિદ્ધિઓએ આ પૃથ્વી ઉપર સ્વતંત્રતાની રક્ષા કરવાની મુખ્ય જવાબદારી આપણા માથે નાખી છે.''

સ્વતંત્રતાની રક્ષા કરવાના અંચળા હેઠળ સત્તા-સંપત્તિના ભૂખ્યા અને કહેવાતી સભ્યતાના વિકૃત આસુરી માનસે વિયેતનામમાં ૩૮ લાખ લોકોનો ભોગ લીધો ! આ જ માનસને કારણે લાઓસ - કમ્બોડિયામાં બીજા ૧૭ લાખ લોકો પણ મૉતના મુખમાં ભરખાયા.

લાઓસ ને કમ્બોડિયા બે તટસ્થ દેશો હતા અને એમને વિયેતનામમાંની સત્તાની સાઠમારી સાથે કશું લાગતું વળગતું નહોતું, એમનો કોઈ ગુનો હોય તો તે એટલો જ કે ભૌગોલિક રીતે આ બંને દેશો વિયેતનામની પડોશમાં આવેલા હતા. વિયેતનામમાંથી ભાગેલા દુશ્મનો સરહદ ઓળંગી આ બે દેશોમાં આશરો લઈ રહ્યા છે અને આ બે દેશો એમને મદદ કરી રહ્યા છે, એવી આશંકા હેઠળ અમેરિકન લશ્કરે લાઓસ ને કમ્બોડિયા ઉપર પણ બેસુમાર બૉમ્બમારો કર્યો.

લાઓસ ઉપર અમેરિકન સેનાએ ૩૦ લાખ ટન બૉમ્બ ઝીંક્યા, એટલે કે ત્યાંની વસ્તીના દરેક માણસ દીઠ એક ટન બૉમ્બ ! આમાં જાતજાતનાં વિઘાતક ઝેરી રસાયણોનોય સમાવેશ થતો હતો. સંપૂર્ણ વનસ્પતિ-સૃષ્ટિનો નાશ કરી નાખે એવાં રસાયણો પણ તેમાં હતાં. સાત લાખ ખેડૂતોએ પોતાની જમીન અને ઘરબાર છોડીને ભાગી જવું પડ્યું. દેશમાંની નહેરોનું માળખું નષ્ટ-ભ્રષ્ટ થઈ ગયું. ખેતરોમાં બૉમ્બમારાને કારણે મોટા-મોટા ખાડા પડી ગયા હતા. હજારો ઢોરો નાશ પામ્યાં હતાં. એક જિલ્લામાં બૉમ્બમારા પહેલાં ૮૩ હજાર બળદો હતા, તેમાંથી હવે માત્ર ૨૫૦ જ બચ્યા હતા. ખેડૂતોએ જાતે જોતરાઈને ખેતર ખેડવું પડતું હતું. આ ઘાતકી બૉમ્બમારાએ લાઓસની અડધી કરતાં વધારે ધરતીને બાળીને કોલસામાં પલટી નાખી હતી.

આ બંને દેશો આ રીતે ખેદાન-મેદાન થઈ ગયા. કમ્બોડિયા તો દસ વરસ સુધી ભીષણ આંતરયુદ્ધમાં સપડાયું. ૧૯૭૦માં અમેરિકાએ ત્યાંના પોતાને અણગમતા એવા પ્રિન્સ સિંહાનુકને સત્તામાંથી ઊથલાવી નાખી પોતાના પીઠ્ઠુ એવા એક સરમુખત્યારને ગાદીએ બેસાડ્યો હતો. તે ભારે ભ્રષ્ટાચારી, જુલમી અને બિન-કાર્યક્ષમ હતો. આ આંતરયુદ્ધમાંયે વીસેક લાખ લોકો માર્યા ગયા. પ્રજા ઉપર અવર્ણનીય અત્યાચારો થયા. લાખો નિરાશ્રિત બન્યા. તે વખતના એક નિરીક્ષકે નોંધ્યું છે તેમ - ''કમ્બોડિયા તો એક શાંતિનો ટાપુ હતો. પણ ત્યાં આજે કોઈના મોઢા ઉપર હાસ્ય ફરકતું સુધ્ધાં નથી. કમ્બોડિયાની ધરતી આજે લોહીથી ને આંસુથી લથબથ થઈ ગઈ છે. આજે કમ્બોડિયા પૃથ્વી ઉપરનું નરક છે.''

પ્રમુખ જોહ્નસને જાહેર કરેલું કે ઇન્ડો-ચાયનામાંની અમેરિકાની વિદેશનીતિનું ધ્યેય ત્યાંની પ્રજા પોતાના દેશને પોતાની રીતે આગળ વધારે, તે જોવાનું છે. આ જાહેરાત બાદ પંદર વરસમાં અમેરિકાની રીતિ-નીતિને કારણે આ વિસ્તારની આવી હાલત થઈ ગઈ હતી !

લેખક પતવંતસિંહ કહે છે કે આ એક પ્રકારનો આતંકવાદ જ છે. પરંતુ તેના ઉપર લોકશાહી, ન્યાય અને સ્વતંત્રતાના સિદ્ધાંતોની રક્ષા કરવી છે એવી પવિત્ર જેહાદની ભભૂત લાગેલી હોવાથી બહુ થોડાને તેનું અસલી આતંકવાદી સ્વરૂપ દેખા દે છે. પરંતુ ન્યૂયોર્કના ટ્વીન ટાવર્સમાં નિર્દોષોની નિષ્ઠુર હત્યા કરવા કરતાં આ જરીકે જુદું નથી. માનવ-જીવન પ્રત્યે નિર્મમ લાપરવાહી ને અવજ્ઞા જ બંનેમાં જણાય છે.

અમેરિકન રાજતંત્રે આવું જ ફરી અફઘાનિસ્તાન અને ઇરાકમાં કર્યું. તેમ કરતાં તેને લગીરે નૈતિક ખટકો ન લાગ્યો. ૨૦૦૨માં અફઘાનિસ્તાન ઉપર અમેરિકન સેનાએ બૉમ્બમારો કરીને તે દેશના પ્રજાજીવનને નષ્ટભ્રષ્ટ કરી નાખ્યું. તેણે લાખો લોકોની જાનહાનિ તો કરી જ, પણ તે ઉપરાંત આખા દેશને વેરાન કરી મૂક્યો. સૈકાઓ જૂનાં તેનાં બોગદાં, ભૂગર્ભ માર્ગો, નહેરો, જળાશયો, ભૂગર્ભ જળસ્રોતો વગેરેનો બૉમ્બમારાથી વિનાશ થઈ ગયો. પહાડી વિસ્તારમાં આ બધું ભારે જહેમતથી જળ-પુરવઠો કાયમ મેળવવા માટે બાંધવામાં આવેલું. જ્યાં એક બાજુ ભારે બરફ અને બીજી બાજુ દુષ્કાળ જેવી વિષમ કુદરતી પરિસ્થિતિ પ્રવર્તે છે, ત્યાં તો આ બધું જીવન-મરણના સવાલ જેટલું મહત્ત્વનું છે. પણ આ બધાંનો અવિચારીપણે વિનાશ-વિનાશ કરી નખાયો ! અને તે એટલા વાસ્તે કે ''ઓસમાન બિન લાદેનને જીવતો કે મરેલો પકડી પાડવો છે.''

ફરી આવો જ કારો કેળ વરસાવ્યો ઇરાકની રાંક જનતા ઉપર. શા માટે ? તો કે ''સદ્દામ હુસેનને જીવતો કે મરેલો પકડી પાડવા માટે.'' અઠવાડિયાઓ સુધી ઇરાકની ધરતી ઉપર મૉત વરસ્યું. અને કેવું મૉત? વર્તમાનને જ નહીં, ભાવિનેય ભરખી જાય એવું ! ઇરાક ઉપર વરસાવાયેલ મૉતનાં શસ્ત્રાસ્ત્રોમાં 'ડિપ્લીટિડ યુરેનિયમ' (અણુ બૉમ્બ બનાવ્યા બાદ બાકી

YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

રહેલ યુરેનિયમ) પણ હતું. એ રેડિયોએક્ટિવ – કિરણોત્સર્ગી અણુ-કચરો છે, જે હજારો નહીં લાખો વરસો સુધી સચરાચર સૃષ્ટિ માટે અત્યંત વિઘાતક એવો કિરણોત્સર્ગ ફેલાવતો રહેવાનો છે. અસંખ્ય ઇરાકીઓ તેમ જ હજારો અમેરિકન સૈનિકો ખાડી યુદ્ધ દરમ્યાન તેનો ભોગ બનેલા છે.

અમેરિકાના અણુ વિજ્ઞાની લિયોનાર્ડ ડિટ્ઝ કહે છે : ''ડિપ્લીટિડ યુરેનિયમના વપરાશને કારણે આ ખાડી યુદ્ધ માનવજાતના ઇતિહાસમાં સૌથી વધારે ઝેરયુક્ત યુદ્ધ થયું છે.'' અમેરિકન સેનાના અંદાજ મુજબ ૧૪ હજાર આવા બૉમ્બ આ યુદ્ધમાં વપરાયેલા. બીજાં સંસાધનો મુજબ ૪૦ ટનથી લઈને ૩૦૦ ટન સુધીનાં આવાં શસ્ત્રાસ્ત્રો વપરાયેલાં. પેન્ટેગોને કબૂલ્યું છે કે ૩૨૦ ટન જેટલી (અન્ય અંદાજો મુજબ ૯૦૦ ટન જેટલી) ડિપ્લીટિડ યુરેનિયમની ધૂળ આજે ઇરાકની ધરતી પર વેરાયેલી પડી છે. ત્યાંની પ્રજાને આનાં કેટકેટલાં વિઘાતક પરિણામો ભોગવવાં પડશે ? અને આખીયે માનવજાત માટે તેમજ સમગ્ર જીવસૃષ્ટિ માટે પણ આ કેટલું બધું જોખમરૂપ છે !

આનાં વિઘાતક પરિણામોમાં જાતજાતનાં કૅન્સર, લ્યુકેમિયા, કિડની, શ્વાસોચ્છ્વાસ ને પેશાબને લગતી તકલીફો, વિકલાંગ ને વિકૃત બાળકો જન્મવાનાં જોખમ અને આરોગ્ય ઉપરની અનેકવિધ વિઘાતક અસરો વગેરે છે. અને આ બધાં પરિણામો ઇરાકમાં જણાવા પણ લાગ્યાં છે. યુનિસેફનો અંદાજ છે કે અગાઉના દસકામાં ઇરાકમાં જેટલાં બાળ-મરણો થયેલાં તેના કરતાં છેલ્લા દસકામાં પાંચ લાખ બાળકો વધુ મર્યાં છે.

બ્રિટનની એક મહિલા પત્રકાર ફેલિસિટી આર્બુથનોટે ઇરાકમાં ડિપ્લીટિડ યુરેનિયમે મચાવેલ હાહાકારનું આંખો દેખ્યું વર્ણન કર્યું છે : ''બસરામાં નવાં જન્મેલાં શિશુઓ મૉતના પંજા હેઠળ ઊછરતાં મેં જોયાં. આપણે કલ્પી ન શકીએ એવાં વિકૃત અંગ-ઉપાંગો વાળાં એ વિકલાંગ બાળકો હતાં. કોઈકના હાથ-પગ ચીમળાઈ ગયેલા કે વાંકા વળી ગયેલા, તો કોઈને હાથ-પગ જ નહીં કે આંખો જ નહીં કે મગજ જ નહીં, કે માથું જ નહીં ! ત્યાંના એક ડૉક્ટર જેનન હુસેને મને કહ્યું કે તમે જોઈને બેભાન ન થઈ જાઓ, તો હું તમને હમણાં જ કલાક પહેલાં જન્મેલું એક બચ્ચું બતાવું. મેં જોયું તો એ નવા બચ્ચાને ન આંખ હતી, ન નાક હતું, ન જીભ હતી, ન ભોજન-નલિકા હતી, ન જનનાંગ હતું. વાંકા વળી ગયેલા બે પગ જાડા માંસના લોચાથી જકડાયેલા હતા..... આવાં વિકૃત શરીરવાળાં બાળકો મેં અનેક જોયાં. હિરોશીમામાં અણુબૉમ્બ નાખ્યા બાદ શું થયું, તેનો અભ્યાસ મેં કર્યો છે. અહીં ઇરાકમાંયે મને બરાબર એવું જ જોવા મળ્યું.''

'સેન્ટ પીટર્સબર્ગ ટાઇમ્સ'ની સુસાન ટેયલરે પણ આવાં જ, મગજને સુન્ન કરી મૂકે એવાં વર્ણન કર્યાં છે : ''કોઈને મોટી રાક્ષસી આંખ, કોઈને સમૂળગો ચહેરો જ નહીં, કોઈને નાકની જગ્યાએ નર્યું બાકોરું, કોઈને પૂંછડી, કોઈને હાથના બે પંજા. ....આ માનવ-બાળ છે એવાં લાગે જ નહીં. માણસે પોતાના માનવ-બંધુ સાથે આ શું કરી મૂક્યું ! માણસની આ માણસાઈ ??''

ઇરાકમાં ઠેરઠેરથી આવું જ જાણવા મળે છે. ડૉ. હુસેન કહે છે : ''વરસો સુધી આવાં તો વધુ ને વધુ બાળકો જન્મતાં રહેશે. ડિપ્લીટિડ યુરેનિયમ ભારે વિઘાતક કિરણોત્સર્ગી છે, અને બસરાને તો તેનાથી બિલકુલ તરબોળ કરી મુકાયું છે. આ એક ઘોર અપરાધ છે. અમારાં બાળકોનો શું ગુનો કે એમને આવું ભોગવવું પડે !!''

આ આખીયે માનવજાત માટે ઘોર અપરાધ છે. આજે વધુ ને વધુ દેશો શસ્ત્રાસ્ત્રોમાં ડિપ્લીટિડ યુરેનિયમનો ઉપયોગ કરી રહ્યા છે. આ અતિશય વિઘાતક એવા કિરણોત્સર્ગી કચરાને સાચવી રાખવાનું ઘણું અઘરું છે અને ખૂબ મોંઘુંયે છે. એટલે તે બીજાને પધરાવી દેવાની અને ક્યારેક તો સાવ મફતમાં આપી દેવાની પેરવીમાં ઘણી સરકારો હોય છે. આજે અમેરિકા ને બ્રિટન બંનેની સરકારો શસ્ત્રાસ્ત્રો બનાવતાં પોતાનાં મોટાં કારખાનાંઓને ડિપ્લીટિડ યુરેયિનમ પૂરું પાડે છે તથા એ કારખાનાંઓ યુરેનિયમયુક્ત શસ્ત્રાસ્ત્રો વિપુલ માત્રામાં બનાવી રહ્યાં છે. આનો પ્રસાર અન્ય દેશોમાંયે થઈ રહ્યો હોય એમ જણાય છે. આમ, આ સમસ્યા ઇરાકના યુદ્ધ પૂરતી સીમિત નથી, પણ આને લીધે આખીયે માનવજાતને માથે ભારે મોટું જોખમ તોળાઈ રહ્યું છે. સીધું અણુયુદ્ધ ન પણ થાય તોયે પરંપરાગત શસ્ત્રાસ્ત્રો યુરેનિયમયુક્ત બનતાં જતાં ભારે મોટું જોખમ આજે દુનિયાને માથે તોળાઈ રહ્યું છે.

માનવ-જીવન પ્રત્યેની નરી અવહેલના ને અવજ્ઞામાંથી આ બધું જન્મ્યું છે. માણસ જેવો માણસ જીવન પ્રત્યે, પોતાના માનવબંધુઓ પ્રત્યે આટલો બધો નિષ્ઠુર ને સંવેદનહીન કેમ બની શકતો હશે ? આટલા બધા અનર્ગળ માનવ-સંહાર માટે તે પ્રવૃત્ત કેમ બની શકતો હશે ? લેખક નાઝી જર્મનીએ કરેલા લાખો યહુદીઓના સંહારને યાદ કરીને કહે છે કે આજે અમેરિકાએ તેના કરતાં ઘણો વધારે માનવ-સંહાર સાવ ટાઢે પેટે એશિયામાં કર્યો છે. આપણે જોયું તેમ તે આંકડો એક કરોડને વટાવી ગયો છે. આવું કેમ થતું હશે ?

આ અંગે નાઝીઓનાં ઘોર કૃત્યો બાબત થયેલાં સંશોધનોને ટાંકીને લેખક કહે છે કે નજરોનજર પોતાના હાથે માણસની હત્યા કરવાને બદલે ઘણી ઊંચી ટેકનોલોજીનો આશરો લઈને ગેસ ચેમ્બરમાં લાખો માણસોનો ખાતમો બોલાવી દેવાથી માણસ મરનાર માણસ પ્રત્યે તાદાત્મ્યભાવ અનુભવવામાંથી બચી જાય છે. એક માણસના બીજા માણસ પ્રત્યેના સહજ માનવીય સંવેદનમાંથી બચી જાય છે. મરનાર પોતાની આંખોથી દૂર એક આંકડા માત્ર બની જાય છે. એટલે માનવ-સંહારનો બોજ એના માથેથી હઠી જાય છે.

લેખક કહે છે કે, આજે કંઈક આવું જ થયું છે. ટેકનોલોજી આગળ ને આગળ વધતી જાય છે અને મનાવ-સંહારનાં કાતિલ ને કાતિલ શાસ્ત્રાસ્ત્રો બનાવતી જાય છે. અમેરિકામાં આજે એક કાયમનું યુદ્ધ-અર્થતંત્ર ઊભું થઈ ગયું છે. શસ્ત્રાસ્ત્રો બનાવતાં કારખાનાં અમેરિકાના અર્થતંત્રમાં મોખરે છે અને અમેરિકન અર્થતંત્રનો પ્રાણ છે. એમને અમેરિકાના રાજતંત્રનો પૂરો ટેકો છે. અબજો ડોલર શસ્ત્રાસ્ત્રો પાછળ ખરચાઈ રહ્યા છે. આ બધું જ દુનિયા આખી ઉપર પોતાનું આધિપત્ય જમાવવાની આસુરી ધખનામાંથી થઈ રહ્યું છે.

(વધુ આવતા અંકે....)

YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org



ડૉ. પંકજ જોષીની નજરે વિજ્ઞાન અને અધ્યાત્મ - ૪

આ લેખમાળામાં આપણે શ્રી પંકજભાઈના પુસ્તક 'જ્ઞાની અને વિજ્ઞાની' આસપાસ કેટલીક વાતો કરી. પંકજભાઈએ નવનીત સમર્પણના ઑક્ટોબર ૨૦૨૫ના દીપોત્સવી વિશેષાંકથી 'વિજ્ઞાન અને અધ્યાત્મ' નામે લેખમાળા ચાલુ કરી છે, તેના પર હવે નજર નાંખીશું.

■ ધર્મ અને વિજ્ઞાનનો સમન્વય

પ્રારંભમાં વિજ્ઞાન અથવા કોઈ પણ કાર્યમાં પરિણામ લાવવા માટે એકાગ્રતા-ધ્યાન - ધારણા-સમાધિ સુધીની અવસ્થા સુધી પહોંચવાની વાત કરે છે. ધર્મ અને વિજ્ઞાન બંને મહાન શક્તિઓ છે. પરંતુ તેમની વચ્ચે સમન્વયનો અભાવ છે. અધ્યાત્મમાં પણ વિજ્ઞાન છે અને વિજ્ઞાનમાં પણ ઉત્તમ અધ્યાત્મ સમાયેલું છે. આ બંને મહાશક્તિનો સમન્વય સધાય તો માનવજાતિ સાચા સુખ અને શાંતિના માર્ગે ગતિ કરી શકે છે.

સ્વામી વિવેકાનંદ, વિનોબા ભાવે, મકરંદ દવે, વિમલાતાઈ અને અન્ય મહાપુરુષોએ તેમજ મોટા વિજ્ઞાનીઓ જેવા કે આલ્બર્ટ આઇન્સ્ટાઇન, ઇરવિન શ્રોડીંગર, વર્નર હાઈઝેન બર્ગ વગેરેએ આ દિશામાં સમાજ સમક્ષ તેમનું ચિંતન રજૂ કર્યું છે. તે બધાનું કહેવું છે, ધર્મયુક્ત વિજ્ઞાન અને વિજ્ઞાનયુક્ત ધર્મ એ આજના સમયની માંગ છે. વિનોબાજી કહેતા હતા-

ધર્મ વિનાનું વિજ્ઞાન પાંગળું છે અને વિજ્ઞાન વિનાનો ધર્મ આંધળો છે. વિજ્ઞાન અને આધ્યાત્મિકતા એકબીજાના પૂરક છે, તેમના સમન્વય દ્વારા જ પૃથ્વી પર સ્વર્ગ ઊતરશે.

■ યુવાનોની મૂંઝવણ

આજના યુવાનોમાં જીવનનાં મૂળભૂત મૂલ્યો, ધર્મ અને અધ્યાત્મને વૈજ્ઞાનિક માધ્યમોથી સમજવાની ભારે તરસ છે. મોટાભાગના વિજ્ઞાનીઓ પાસે અધ્યાત્મની પૃષ્ઠ ભૂમિકા હોતી નથી, તે જ રીતે અધ્યાત્મમાં પણ વિજ્ઞાનની ભૂમિકા અથવા જાણકારી ધરાવનારા ઓછા જ હોય છે. આધુનિક વિજ્ઞાન ટેકનોલોજીના વિકાસ દ્વારા યુદ્ધ માટેની સામગ્રી બનાવવામાં, તેમજ કહેવાતા વિકાસનાં માળખાં ઊભાં કરવામાં લાગેલું રહે છે. અધ્યાત્મની કાચી પાકી સમજવાળા ધાર્મિક વિધિઓ અને અંધશ્રદ્ધાને પોષવામાં લાગેલા રહે છે. આના કારણે સમાજમાં અજ્ઞાન ફેલાય છે. યુવા વર્ગને ધર્મ માટે કે અધ્યાત્મને સમજવા માટે રુચિ થતી નથી.

વિજ્ઞાન આજે જૈવિક શસ્ત્રો, એટમ બોમ્બ, અણુઊર્જા, AI વિશ્વમાં વિનાશ સર્જી શકે તેવાં સાધનો વિકસાવવામાં લાગેલું રહે છે.

ભૂતકાળમાં આપણે પરમાણુ બૉમ્બના વિસ્ફોટ દ્વારા લાખો લોકોને મૉતને ઘાટ ઉતાર્યા છે. AI - આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સનાં ભય સ્થાનો સામે જાગી જવાની જરૂર છે. તાજેતરમાં યુનોએ AI તથા તેના ઉપયોગથી સર્જાતાં યુદ્ધનાં સાધનો માનવજાતિ માટે વિનાશ સર્જી શકે છે તેને અટકાવવા એક વિશ્વકક્ષાની સ્થાયી સંસ્થા રચવાની ભલામણ કરી છે.

■ સંશોધન સંસ્થા પાસેથી અપેક્ષા

આવા માહોલમાં આજે આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે 'ક્વોન્ટમ ફિઝિક્સ' અને 'કોન્સિયસનેસ' જેવા વિષયોનો અભ્યાસ જરૂરી છે. કોન્ટમફિઝિક્સ અણુ પરમાણુ અને સૂક્ષ્મ જગતનું વિજ્ઞાન છે, જ્યારે કોન્સિયસનેસ ચૈતન્ય શક્તિના વિવિધ આયામોને સ્પર્શે છે અને તે અંગે વિચારે છે.

પંકજભાઈ કહે છે, વિશ્વકક્ષાની હાવર્ડ, કેલટેક જેવી સંશોધન સંસ્થાઓમાં વિજ્ઞાન અને કોસ્મોલોજીના સંશોધન ઉપરાંત ભારતીય પરંપરાનાં ઉત્તમ તત્ત્વોનો અભ્યાસ પણ થવો જોઈએ. મન, બુદ્ધિ તથા ચિત્ત એટલે કે કોન્સિયસનેસ વિષે ઊંડું ચિંતન ભારતીય પરંપરામાં થયેલું છે.

કોસ્મોલોજી એટલે વિશ્વનું વિજ્ઞાન અને કોન્સિયસનેસ એટલે કે ચેતનાનું વિજ્ઞાન, આ બંનેને સર્વગ્રાહી, એકીકૃત રીતે સંશોધનમાં જોડીએ તો જ વિજ્ઞાન અને અધ્યાત્મના સમન્વયની દિશામાં મહત્ત્વનું કાર્ય થઈ શકે છે. વિશ્વમાં માનવતાને ટકાવવા અને સંવર્ધિત કરવા માટે આ ખૂબ જરૂરી છે. સામાન્ય માણસને નજરમાં રાખીને આ માટે આયોજન થવું જોઈએ.

વિજ્ઞાન એટલે શું તે સમજવા માટે આલ્બર્ટ આઇન્સ્ટાઇન તથા મેક્સ પ્લાન્કની વાતોને સમજવી પડે. પ્લાન્કની ૬૦ વર્ષની ઉજવણી નિમિત્તે અનેક વિજ્ઞાનીઓ ભેગા થયા હતા. તેમાં આઇન્સ્ટાઇન પણ હાજર રહ્યા હતા. એક પછી એક વિજ્ઞાનીઓ પોતાના વક્તવ્યમાં પ્લાન્કની સફળતાનું રહસ્ય રજૂ કરતા રહ્યા.

- પ્લાન્ક સખત કામ કરનારા, રાત દિવસ જોયા વગર લાગેલા રહેતા હતા.

- તેમની વ્યવસ્થાશક્તિ અને મેનેજમેન્ટ સ્કિલ પાવરફૂલ હતી.

- આઇન્સ્ટાઇને કહ્યું, પ્લાન્ક કુદરતના મંદિરમાં ગયા. ત્યાં જઈને તેમણે પોતાની જાતનું પૂર્ણ સમર્પણ કર્યું ત્યારે તેમને પ્રકાશનું જે એક કિરણ અથવા નવી દૃષ્ટિ મળી, એ જ આપણી ક્વોન્ટમ થિયરી છે !

આઇન્સ્ટાઇનની આ વાતમાંથી શ્રદ્ધા, સમર્પણ તથા પોતાની જાતનું વિલીનીકરણ, આ બધાંનું વૈજ્ઞાનિક શોધમાં પણ કેટલું મહત્ત્વ છે તે સમજાય છે.

■ ખોટી ભ્રમણા : વિજ્ઞાન એટલે બુદ્ધિનો પ્રદેશ અને અધ્યાત્મ એટલે હૃદયનો પ્રદેશ

ઘણી વાર એવાં વિધાન સાંભળવા મળે છે કે અધ્યાત્મ કે ધર્મ એ તો બુદ્ધિથી પર છે. એ કદી બુદ્ધિમાં પકડાય નહીં. વિજ્ઞાન એટલે બુદ્ધિનો પ્રદેશ. પરંતુ આ વાત સાચી નથી. બુદ્ધિ અને અધ્યાત્મ આ બંનેનો સુંદર સુમેળ છે તે વાત ભારતીય પરંપરા તથા ઉપનિષદોમાં

YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

સમજાવવામાં આવી છે. ઉપનિષદ સમજાવે છે કે વિચાર અને પ્રશ્ન દ્વારા શ્રદ્ધાને દઢ કરવાની છે. દઢ અને સ્થિર શ્રદ્ધા સિવાય કોઈ કાર્યની સિદ્ધિ સંભવ નથી.

વિજ્ઞાન દ્વારા આપણે કુદરતના રહસ્ય, તેના સંચાલનના મૂળભૂત પાયાના નિયમો, તેની સૂક્ષ્મતા, મહાનતા આ સઘળાને જાણવું, સમજવું, વિચારવું અને માણવું તેનું નામ વિજ્ઞાન.

ધર્મ એટલે કર્મકાંડ નહીં. મંદિરોમાં જવું તેમ પણ નહીં. કોઈનાં પ્રવચનો સાંભળી લેવાં તેવું પણ નહીં. 'ધારયતિ ઇતિ ધર્મ'. જે માણસને વાસ્તવમાં ધારણ કરે છે, જીવનમાં તેને ટકાવી રાખે છે, તેને તેના પોતાના અસ્તિત્વ માટે આધાર આપે છે તેવાં મૂળભૂત અને પાયાનાં મૂલ્યો એ ધર્મ છે. ધર્મ એવાં સઘળાં મૂલ્યો છે જે આપણા સમગ્ર અસ્તિત્વનો પાયો બની રહે છે.

અધ્યાત્મ બે શબ્દો 'અધિ' અને 'આત્મ' પરથી ઊતરી આવ્યો છે. આત્મ એટલે પોતે. અધિ એટલે તેની ઉપર, તેની આસપાસ અથવા આજુબાજુ. અધ્યાત્મ એટલે માણસની પોતાની જાત અને તેની આજુબાજુનું પર્યાવરણ. માણસ ત્રણ અવસ્થામાં હોય છે. જાગ્રત, સ્વપ્ન (નિદ્રા) અને સુષુપ્તિ. આ બધામાં માણસને પોતાનું ભાન હોય છે.

■ ગોડ અને રિલિજીઅન

પશ્ચિમની દુનિયામાં ધર્મ જેવો શબ્દ નથી. ત્યાં માત્ર 'રિલિજીઅન' શબ્દ વપરાય છે. રિલિજીયન એટલે ચર્ચ, પાદરી અને બાઇબલ. ચર્ચ વિરુદ્ધ કંઈ બોલવાનું નહીં. બાઇબલનો વિરોધ પણ ન કરાય.

ગેલેલિયો તથા ન્યુટન જે વાત કરતા હતા તે બાઇબલમાં નહોતી. આના કારણે વિવાદ સર્જાયો. બાઇબલની ઘણી વાતો વિજ્ઞાનને ત્રાજવે ખરી ઊતરતી નથી. આની સામે 'ગોડ' જેવું કંઈ છે નહીં, તેમ કહેનારા વિજ્ઞાનીઓ પણ નીકળ્યા. પશ્ચિમના દેશોમાં પણ સ્વર્ગ અને નર્કની ચર્ચા ચાલતી હોય છે.

■ સમન્વય સેતુ

કેટલાકનું કહેવું છે, વિજ્ઞાનને તેનું કામ કરવા દો, અધ્યાત્મને તેનું કામ કરવા દો. સમન્વય શા માટે કરવો છે ? બંને પોતપોતાના અંતિમ છેડા પર બેસી જાય તેમાં સમાજનું ભલું ન થાય. મૂળમાં વિજ્ઞાનનો હેતુ માનવજાતિ માટે ઉપયોગી સાધનો-સગવડો ઊભી કરવાનો છે. પરંતુ સત્તાધારી કે ઉદ્યોગપતિના હાથમાં વિજ્ઞાન જાય ત્યારે શસ્ત્રો અને પૈસા બનાવવામાં તેનો ઉપયોગ થાય છે.

ફિઝિક્સ શબ્દ મૂળ ગ્રીક ધાતુ ફીઝીસ પરથી આવ્યો છે. તેનો અર્થ સૃષ્ટિનું કુદરતનું મૂળ તત્ત્વ તેવો થાય છે. પછી તેને સમજવાના પ્રયત્નને ફિઝિક્સ કહેવાયું. પરંતુ માહિતી અને જ્ઞાન જેમ જેમ વધતાં ગયાં તેમ તેમ નવાં નામો અને વર્ગીકરણ પણ થવા લાગ્યાં. જ્ઞાન-વિજ્ઞાનની અનેક શાખાઓ ખૂલતી ગઈ.

આજના નવા વિજ્ઞાનનો ઉદ્ભવ આજના સ્વરૂપે આશરે ત્રણસો વર્ષ પહેલાં યુરોપમાંથી શરૂ થયો. ત્યાં ધર્મ અથવા જેને 'રિલીજીઅન' કહેવાયો તેનો અર્થ એક જુદા સંકુચિત દાયરામાં લેવાતો હતો.

બાઇબલ પ્રમાણે સૃષ્ટિની ઉત્પત્તિની વાત હતી, જેમાં પૃથ્વી સમગ્ર બ્રહ્માંડના કેન્દ્રમાં ગણવામાં આવતી હતી. ગેલેલિઓ અને તે સમયના અન્ય વિજ્ઞાનીઓએ આ વાતનો વિરોધ કર્યો. આના કારણે ધર્મ અને વિજ્ઞાનની વચ્ચે એક મોટો સંઘર્ષ ઊભો થઈ ગયો. ગેલેલિયોને પાદરીઓએ જેલમાં પુરાવ્યા. તેમના પર કેસ ચલાવ્યો. આના કારણે ત્યાંના વિજ્ઞાનીઓ કહેવાતા ધર્મનો વિરોધ કરવા લાગ્યા.

પરંતુ આ બધી હવે જૂની વાત થઈ ગઈ. આજના નવા સમયમાં જ્યારે ક્વોન્ટમ ફિઝિક્સની શોધ થઈ ત્યારે ઈર્વિન શ્રોડિંજર, ડેવિડ બોહમ અને બીજા અનેક વિજ્ઞાનીઓએ તત્ત્વજ્ઞાનનો પણ અભ્યાસ કર્યો. તેમણે ક્વોન્ટમ ફિઝિક્સ જે કહી રહ્યું છે અને બતાવી રહ્યું છે તેની અને ભારતીય દર્શનની સમાનતાઓ ઇંગિત કરી.

પરંતુ ૧૯૩૦ના દાયકામાં જ્યારે આધુનિક ક્વોન્ટમ વિજ્ઞાન પરિપક્વતા પામ્યું તે વખતનાં વલણોને ભૂલીને તે પછીના વિજ્ઞાનીઓ અને ઇજનેરોએ તેમના જ્ઞાનનો ઉપયોગ અસ્ત્રશસ્ત્રનો વિકાસ કરવામાં અને નવા નવા ઉદ્યોગો ઊભા કરી ધનદોલત ભેગાં કરવામાં કર્યો.

■ થોડો પવન બદલાયો છે !

૨૦મી સદીના અંત સુધી કવોન્ટમ ફિઝિક્સની મૂળ અને પાયાની વાતો તરફ તો ઓછું ધ્યાન અપાયું પરંતુ ૨૧મી સદીના પહેલા બે દાયકાઓમાં ક્વોન્ટમ વિજ્ઞાનની પાયાની બાબતો વિશે વિજ્ઞાનીઓનું ધ્યાન હવે વિશેષ ખેંચાવા લાગ્યું છે. ક્વોન્ટમ કમ્પ્યુટીંગ વગેરે નવા આધુનિક આવિષ્કારો આજે આ દિશામાં એક એવી દૃષ્ટિ આપી રહ્યા છે કે જેથી વિજ્ઞાન અને અધ્યાત્મનો જે સ્વાભાવિક સમન્વય છે તે સામાન્ય જનને માટે પણ ઉજાગર થાય.

આવી જ રીતે આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ અથવા તો કૃત્રિમ બુદ્ધિમત્તા તથા વિશ્વવિજ્ઞાન એટલે કે કોસ્મોલોજીનાં ક્ષેત્રોમાં પણ એવી ક્રાંતિકારી શોધ અને નવી દૃષ્ટિ ઊભરી રહ્યાં છે જે 'ચૈતન્ય' એટલે ખરેખર શું, કોન્સિયસનેસ કોને કહેવાય, આ સઘળી વાત પર પહેલાં કદી નહોતો એવો પ્રકાશ ફેલાવી રહ્યાં છે.

આપણે વિશેષ સમજને સામાન્ય લોકો પાસે લઈ જવી પડશે. કેળવણીમાં તેને દાખલ કરવી પડશે. સત્તાધારીઓ તેમજ પૈસાવાળાઓ સુધી આ સંદેશો પહોંચાડવો પડશે.

આ અંગે આગળ ઉપર વિચાર કરીશું. **– રેવારજ**

वेद-शास्त्रादिकों का रहस्य सुलझ गया है, फलत: आत्माराम की पहचान पट गयी है । परिणाम-स्वरुप मोहजालरुप वासना, वासनाओं के अनेकविध आलंबन, वासनाओं में से निर्माण हो सकनेवाले आगामी देह, और कुल हृदय की सब ग्रंथियां एकदम ही टूट गयी हैं ।

'ज्ञानदेव चिंतनिका' में से **– ज्ञानदेव महाराज**

YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

■ A.I. નો ઉદયકાળ - પ્રશ્નો, પડકારો અને શંકાનાં વાદળો

પુસ્તક "State of India's Environment 2026'માં Rise of Artificial Intelligence અંગે રોહિણી કૃષ્ણમૂર્તિએ પોતાના લેખમાં સારી એવી છણાવટ કરી છે. આપણે તેના મહત્ત્વના મુદ્દા પર નજર નાંખીશું. આ લેખ સાથે આ અંકમાં આપેલ પર્યાવરણ પર એ.આઈ.ની અસર અંગેનો ચિંતન ભટ્ટનો લેખ પણ વાંચવા જેવો છે.

લાગે છે, વિશ્વ સામે હજુ એ.આઈ.ની સમગ્ર માયાજાળ સામે નથી આવી. તેના કેટલાક લલચાવે તેવા લાભો આપણને દેખાય છે, તેનો ઉપયોગ પણ આપણે કરતા થયા છીએ. સાથે સાથે કેટલાક લોકોને પોતાની નોકરીમાંથી હાથ ધોવાના દિવસો આવ્યા છે તે પણ આપણે જોઈ રહ્યા છીએ. એ.આઈ. કેટલાંક કામો માણસ કરતાં વધુ ઝડપે કરે છે. માણસને થાક લાગે છે, જ્યારે એ.આઈ.ને થાક લાગતો નથી. Chat GPT (Generative Pre-trained Transformer)નો ઉપયોગ આજે ઘણા લોકો કરતા થયા છે. એ.આઈ. વિજ્ઞાન આમ તો ૧૯૬૦ના કાળથી અસ્તિત્વ ધરાવે છે. પણ તે પછીના ગાળામાં તેમાં ઘણી પ્રગતિ થઈ છે. માઈક્રોસોફ્ટ, મેટા, ગુગલે પણ તે દિશામાં પોતાનાં સાધનો (Tools) વિકસાવ્યાં છે. એ.આઈ. વાર્તા લખી શકે છે. મ્યુઝિક વગાડી શકે છે, કોઈ પણ ભાષામાં કોઈ પણ વિષય પર વાત કરી શકે છે. Apps - એપ્લિકેશન સોફ્ટવેર બનાવી શકે છે, લેખ તૈયાર કરી શકે છે. કસ્ટમર કેર - ગ્રાહક સાથે વાર્તાલાપ કરી શકે છે, વિવાદો ઉકેલી શકે છે.

■ રોજગારી પર અસરો

વર્લ્ડ ઇકોનોમિક ફોરમ (WEF) નો એક રિપોર્ટ છે : "The Future of Jobs Report 2025". આ રિપોર્ટ પ્રમાણે વર્ષ ૨૦૨૫થી ૨૦૩૦ સુધીમાં ૨/૫ જેટલી નોકરીઓમાં બદલાવ આવશે. અને તે નકામી થઈ ચૂકી હશે. નોકરી કરતા લોકો અન્ય કામો કરતા થઈ જશે, જેમાં પગાર ઓછા હશે. આર્થિક અસમાનતા વધશે.

ગ્રાફિક ડિઝાઈનિંગ કરવાવાળા, ૩-ડી મોડેલિંગ કરવાવાળાઓની માંગમાં ૧૭ ટકાનો ઘટાડો થશે. તેમનાં કામો A.I. કરી લેશે. ધીરે ધીરે એ.આઈ. ૫૦ ટકા જેટલી નોકરીઓને અસર કરતું થઈ જશે. પ્રૂફ રિડીંગ, ડોક્યુમેન્ટેશન, કામનું ટાઈમ ટેબલ બનાવવાના કામમાં એ.આઈ. ઘણું ઉપયોગી થઈ જશે.

એ.આઈ. રોજગાર ઘટાડશે તેમ કેટલાક નવા રોજગાર પણ પોતાના ક્ષેત્રમાં પેદા કરશે. એ.આઈ.ની દિશામાં સંશોધન કરવાનું તેમજ એ.આઈ.ની ટ્રેઈનિંગ આપવાનું કામ કરવા માણસોની જરૂર પડવાની છે. એ.આઈ.ની આવડત ધરાવતા લોકોની માંગ ખૂબ ઝડપથી વધી રહી છે. 'Open AI's 40 image-generation tool' જેવું બહાર પડ્યું તેના એક કલાકમાં જ તેને ૧૦ લાખ લોકો ખરીદવાવાળા મળી ગયા.

એ.આઈ.ની દુનિયાને સમજવા માટે નવા નવા શબ્દોનો, નવી નવી ટેકનોલોજીનો પરિચય કેળવવો પડે. જોકે જેમ જેમ તે ટેકનોલોજી, તે ટૂલ્સનો વપરાશ વધતો જશે તેમ તેમ તે શબ્દો લોકોની જીભ પર રમતા પણ થઈ જશે. છેલ્લાં વર્ષોમાં આપણે જોયું કે મોબાઈલ એક પરિચિત ઘરેણું બની ગયું છે.

■ AI Agents and Artificial General Intelligence (AGI)

આ સાધનો અથવા સિસ્ટમ એકસાથે ઘણાં કામ કરે છે. કામદારોની સંખ્યા ઘટાડી શકે છે, ઉત્પાદન વધારી શકે છે. કેટલીક કંપનીઓએ, જેવી કે ‘બટરફ્લાય ઇફેક્ટ, ગુગલ, માઇક્રોસોફ્ટ, એમેઝોન, એપલ, મેટા, ઓપન એ.આઈ.એ તેમના એ.આઈ. એજન્ટ્સ બનાવી લીધા છે. પરંતુ તેના પ્રમાણમાં એ.જી.આઈ.એ હજુ તેનું સામ્રાજ્ય સ્થાપ્યું નથી. માણસ કે ડ્રાઈવર વગરની ચાલતી કાર ચલાવતાં જો રસ્તાઓમાં ભીડ હોય તો કયા રસ્તે વાહન લઈ જવું આ માટે પ્રી પ્રોગ્રામ રૂટને બદલી નાંખવા જેવાં કામ કરી શકાય છે. જોકે આ ટેકનોલોજી વર્ષ ૨૦૩૦ પહેલાં માર્કેટમાં આવશે તેમ લાગતું નથી.

■ Chat GPT ની સફળતાના પગલે AI ટેકનોલોજીમાં મસમોટાં રોકાણ થવા લાગ્યાં

૩૦ નવેમ્બર ૨૦૨૨ને આપણે ચેટ-જીપીટીનો જન્મદિવસ કહી શકીએ. હવે તેના દ્વારા કાવ્યો રચી શકાય છે. ગણિતના અટપટા પ્રશ્નોનો ઉકેલ મેળવી શકાય છે, તેના ૧૦ કરોડ ગ્રાહકો છે.

અમેરિકામાં ડોનાલ્ડ ટ્રમ્પ જાન્યુઆરી ૨૦૨૫ના રોજ બીજી વખત પ્રમુખ બન્યા પછી તેમણે AI Regulatory guardrails વિખેરી નાંખી. જરૂરી પ્રતિબંધો ઉઠાવી લીધા. આમાં સરકાર અને વિશાળકાય ટેકનોલોજી કંપનીઓની મિલીભગત દેખાય છે. ચાઈના AI માં આગળ ન નીકળી જાય તેવી બીકથી પ્રતિબંધો દૂર કરવામાં આવ્યા હતા તેમ કહેવાય છે.

ટ્રમ્પે Larry Ellison સાથે મળીને ખૂબ જ મોટા પ્રમાણમાં AIમાં રોકાણ કર્યું. અમેરિકન રાજ્યોએ યુરોપીયન યુનિયન જેવા એ.આઈ. પર પોતાનાં રાજ્યોમાં પ્રતિબંધ જાહેર કર્યા.

■ AI નાં ભયસ્થાનો

AIનો ઉપયોગ યુદ્ધ ક્ષેત્રમાં થઈ રહ્યો છે તે આપણું કમભાગ્ય છે. ગાઝા પટ્ટીમાં પેલેસ્ટાઈનના લોકોને ખતમ કરવા આનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. દુનિયાના ઘણા બધા દેશોએ સલામતીના નામે ચોકી કરવા એ.આઈ.નો ઉપયોગ કરવાનું ચાલુ કર્યું છે. (ભારતમાં તાજેતરમાં યુવાનોના આંદોલનમાં પોલીસે એ.આઈ.નો ઉપયોગ યુવાનોની ઓળખ શોધવા કર્યો છે. હવે યુદ્ધમાં લશ્કરના સૈનિકોની જમીન પર હાજરીની જરૂર રહી નથી. 'Lavender' નામનું ટૂલ ટાર્ગેટ કરેલા નાગરિકને ખતમ કરી શકે છે. એ.આઈ.ના ચેટબોટ્સ વિડીઓ ગુનો કરવા તેમજ આપઘાત કરવા યુવાનોને પ્રેરે છે. (AI Chatbots are Dangerous for Youth). AI Intellectual Property Rightsને અવગણે છે, તેવી કોર્ટે ટીકા કરી છે.

■ વીજ વ્યવસ્થાપનમાં એ.આઈ.

ભારતની વીજ ગ્રીડ વ્યવસ્થા વિશ્વમાં મોટામાં મોટી છે. કોઈ

YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

જાતના અવરોધ વગર સાતત્યપૂર્વક વીજ પુરવઠો સૌને મળી રહેવો જોઈએ. આ માટે ૧૭ સપ્ટેમ્બર ૨૦૨૫થી એ.આઈ.નો ઉપયોગ ચાલુ કરવામાં આવ્યો છે. આનાથી આવનારા ખતરા-અસલામતીની જાણકારી મળી શકે છે. કોઈ ફોલ્ટ - ખરાબી થવાની હોય તેની આગોતરી જાણ પણ કરે. એ.આઈ. જરૂર પડે automatically trigger કરવાનું કામ પણ કરશે.

■ **એ.આઈ.નો ઊર્જા વપરાશ અને પાણીની જરૂરિયાત ચોંકાવનારાં છે**

પેરીસમાં ૧૦ અને ૧૧ ફેબ્રુઆરી ૨૦૨૫ના રોજ એ.આઈ.ના ઊર્જા વપરાશ અંગે એક સંમેલન મળ્યું હતું, જેમાં સરકારના, એ.આઈ.ના, નાગરિક સમાજના પ્રતિનિધિઓ મળ્યા હતા. તેમાં આ વિષયના નિષ્ણાત લોકો પણ હતા. એ.આઈ.નો ઊર્જા વપરાશ ક્લાઈમેટ ચેન્જના પ્રશ્ને ચિંતા ઉપજાવે તેવો છે. એ.આઈ. જો તેના ઊર્જા વપરાશની ગુણવત્તા વધારે તો ઓછી ઊર્જા વપરાય.

World Economic Forum માં પણ એ.આઈ. અને ઊર્જા વપરાશ અંગે ચિંતા જાહેર કરવામાં આવી. એ.આઈ.ના કેટલાક સોફ્ટવેર કે ટૂલ્સને સતત ઊર્જાની જરૂર પડે છે. કારણ કે તેઓ માહિતી ભેગી કરવાનું કામ સતત કરતા હોય છે.

○ વર્ષ ૨૦૨૨માં ડેટા સેન્ટરોમાં ૪૬૦ ટેરા વોટ્સ અવર્સ યુનિટ ઊર્જા વપરાઈ હતી. આ આંક વિશ્વ ઊર્જા વપરાશના ૨ ટકા યુનિટ જેટલો થાય. તેમજ વાતાવરણમાં વિશ્વ જેટલો કાર્બન ડાયોક્સાઈડ છોડે છે તેના ૧ ટકા જેટલો કાર્બન ડાયોક્સાઈડ એ.આઈ. છોડે છે.

એ.આઈ.નો હાલનો ઊર્જા વપરાશ ૪૬૦ TWH છે તે વર્ષ ૨૦૨૬માં ૧૦૦૦ TWH થઈ જશે. આ આંક સમગ્ર જાપાનના ઊર્જા વપરાશ જેટલો છે.

○ એ.આઈ.ની પાણીની તરસ પણ ખૂબ છે. વર્ષ ૨૦૨૩માં માત્ર ગુગલના ડેટા સેન્ટરનો પાણીનો વપરાશ ૨૯ બિલીયન લીટર હતો. મોટા ભાગનું પાણી પીવાલાયક સ્તરનું વાપરવામાં આવે છે. મેટા કંપનીએ વર્ષ ૨૦૨૩માં ૫.૨ બિલીયન લીટર પાણી વાપર્યું.

૪૧ ટકા ડેટા સેન્ટર એવાં સ્થળોમાં છે જ્યાં પાણીની અછત રહે છે. ઇન્ડોનેશિયા, ભારત, રશીયામાં પણ ડેટા સેન્ટરો પાણીની અછતવાળા વિસ્તારોમાં છે.

તા. ૨૦ ઓગસ્ટ ૨૦૨૬ના ગુજરાત સમાચારમાં શ્રી કુમારપાળ દેસાઈના 'ઈંટ અને ઈમારત' લેખ પર નજર નાંખવા જેવી છે. તેમાં નોંધ્યું છે - તાજેતરમાં કોપીરાઈટની ઐસી તૈસી કરીને એ.આઈ. કંપનીઓએ પુસ્તકોના ડેટાનો વિશાળ સંગ્રહ કરી એમાંથી કમાણી કરવાના ઉપાયો અજમાવવાના પ્રયત્નો શરૂ કર્યા છે.... ઓસ્ટ્રેલિયા અને નેધરલેન્ડ જેવા દેશોમાં પુસ્તક વિક્રેતાઓ પાસેથી એ.આઈ. કંપનીઓ (માત્ર) જથ્થાબંધ નહીં પણ એક જ પુસ્તકની તમામેતમામ નકલો ખરીદી રહી છે.... પુસ્તકોનું ભૌતિક અસ્તિત્વ સતત નષ્ટ થઈ રહ્યું છે. આ પુસ્તકોની દુનિયામાં આવેલી ત્સુનામી નથી તો બીજું શું છે ? - રજની દવે

પર્યાવરણ પર એઆઈનો પ્રભાવ

છેલ્લાં થોડાં વર્ષોથી એઆઈ ટેકનોલોજીએ વિશ્વ જીતી લીધું છે. નાની નાની વાતમાં એઆઈનો પગપેસારો થઈ ગયો છે. એક નાનકડી વાત જોઈએ : સામે જ શબ્દકોશ હોય; છતાં પણ કોઈ એક શબ્દનો અર્થ કે જોડણી જોવા માટે એઆઈનો આશરો લેતા લોકો દિનપ્રતિદિન વધતા જાય છે. આ એક નાનકડી આળસથી એઆઈ દ્વારા પર્યાવરણને કેટલું નુકસાન પહોંચે છે તેનો ખ્યાલ પણ નથી રહેતો. જોકે ગ્રેટ બ્રિટનમાં ૧૭૬૦માં શરૂ થયેલી ઔદ્યોગિક ક્રાંતિથી પર્યાવરણને નુકસાન થવાની શરૂઆત તો થઈ જ ગઈ હતી અને ધીરે ધીરે બદલાતા પર્યાવરણ સાથે માનવજાત અનુકૂલન સાધતી રહી. અલબત્ત, આ બદલાવને કારણે કેટલીક જીવ પ્રજાતિઓ નામશેષ પણ થઈ ગઈ. સદીઓ વીતતાં હવે માનવીને લાગે છે કે બદલાતા પર્યાવરણ સાથે અનુકૂલન સાધવું દોહ્યલું બનતું જાય છે. પર્યાવરણના બદલાવની ચિંતા એઆઈ ટેકનોલોજી સાથે વિશેષ જોવા મળે છે. કારણ કે તેની અસર પણ વિશેષ હોય તેમ લાગે છે.

જ્યારે આપણે એઆઈ વિશે વિચારીએ છીએ ત્યારે આપણી સમક્ષ એક સ્વચ્છ ચિત્ર ઊભરી આવે છે. થોડા ઊંડા ઊતરીએ તો અટપટા કોડ, આકર્ષક સ્માર્ટ ફોન અને ભવિષ્યના કાર્યક્ષમ રોબોટ નજર સામે તરવરે છે. આપણા ભૌતિક વિશ્વ પર એક હલકું ફૂલ જેવું આ વાદળ તરતું હોય તેમ લાગે છે, પણ એઆઈરૂપી આ વાદળ સ્ટીલ, સિલિકોન, તાંબું, અલભ્ય ધાતુઓ અને કોંક્રિટનું બનેલું છે. ઈમેલનો મુસદ્દો તૈયાર કરવો, ગોળપાપડી બનાવવાની રીત જાણવી, કળાના નમૂનાની રચના કરવી, રોગોનું નિદાન કરવું, ધંધો પાટે ચડાવવો જેવાં કામ દ્વારા એઆઈ રોજિંદા જીવનમાં એકરૂપ થઈ જાય છે. દરેક વખતે એઆઈ પૃથ્વી પર એક વિશાળ પદચિહ્ન છોડે છે જે આપણા અસ્તિત્વને અસર કરે છે.

આપણને કદાચ લાગે કે આપણા નાના કાર્યથી પડતી સૂક્ષ્માતિ-સૂક્ષ્મ અસર શું કરી શકે ? હા, જેમ ટીપે ટીપે સરોવર ભરાય તેમ ટીપે ટીપે સરોવર ખાલી પણ થાય. અલબત્ત, પર્યાવરણના હ્રાસનું નિરીક્ષણ કરી તેને બચાવવા માટેના ઉપાયો પણ એઆઈ સૂચવી શકે છે અને એ રીતે તે પર્યાવરણના રક્ષણ માટે મદદરૂપ પણ થઈ શકે છે. તેના ઝડપથી વિકસતા ભૌતિક માળખાને વિપુલ માત્રામાં ઊર્જા, પાણી અને કાચા માલની જરૂર રહે છે. દીર્ઘકાલીન ઉજ્જ્વળ ભવિષ્ય માટે કુદરતી સંસાધનો અને ઇકોસિસ્ટમ પર એઆઈના પ્રભાવનું વિહંગાવલોકન કરીએ.

એઆઈ ટેકનોલોજીના કેન્દ્રમાં છે ડેટા સેંટર્સ. અહીં અતિ શક્તિશાળી હજારો સર્વર (કમ્પ્યૂટર) હોય છે. જાણે કે સર્વરની વિશાળ વખાર જ જોઈ લો ! આ સર્વર જટિલ એઆઈ મોડલોને તાલીમ આપવા અને ચલાવવા માટે જરૂરી અબજો ગણતરીઓ પર પ્રક્રિયા કરે છે. એઆઈનું ઊર્જા જીવનચક્ર મુખ્ય બે તબક્કાઓમાં વહેંચાયેલું છે. પહેલો તબક્કો છે : તાલીમ તબક્કો. તેમાં એઆઈ મોડલને ભાષા સમજવાનું અથવા છબીઓ ઓળખવાનું શીખવવા

YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

માટે તેને મહિનાઓ સુધી વિપુલ ડેટા સેટ્સ આપવા પડે છે. આ પ્રક્રિયા આપવામાં વપરાતી વીજળી, આખા વર્ષમાં સરેરાશ ઘરોના વીજળી-વપરાશ કરતાં વધુ હોઈ શકે છે. બીજો તબક્કો છે : ઇન્ટરફેસ – માનવીનું એઆઈ સાથે જોડાણ. જ્યારે પણ આપણે એઆઈને કવિતા રચવા, લેખ લખવા, છબી બનાવવા અથવા તો પ્રશ્નોના જવાબ આપવા માટે કહીએ છીએ ત્યારે તે ઊર્જા વાપરે છે. અલબત્ત, એક જ પ્રશ્નના જવાબ માટે તો ખૂબ ઓછી ઊર્જા વપરાય છે પણ દરરોજ અબજો પ્રશ્નોના જવાબ આપતું એઆઈ અઘધ ઊર્જા વાપરે છે. તેનાથી પાવર ગ્રીડ પર સતત અને ખૂબ લોડ પડે છે. વિશ્વની મોટા ભાગની વીજળી હજુ પણ અશ્મિભૂત ઈંધણ બાળીને ઉત્પન્ન થાય છે. પરિણામે, એઆઈની વીજળી માટેની તરસ સીધી ગ્રીનહાઉસ ગેસઉત્સર્જનમાં પરિણમે છે. તેને લીધે સ્થાનિક પાવર ગ્રીડ પર વધારાનો લોડ પડે છે. હા, ક્યારેક અવિરત વીજપુરવઠો સુનિશ્ચિત કરવા માટે જૂના અને બિનકાર્યક્ષમ વીજ પ્લાન્ટની નિવૃત્તિમાં વિલંબ કરવામાં આવે છે.

છેલ્લા થોડા મહિનાઓથી એઆઈની પાણી પર નિર્ભરતા વિશે ચારે તરફ ચર્ચા ચાલે છે. પાણી પર તેની નિર્ભરતા, એઆઈનું સૌથી આશ્ચર્યજનક પર્યાવરણીય નુકસાન છે. ડેટા સેંટરમાં પોતાની મહત્તમ ક્ષમતાથી કામ કરતાં હજારો સર્વર સખત ગરમી ઉત્પન્ન કરે છે, જેને ટાઢા પાડવા માટે દરરોજ કરોડો લિટર શુદ્ધ તાજા પાણીની જરૂર પડે છે. સર્વરની ગરમીનું પાણી દ્વારા વાતાવરણમાં વિસર્જન કરવાથી, વાતાવરણનું તાપમાન ઘણું ઊંચું જાય છે. મશીનરીમાં પાણીમાં ઓગાળેલાં ખનિજ જામી ન જાય તેમ જ બેક્ટેરિયાનો વિકાસ રોકવા માટે ઉપયોગમાં લેવાતું પાણી ખૂબ શુદ્ધ હોવું જરૂરી છે. વિશ્વમાં શુદ્ધ પીવાલાયક પાણીની અછત છે ત્યારે ડેટા સેંટરની આ તરસ લોકોના હાથમાંથી પાણીનો પ્યાલો ઝૂંટવી લેશે તેવો ભય લાગે છે. જે પ્રદેશો પહેલેથી જ આબોહવા પ્રેરિત દુષ્કાળનો સામનો કરી રહ્યા છે ત્યાં ડેટા સેંટરનું આગમન સ્થાનિક જળભંડારો ખાલી કરશે તેવી ભીતિ છે. પાણીના અસંતુલનને લીધે સ્થાનિક ઇકોસિસ્ટમ ખોરવાઈ જશે તેમ લાગે છે.

એઆઈના વિશિષ્ટ ઘટકોના નિર્માણ પર વિશિષ્ટ કુદરતી સંસાધનોની જરૂર રહે છે. તેને સઘન ખનન દ્વારા મેળવવામાં આવે છે. ન કરે નારાયણ અને જો વીજપુરવઠો ખોરવાઈ જાય તો પણ સર્વર તો કામ કરતાં જ રહે તે માટે બેટરી આધારિત વૈકલ્પિક વીજપુરવઠાની વ્યવસ્થા ગોઠવી હોય છે. તેને માટે લિથિયમ અને કોબાલ્ટ જરૂરી છે. બધા જ ઘટકોને એક બીજા સાથે જોડવા સારુ તેમજ એઆઈ પ્રણાલીના સુચારુ સંચાલન માટે મોટા પ્રમાણમાં તાંબાના તાર અને કેબલની જરૂર રહે છે. વળી, સિલિકોન અને કેટલાંક અલભ્ય તત્ત્વો સેમિકંડક્ટર અને માઈક્રોચિપ્સના નિર્માણ માટે ખૂબ મહત્ત્વપૂર્ણ છે. આ બધાં તત્ત્વોનાં ખનન જે તે વિસ્તારમાં ઈકોલોજિકલ વિનાશ નોતરે છે. તેને માટે ઘણી વખત જંગલોના વિશાળ વિસ્તારને સાફ કરવામાં આવે છે તેથી વન્યજીવોનાં રહેઠાણ નાશ પામે છે. નજીકની નદીઓનાં પાણી તેમ જ માટી પણ પ્રદૂષિત થાય છે.

એઆઈ ટેકનોલોજી તીવ્ર સ્પર્ધાત્મક છે. સોફ્ટવેર સતત નવીન થતાં રહે છે. નવીનતમ સોફ્ટવેર સાથે તાલમેલ જાળવી રાખવા માટે ઝડપી અને વધુ કાર્યક્ષમ ચિપ્સમાં સર્વરને સતત અપગ્રેડ કરવામાં આવે છે. જૂનાં સર્વર અને ચિપ્સ ફેંકી દેવામાં આવે છે જે વિશાળ માત્રામાં ઈ-કચરો ઉત્પન્ન કરે છે. તેનો ઉપયોગ ઘણી વખત વિકાસશીલ દેશોમાં જમીનપુરાણ માટે કરવામાં આવે છે પરિણામે સીસું, પારો અને કેડમિયમ જેવા ઝેરી પદાર્થો પર્યાવરણમાં પ્રવેશી શકે છે. તે માનવસ્વાસ્થ્ય અને ઈકોસિસ્ટમ માટે લાંબા ગાળાની જોખમી અસર ઊભી કરે છે.

અત્યાર સુધીની વાતો પરથી રખેને માની લેતા કે એઆઈ પર્યાવરણનો દુશ્મન છે. માનવજાતે કુદરતી વિશ્વના અભ્યાસ, નિરીક્ષણ અને રક્ષણ માટે બનાવેલાં સૌથી શક્તિશાળી સાધનોમાંનું એક એઆઈ સાબિત થઈ રહ્યું છે. લુપ્તપ્રાય પ્રજાતિઓને ટ્રેક કરવા અથવા ગેરકાયદેસર લાકડાં કાપતા શોધવા માટે વિજ્ઞાનીઓ ભૂતકાળમાં મહિનાઓ સુધી જંગલમાં વિતાવતા હતા અથવા તો હજારો કલાકો સેટેલાઈટ છબીઓ અને ધ્વનિમુદ્રા જાતે તપાસતા હતા. એઆઈ અલ્ગોરિધમ તત્સમય સેટેલાઈટ ડેટાનું વિશ્લેષણ કરી મિનિટોમાં વનનાબૂદી શોધી શકવા માટે સક્ષમ છે. આફ્રિકાનાં રાષ્ટ્રીય ઉદ્યાનોમાં મૂકવામાં આવેલા એઆઈ સંચાલિત કેમેરા અને ધ્વનિસંવેદક (Acoustic Sensor) જંગલી પ્રાણીઓના અવાજ અને યાંત્રિક કરવત અથવા બંદૂકની ગોળી વચ્ચેનો ભેદ ઓળખી શકે છે. તેને લીધે વનરક્ષકને આપમેળે ગુનાહિત પ્રવૃત્તિ પ્રત્યે ચેતવણી મળી જાય છે. આ તો નમૂનારૂપ ઉદાહરણ હતું. ઊર્જાનો કાર્યક્ષમ ઉપયોગ, ખેતીવાડીમાં ખાતર-પાણી યોગ્ય પ્રમાણમાં અને યોગ્ય રીતે આપવાં જેવાં અનેક ક્ષેત્રોમાં મસીહાની ગરજ સારે છે.

માનવસભ્યતાને એઆઈ એક નવો આકાર આપી રહી છે પરંતુ આપણી વહાલી પૃથ્વીને તે વધુ ખરાબ કરે તે આપણને પોસાય તેમ નથી. ડિજિટલ વિશ્વ ભૌતિક વિશ્વ સાથે અસ્પષ્ટ રીતે જોડાયેલું છે. જ્યારે પણ આપણે એઆઈ ટૂલમાં 'પ્રોમ્પ્ટ' લખીએ છીએ ત્યારે ક્યાંક ભૌતિક મશીન સક્રિય થઈ જાય છે – વીજળી વાપરે છે – ગરમી છોડે છે. ઊર્જા કાર્યક્ષમ ટેકનોલોજીમાં રોકાણ અને એઆઈનો જવાબદારીપૂર્વકનો ઉપયોગ કરવા જેવી આદત અપનાવીને આ અદ્ભુત ગણતરી શક્તિનો ઉપયોગ આપણી ઇકોસિસ્ટમને નુકસાન કરવાને બદલે તેને તંદુરસ્ત કરવા માટે કરી શકાય. એઆઈની અંતિમ કસોટી એ નથી કે તે માનવવિચારોની નકલ કરી શકે છે કે નહીં, પરંતુ એ છે કે આપણા આ એક માત્ર જીવંત ગ્રહને બચાવવામાં તે મદદ કરે છે કે નહીં.

સાભાર : વિશ્વવિહાર **– ચિંતન ભટ્ટ**

વાચકોના પત્રોમાંથી

- **હિંમતભાઈ પારેખ,** (ભાદ્રોડ, તા. મહુવા)

ગ્લોબલ વોર્મિંગ અંગેનું યજ્ઞ પ્રકાશનનું પુસ્તક મળ્યું. લેખકે ખૂબ મહેનત કરી છે. પર્યાવરણ જાણકાર ડૉ. કુંજભાઈ તેમજ કનુભાઈ કલસરિયાને પણ વંચાવ્યું. તેમને પણ ગમ્યું. કનુભાઈએ બંધાવેલા બંધારાથી મહુવા શહેરના તમામ પાણીના બોરની ખારાશ ક્રમે ક્રમે ઘટી છે. ભૂમિપુત્ર-૭૫ને લગતા કાર્યક્રમોની મને જાણ કરતા રહેશો. ભારતના નેતાઓએ દેશમાં હિંદુ-મુસલમાન સૌ હળીમળીને રહે તે વાત સતત ચલાવ્યા કરી હતી.

YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

કટોકટી કાળમાં 'ભૂમિપુત્ર'-'યજ્ઞ પ્રકાશન'ની ભૂમિકા : પુસ્તક લોકાર્પણ કાર્યક્રમ અમદાવાદમાં



■ **કટોકટી અને ભૂમિપુત્ર પુસ્તકની જન્મોત્રી**

ગુજરાતી લેખક મંડળના પ્રમુખ શ્રી મનીષીભાઈ જાનીનો વર્ષ ૨૦૨૨માં એક પત્ર હતો -

''અંગ્રેજ સરકારે ગાંધીજી સામે તેમનાં લખાણોને લઈને રાષ્ટ્ર-દ્રોહનો ખટલો અમદાવાદમાં ચલાવ્યો હતો. એ ઘટનાને આ વર્ષે સો વર્ષ પૂરાં થાય છે. અને તે નિમિત્તે આગામી ગાંધી જયંતી-૨ ઑક્ટોબર ૨૦૨૨ના રોજ 'અભિવ્યક્તિ સ્વાતંત્ર્ય અને ગુજરાત' વિશે પરિસંવાદ ગોઠવ્યો છે.... આ પરિષદમાં તમે તમારા અભ્યાસ/સંશોધન કે અનુભવને આધારિત ભૂમિપુત્ર સામયિક અને કટોકટીકાળ વિશે લખાણ - વક્તવ્ય રજૂ કરો, તેવી મંડળ વતી અપેક્ષા રાખીએ છીએ.''

મનીષીભાઈની સૂચના મુજબ પાંચ દાયકા પહેલાંની આ ઘટના અંગે નવી પેઢી સમક્ષ એક સમગ્ર ચિત્ર મુકાય તે વાત ધ્યાનમાં રાખીને આ પુસ્તક તૈયાર કરવામાં આવ્યું છે. આનો લોકાર્પણ કાર્યક્રમ ૨૬ જૂન ૨૦૨૬ના રોજ સમુદાય શિક્ષણ ભવન, નવજીવન પ્રેસની સામે - અમદાવાદમાં રાખવામાં આવ્યો હતો. પુસ્તકને આવકાર આપતાં ઘનશ્યામ શાહે લખ્યું, પુસ્તક એક સારું એવું દસ્તાવેજીકરણ છે.

■ **પુસ્તકમાંની સામગ્રી**

ક્રાઉન સાઇઝનાં ૪૦૪ પાનાંના આ પુસ્તકને કુલ ૮ વિભોગામાં વહેંચવામાં આવ્યું છે.

○ વિભાગ-૧ : ૦ કટોકટી પૂર્વેની ગુજરાતની સ્થિતિ ૦ બિહાર આંદોલનની વાતો ૦ નવનિર્માણ આંદોલન પછી મતદાતા શિક્ષણ ૦ કટોકટી હટાવો - સ્પષ્ટ માંગણી ૦ ન્યાય મંદિરે 'ભૂમિપુત્ર'નો વિજય.

○ વિભાગ-૨ : ગુજરાતમાં જે.પી.નું આગમન અને તેમનાં ૩ પ્રવચનો.

○ વિભાગ-૩ : દાદા ધર્માધિકારીનું બિહાર આંદોલનને સમર્થન.

○ વિભાગ-૪ : કટોકટીની પૂર્વસંધ્યાએ દિલ્હીમાં જે.પી.નું પ્રવચન.

○ વિભાગ-૫ : કટોક્ટીકાળમાં અપાયેલાં વિવિધ પ્રવચનો અને લેખો.

○ વિભાગ-૬ : કટોકટી દરમ્યાન જેલ જીવનના અનુભવો.

○ વિભાગ-૭ : કટોકટીને સમજવા ૧૭ જેટલાં પુસ્તકોનો લાંબો- ટૂંકો પરિચય.

○ વિભાગ-૮ : વર્ષ ૨૦૨૫ : કટોકટીનાં ૫૦ વર્ષે થોડું ચિંતન.

પુસ્તકના અંતે મારો લેખ 'કટોકટી કાળે એક ખિસકોલી ધર્મ બજાવ્યાનો આનંદ' છાપ્યો છે. કટોકટી વખતે સુરતમાં રહી જે કંઈ કર્યું તેની કેટલીક વાતો તેમાં છે.

■ **નવનિર્માણ આંદોલન**

પુસ્તકમાં નવનિર્માણ પહેલાં ગુજરાતની આર્થિક, સામાજિક, રાજકીય સ્થિતિ કેવી હતી અને તે અંગે 'ભૂમિપુત્ર'માં કેવા લેખો છપાયા હતા તેની નોંધ લેવામાં આવી છે. સરકાર પ્રજાના પ્રશ્નો પર જરા પણ ધ્યાન આપતી ન હતી. વધતી મોંઘવારી અને પ્રજામાં અસંતોષ ફેલાયેલો હતો. તેમાંથી વિદ્યાર્થીઓએ હોસ્ટેલમાં ફૂડબિલના વધેલા ભાવ સામે આંદોલન કર્યું. નવનિર્માણ આંદાલેન સર્જાયું. ભ્રષ્ટાચાર અને સત્તાપરિવર્તન સુધી વાત લંબાઈ. ગુજરાત-બિહાર આંદોલનનાં ક્ષેત્રો સર્જાયાં. આંદોલનમાં ૧૦૦ લોકોનાં મોત થયાં. ૧ લાખ, ૫૦ હજાર લોકોને જેલભેગા કરવામાં આવ્યા. રાષ્ટ્રે કટોકટી પત્યા બાદ જયપ્રકાશ નારાયણને ગુમાવ્યા, જેમણે આંદોલનને હિંસામાંથી ઉગારીને સંપૂર્ણ ક્રાંતિ તરફ વાળવા પ્રયત્ન કર્યો. સત્તાપરિવર્તન થયું પણ સરમુખત્યારી સામે સ્થિર અને કુશળ વહીવટ નવી સરકાર ન આપી શકી. નવા નેતાઓની સત્તાલોલુપતા ઉઘાડી પડી ગઈ અને ઇન્દિરા ગાંધી પાછાં સત્તા પર આવ્યાં.

■ **કટોકટી હટાવો**

આ સમગ્ર સમયમાં સર્વોદય મંડળ અને ભૂમિપુત્રની ભૂમિકા કેવી રહી તેવી વાત સાથે સર્વસેવા સંઘે દાખવેલાં વલણોની વાત પણ પુસ્તકમાં સમાવવામાં આવી છે.

ઇન્દિરા સરકારે ૨૬ જૂન, ૧૯૭૫ના રોજ કટોકટી જાહેર કરી. જયપ્રકાશજી તેમજ અન્ય રાજકીય નેતાઓને જેલમાં પૂરી દેવામાં આવ્યા. છાપાઓ પર પ્રિ-સેન્સરશીપ લાદવામાં આવી. અખબારી-સ્વાતંત્ર્ય પર નિયંત્રણો મૂકવામાં આવ્યાં.

ગુજરાત સર્વોદય મંડળની કારોબારી ૨૯-૬-૭૫ના રોજ મળી હતી તેમાં કટોકટીનો સખત વિરોધ કરવામાં આવ્યો. તા. ૬-૭-૭૫ના ભૂમિપુત્રના પ્રથમ તેમજ બીજા પાને કટોકટી હટાવો મથાળા સાથે સાવરકુંડલામાં ગુજરાત સર્વોદય મંડળની કરોબારીનો ઠરાવ છાપ્યો અને તેની નીચે રવિશંકર મહારાજે ઇંદિરાજીને મોકલેલો તાર સંદેશ છાપ્યો, જેમાં ૦ લોકતંત્રના યોદ્ધાઓને મુક્ત કરવા ૦ કટોકટી ઉઠાવી લેવા ૦ સમાચારો પરની સેન્સરશિપ તત્કાળ ઉઠાવી લેવા ૦ તેમજ લોકતંત્રની પુનઃ પ્રતિષ્ઠા કરવા જણાવવામાં આવ્યું હતું.

■ **ભૂમિપુત્રની સંઘર્ષ કથા**

ભૂમિપુત્રમાં કટોકટી સામે લેખો દ્વારા એક આંદોલન જગાવવામાં આવ્યું. સરકારે જેને પ્રતિબંધિત જાહેર કર્યાં હોય તેવાં પ્રવચનો - લેખો છાપવાનું ચાલુ રાખ્યું. આના કારણે જે જે વિઘ્નો આવ્યાં તેનો સામનો કર્યો. છાપેલી સામગ્રી જપ્ત કરવામાં આવી. પ્રેસને સીલ મારવામાં આવ્યું. નવું પ્રેસ ચાલુ કર્યું. સંપાદકને જેલભેગા કર્યા....આ બધી વાતો પુસ્તકમાં આપવામાં આવી છે.

શ્રી ચંદ્રકાંત દરૂ સાહેબ ભૂમિપુત્રના પક્ષે હાઈકોર્ટમાં કેસ લડ્યા, અને જીત્યા. ભૂમિપુત્ર 'પ્રિ-સેન્સરશિપ'ના પ્રશ્ને ગુનેગાર નથી તેમ સાદી ભાષામાં કહી શકીએ. આ ચુકાદા પછી ભૂમિપુત્રના સંપાદક ચુનીકાકા તેમજ દરૂ સાહેબની મીસા હેઠળ ધરપકડ કરવામાં આવી.

■ **પુસ્તકના વિભાગોની વાતો**

પુસ્તકના વિભાગ-૬માં ૧૦ જેટલા મહાનુભાવોની કટોકટી દરમ્યાનની જેલયાત્રાના અનુભવો છાપ્યા છે. શ્રી હસમુખ પટેલે મથાળું બાંધ્યું, 'જેલનાં મધુર સંભારણા.'

પુસ્તકના વિભાગ-૭માં ૧૭ જેટલાં પુસ્તકોનો લાંબો-ટૂંકો પરિચય આપ્યો છે.

કેટલાંક પુસ્તકો દ્વારા ઇન્દિરા ગાંધીના માનસને સમજવા પ્રયત્ન કરવામાં આવ્યો છે. કેટલાંક પુસ્તકો સમગ્ર ઇન્દિરા ગાંધી પર નથી પરંતુ જે તે લેખકના જીવનમાં ઇન્દિરા કે કટોકટીની ઘટનાની કોઈ વાતો સંકળાયેલી હોય તેની નોંધ આપણે લીધી છે. કુમી કપૂરનું સમગ્ર પુસ્તક કટોકટી અંગેનું છે. ઘનશ્યામભાઈ શાહનું પુસ્તક ગુજરાત બિહાર-આંદોલનની સમીક્ષા અંગે છે. યશવંત કાનિટકરના પુસ્તકમાં કટોકટી અંગે વિદેશનાં અખબારોમાં આપેલી નોંધ છે.

શ્રી કાન્તિભાઈ શાહનું પુસ્તક 'સંપૂર્ણ ક્રાંતિના સ્વપ્નદષ્ટા - જયપ્રકાશ નારાયણ' જે.પી.ના સમગ્ર જીવન પર નજર નાંખે છે. તેમના જીવનની ૭૨ થી ૭૭ વર્ષની ઉંમર નવનિર્માણ તેમજ બિહાર આંદોલન અને કટોકટી સામે સંઘર્ષમાં ગઈ. છેલ્લે તેમનું શરીર નંખાઈ ગયું. ૮ ઑક્ટોબર ૧૯૭૯ના રોજ પટણામાં મૃત્યુ પામ્યા.

પુસ્તક્ના વિભાગ-૫માં લોકસભા-રાજ્ય-સભાનાં ભાષણો, જે છાપવાની મનાઈ હતી, તે છાપ્યાં છે તેમજ કટોકટીને ખ્યાલમાં રાખીને કેટલાક લેખો છાપ્યા છે.

પુસ્તકનાં પાન નં. ૬૨ થી ૬૭ કાન્તિ શાહના ભૂમિપુત્રમાં છપાયેલા પાંચ લેખોનો સાર આપ્યો છે જેમાં ઇન્દિરા-જે.પી., જે.પી.-વિનોબા, જે.પી.-સર્વસેવા સંઘ, દાદા ધર્માધિકારી વગેરેના વિચારોની ભિન્નતાની નોંધ લેવામાં આવી છે. સરકાર સામે સંઘર્ષ ન કરવાનું વિનોબાજી તેમજ સર્વ સેવા સંઘના કેટલાક લોકોનું વલણ હતું. સ્વામી આનંદ, દાદા ધર્માધિકારી, વિમલા તાઈના લેખો આંદોલનને સમજવામાં ઉપયોગી છે.

■ **પુસ્તક લોકાર્પણ કાર્યક્રમ**

૨૬ જૂન, ૨૦૨૬ના રોજ અમદાવાદમાં અને ૧૨ જુલાઈ ૨૦૨૬ના રોજ સુરતમાં લોકાર્પણ કાર્યક્રમ સારી રીતે થયો. શ્રી ઘનશ્યામભાઈ શાહ, રોહિતભાઈ શુકલ, પ્રકાશભાઈ શાહ, મનીષીભાઈ જાની અને શ્રી ચંદુભાઈ મહેરિયાએ તેમજ ડંકેશભાઈ ઓઝાએ પોતાનાં મંતવ્યો રજૂ કર્યાં.

● **શ્રી ઘનશ્યામભાઈનું મંતવ્ય**

○ ૧૯૭૫-૭૭ની ઇન્દિરા ગાંધી દ્વારા લાદવામાં આવેલી 'કટોકટી' સ્વતંત્ર ભારતના ઇતિહાસનો એક કાળો અધ્યાય છે. તેનું દસ્તાવેજીકરણ માત્ર ઇતિહાસવિદો, સમાજશાસ્ત્રીઓ અને રાજ્યશાસ્ત્રીઓ માટે જ નહીં, પરંતુ દેશના દરેક જાગૃત નાગરિક માટે પણ અત્યંત જરૂરી છે.

○ આ સંદર્ભમાં ''કટોકટી અને તેમાં 'ભૂમિપુત્ર'- 'યજ્ઞ પ્રકાશન'ની ભૂમિકા'' પુસ્તક ગુજરાતના નાગરિક સમાજ અને રાજકારણને સમજવા માટેનું એક મહત્ત્વપૂર્ણ દસ્તાવેજ છે. આ પુસ્તક માત્ર ભૂમિપુત્રની એક પક્ષકાર તરીકે ભૂમિકા પૂરતું મર્યાદિત નથી. તેમાં સર્વોદય કાર્યકરો અને તેમના અગ્રણી નેતાઓ ઉપરાંત અન્ય રાજકીય આગેવાનો અને નાગરિક સમાજના કર્મશીલો તથા બૌદ્ધિકોની કટોકટી વિરોધી ભૂમિકા, તેમના વિચારો અને અનુભવોનું પણ દસ્તાવેજીકરણ કરવામાં આવ્યું છે. સાથે જ, કટોકટી પૂર્વેનાં રાજકીય-સામાજિક પરિબળો અંગે ઉલબ્ધ લેખિત સામગ્રીનું સંકલન કરવામાં આવ્યું છે, જેમાં કટોકટી સંબંધિત ૧૭ પુસ્તકોના અવલોકન અને સારાંશનો પણ સમાવેશ થાય છે. જોકે, ઇતિહાસવિદ બિપિનચંદ્રના In the Name of Democracy : JP Movement and the Emergency (Penguin, 2003) પુસ્તકનો ઉલ્લેખ રહી ગયો છે.

○ મારી દષ્ટિએ, પુસ્તકનાં પાનાં ૨૨૮થી ૨૫૮ સૌથી વધુ મહત્ત્વનાં છે. તેમાં કટોકટી પહેલાં અને કટોકટી દરમિયાન સર્વ સેવા સંઘ (સર્વોદય)ના કાર્યકરોમાં ચાલતા વિચારમંથન, આંતરિક મતભેદો અને થયેલા વિભાજનનું સંક્ષિપ્ત પરંતુ અસરકારક દસ્તાવેજીકરણ કરવામાં આવ્યું છે. કાન્તિ શાહનો 'કટોકટીમાં વિનોબાજીની ભૂમિકા' લેખ વિશેષ નોંધપાત્ર છે. તેમાં વિનોબા ભાવેના વૈચારિક મંથન, સર્વોદય વિચારધારાનું હાર્દ, જે.પી. અને વિનોબા વચ્ચેના મતભેદો તેમજ કટોકટી અંગે વિનોબાના વિષાદ અને અભિગમનું તટસ્થ અને વિસ્તૃત આલેખન કરવામાં આવ્યું છે. કોઈ પણ સામાજિક ચળવળને સમજવા માટે તેના આંતરિક વૈચારિક સંઘર્ષોનું મહત્ત્વ જાહેર કાર્યક્રમો જેટલું જ હોય છે. આવા મૂલ્યવાન પુસ્તકના

YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

પ્રકાશન માટે ભૂમિપુત્ર અને રજનીભાઈ દવે અભિનંદનના અધિકારી છે.

○ એક મહત્ત્વની બાબતનો ઉલ્લેખ રહી ગયો હોવાનું મને લાગે છે. ખાસ કરીને શહેરોની ઝૂંપડપટ્ટીઓમાં વસતા ગરીબ શ્રમજીવીઓ પર રાજ્ય દ્વારા થયેલા અત્યાચારો. ઉદાહરણ તરીકે, દિલ્હીના તુર્કમાન દરવાજા વિસ્તારના ઝૂંપડાવાસીઓને બળજબરીથી ખસેડવાના પ્રયાસ દરમિયાન થયેલા ગોળીબાર અને તેમાં થયેલાં અનેક મૃત્યુ, તેમજ ગરીબ લોકોની જાણ કે સંમતિ વિના ધાકધમકી દ્વારા કરવામાં આવેલી નસબંધી (વંધ્યીકરણ)ની ઘટનાઓનો ઉલ્લેખ થવો જરૂરી હતો.

○ કટોકટીનાં ૫૦ વર્ષ પૂર્ણ થવાના પ્રસંગે પુસ્તકમાં આજની ‘અઘોષિત કટોકટી’ના સંદર્ભમાં વિશ્લેષણ કરતા તથા જે.પી. આંદોલન અને કટોકટી અંગેના ત્રણ લેખોનો સમાવેશ કરીને પુસ્તકને સમકાલીન બનાવવાનો સફળ પ્રયાસ કરવામાં આવ્યો છે. તે વાચકોને આત્મમંથન કરવા પ્રેરે છે.

વાચકોનો એક વર્ગ એવો પણ હશે કે જેમણે કટોકટી પૂર્વે અને કટોકટી દરમિયાન વડા પ્રધાન ઇન્દિરા ગાંધી અને તેમની સરકાર સામે પોતાના ધ્યેયો, આદર્શો, માન્યતાઓ અને વિચારધારાના આધારે વિવિધ પ્રવૃત્તિઓ કરી હતી. તેમના માટે આ પુસ્તક તેમની પોતાની દૃષ્ટિએ ઉપયોગી સાબિત થશે. કેટલાકને તે સમયગાળા (૧૯૭૧–૭૭) દરમિયાન કરેલા પોતાના કાર્ય માટે આત્મસંતોષ અને ગૌરવની લાગણી થશે, જ્યારે અન્ય કેટલાક આ સમયનું પુનર્મૂલ્યાંકન કરીને પોતાની ખૂબીઓ, ખામીઓ, ભૂલો અને મર્યાદાઓનું આત્મમંથન કરી શકશે.

મારા મનમાં કેટલાક પ્રશ્નો ઊભા થયા છે. કદાચ પુસ્તકના વાચકોને પણ આવા પ્રશ્નો થાય. આમૂલ સમાજપરિવર્તનમાં વિશ્વાસ ધરાવતા કર્મશીલ બૌદ્ધિકો વચ્ચે મુક્ત વિચારવિમર્શ અને આત્મમંથન થાય તે આશયથી આ પ્રશ્નો રજૂ કરું છું :

૧. જે.પી. આંદોલન અને કટોકટીને પચાસ વર્ષ પૂર્ણ થયા પછી આજે સર્વ સેવા સંઘ અને સર્વોદય કાર્યકરોએ પોતાના કાર્ય, વિચારો, સિદ્ધાંતો અને તે સમયનાં રાજકીય–સામાજિક પરિબળોનું વિહંગાવલોકન કરવું જોઈએ. આપણે શું કરી શક્યા ? શું ન કરી શક્યા ? આપણી મર્યાદાઓ શું હતી ? આપણાં અનુમાનો અને વિભાવનાઓ કેટલાં સાચાં નીવડ્યાં ? બદલાતા રાજકીય અને આર્થિક સંજોગોમાં આજે આપણી ભૂમિકા અને જવાબદારી શું હોઈ શકે ?

૨. ગુજરાતમાં મોંઘવારી, જીવનજરૂરી ચીજવસ્તુઓની અછત અને સરકારની નીતિઓ સામે શરૂ થયેલી જનઝુંબેશ કેવી રીતે એક વ્યક્તિના ભ્રષ્ટાચાર વિરોધી આંદોલનમાં પરિવર્તિત થઈ ? શું આ બંને એકબીજાના પર્યાય હતા ? જે.પી.ના નેતૃત્વ પહેલાં બિહારમાં પણ જીવનજરૂરી ચીજવસ્તુઓની અછત અને ભાવવધારા સામે સતત વિરોધ પ્રદર્શન થતાં હતાં. ત્યારે અને આજે, શું એક વ્યક્તિને હટાવવાથી ભ્રષ્ટાચાર દૂર થઈ શકે ? ‘ભ્રષ્ટાચાર’ શબ્દ મધ્યમ વર્ગમાં ભારે ભાવનાત્મક પ્રતિસાદ જગાડે છે. (અન્ના હજારેનું ભ્રષ્ટાચાર વિરોધી આંદોલન અને આપ પક્ષ બન્યો; અને ‘હું ખાતો નથી’ અને ત્યાર પછી ‘ખાવા દેતો નથી’ની જાહેરાત પછી નરેન્દ્ર મોદી પહેલાં ગુજરાતના મુખ્ય પ્રધાન બન્યા અને પછી વડા પ્રધાન બન્યા. શું ભ્રષ્ટાચાર ખતમ થઈ ગયો ?)

નિઃસંદેહ, ભ્રષ્ટ આચરણ કોઈ પણ સ્વરૂપમાં નિંદનીય છે. પણ માળખાગત અને વ્યક્તિગત ભ્રષ્ટાચાર વચ્ચે ફેર થવો જોઈએ, ખાસ કરીને સમાજ પરિવર્તન, સંપૂર્ણ ક્રાંતિમાં માનતા હોય તો. (૧૯૭૩માં ગુજરાતના અનેક કર્મશીલો અને બૌદ્ધિકોએ ‘ગુજરાતના ભ્રષ્ટ રાજકારણ’ અંગે નિવેદનો અને ભાષણો આપ્યાં હતાં. તેના પ્રતિસાદ રૂપે એ.બી. પેનવાલાએ ‘ગુજરાતનું ભ્રષ્ટ રાજકારણ : એક બચાવનામું’ લખ્યું હતું, જે વિશ્વમાનવમાં નવ નિર્માણ આંદોલનની શરૂઆત અને જે.પી. આંદોલન પહેલાં ૧૯૭૩માં પ્રકાશિત થયું હતું. આ ચર્ચાનું આજે પુનર્મૂલ્યાંકન કરવાની જરૂર છે.)

૩. માર્ચ ૧૯૭૭માં જનતા મોરચા સરકારના પ્રધાનોએ જે.પી. સાથે ગાંધીજીની સમાધિ પર શપથ લીધા હતા કે તેઓ ગાંધીચીંધ્યા માર્ગે દેશનો વહીવટ ચલાવશે. તેમના અઢી વર્ષના શાસનની સૌથી મોટી ઉપલબ્ધિ– વ્યક્તિગત અભિવ્યક્તિની સ્વતંત્રતાની પુનઃસ્થાપના – જરૂર મોટી સિદ્ધિ હતી. વડા પ્રધાનો વ્યક્તિગત પ્રામાણિક હતા. પરંતુ તે સિવાય મોંઘવારી, ગરીબી, આર્થિક વિષમતા ઘટાડવા તથા સમાનતા અને ભાતૃત્વને વિકસાવવા તેમણે શું કર્યું ? તેમની આર્થિક અને સામાજિક નીતિઓ ઇન્દિરા કૉંગ્રેસથી કેટલી અલગ હતી ? સામાન્ય લોકોને તેનો કેટલો લાભ થયો ? શું જે.પી.ની કલ્પનાની ‘સંપૂર્ણ ક્રાંતિ’ તરફ સમાજ આગળ વધ્યો ? અને અંતે એવું શું બન્યું કે માત્ર બે વર્ષમાં જ જે.પી.ની અવગણના થવા લાગી અને તેમને કહેવું પડ્યું કે, ‘‘મારું કોઈ સાંભળતું નથી.’’

૪. કટોકટી પછી લોકસભા ચૂંટણીમાં જનતા મોરચાનો વિજય શું સમગ્ર દેશના તમામ પ્રદેશો અને સમાજના તમામ વર્ગોનો વિજય હતો ? હકીકતમાં તેનો વિજય મુખ્યત્વે ઉત્તર ભારતમાં કેન્દ્રિત હતો. દક્ષિણ ભારતમાં કર્ણાટક (જ્યાં તેને ૩૦માંથી માત્ર ૨ બેઠકો મળી) સિવાય અન્ય કોઈ રાજ્યમાં તેને એક પણ બેઠક મળી નહોતી. કેરળ સહિતનાં રાજ્યોમાં, જ્યાં કટોકટી દરમિયાન ભારે દમન થયું હતું, ત્યાં પણ જનતા મોરચાને સફળતા મળી નહોતી. આવું કેમ બન્યું ? અને જોગાનુજોગ, આજના સમયમાં આ જ દક્ષિણનાં રાજ્યો ભારતીય જનતા પાર્ટીના પ્રભાવ સામે વધુ મજબૂત રાજકીય પ્રતિરોધ દર્શાવે છે. આ પરિબળોનું ઐતિહાસિક અને રાજકીય વિશ્લેષણ થવું જરૂરી છે.

● શ્રી રોહિતભાઈ શુકલનું મંતવ્ય

કટોકટી એક દૃષ્ટિકોણ –

આજથી એકાવન વર્ષ પહેલાં, ૨૫ અને ૨૬ જૂનની વચલી ઘડીએ દેશમાં કટોકટી જાહેરાત થઈ. બંધારણીય જોગવાઈ અનુસાર, જવલ્લે જ વાપરવી પડે તેવી આ વ્યવસ્થા ભારે નિરાશાજનક હતી. તેમ ન થયું હોત તો સારું જ થાત ! કટોકટી લોકશાહીનાં તત્ત્વો માટે ઘાતક હતી. અને તેનો ઉપયોગ કરવાની નોબત આવી.

ઘણા નિરીક્ષકોને લોકશાહીના આ ‘મૃત્યુઘંટ’ સામે ઘણું કહેવાનું થાય છે. પણ સવાલ એ છે કે દુનિયાભરમાં ‘લોકશાહી’ કોઈ સ્થિર વ્યવસ્થા

YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

નથી. હાલના અમેરિકાની લોકશાહી ઓબામાની લોકશાહીથી ભિન્ન છે. પાકિસ્તાનના અયુબખાને લશ્કરી રાજ સ્થાપ્યું હતું. પરંતુ તેઓ તેને 'પાયાની લોકશાહી' કહેતા હતા. ઇંગ્લેન્ડની લોકશાહી અને ફ્રાંસ કે સ્પેનની લોકશાહી પણ અલગ અલગ સંઘર્ષો ધરાવે છે.

બીજું, ઘણા નિરીક્ષકો, હાલની રાજકીય પરિસ્થિતિને 'અઘોષિત કટોકટી' કહે છે. આ વિચાર સર્વથા અનુચિત છે. અત્યારની પરિસ્થિતિને 'અમૃતકાળ' ગણવાનો હોય ત્યારે તેને 'અઘોષિત કટોકટી' કહેનારા કદાચ એવું મહેણું મારવા માંગે છે કે - 'રહેવા દો - અમે જે કાંઈ આજે કરીએ છીએ તે તો તમે અગાઉ કરેલા કાર્યનો પડછાયો માત્ર છે !'

વળી આમ કહીને તે લોકો ઇન્દિરાજીની યશસ્વી કામગીરીને પણ ઝાંખી કરવાનો ઉદ્યમ આચરે છે. કટોકટી લાદવી પડે તેવી સ્થિતિ ઊભી કરવામાં વયોવૃદ્ધ કોંગ્રેસી નેતાગણ મોખરે હતું. તેમની પાસે દેશને નેતૃત્વ પૂરું પાડવાની કોઈ દૃષ્ટિ હતી નહીં. પણ તેમને સત્તાની જબરદસ્ત ભૂખ હતી. અમેરિકાને બાંગ્લાદેશના મુદ્દે ઇન્દિરાજી સામે નારાજગી હતી. અમેરિકન જાસૂસ સંસ્થા સી.આઈ.એ. ઇન્દિરાજીને હટાવવા ઉત્સુક હતી. જ્યોર્જ ફર્નાન્ડિઝે તો ઇન્દરાજીના સત્તામંચ હેઠળ બોમ્બ મુકાવ્યો હતો !

એક અન્ય અને અતિ અગત્યની બાબત હતી સત્તાભૂખની ! આ સત્તાભૂખ એવા સુસંગઠિત જૂથને હતી કે જે આઝાદીની લડતથી અળગું રહ્યું હતું. આ બસ ચૂકી જનારા સમૂહને જરા પણ ચેન પડતું ન હતું ! આ રીતે ઘરડા દૃષ્ટિવિહીન કોંગ્રેસીઓ, સી.આઈ.એ., જ્યોર્જ ફર્નાન્ડિસ જેવા નેતા તથા બસ ચૂકી ગયેલાઓનાં ચતુષ્કોણી કારસ્તાનો ચાલતાં હતાં. તેમાંય વળી જે.પી.એ સ્હેજ લશ્કરનો પણ દાણો ચાંપી જોયો હતો !

જે.પી.ની પોતાની પાસે દેશના નેતૃત્વ માટે કોઈ જ સમજ કે દૃષ્ટિ હોય તેનું પ્રમાણ મળતું નથી. જો તેઓ સાચા અર્થના સર્વોદયવાદી હોત તો તેમણે લશ્કરી રાજનો વિકલ્પ વિચાર્યો ન હોત ! વળી વિનોબાજીએ જે ભૂદાન આંદોલન ચલાવ્યું તે ખરેખર તો જે.પી.એ ચલાવવા જેવું હતું. ચંબલની ખીણના ડાકુઓમાં આત્મ સમર્પણની શરૂઆત પણ વિનોબાજીએ જ કરી હતી ! તે સમયે ભારતની આર્થિક સ્થિતિ પણ સારી ન હતી. ગરીબી વ્યાપક હતી; તેના નિવારણ માટે પેલી વયોવૃદ્ધ મંડળી, બસ ચૂકી જનારા કે જે.પી. પાસે કોઈ ઉપાયની દિશાનું ભાન કે સમજ હતાં નહીં. અમૃતકાળના જે પ્રકારના લોકોને 'માર્ગદર્શક મંડળ'માં સ્થાન મળ્યું તેમને 'ગુંગી ગુડિયા'ને હટાવી સત્તાનો શોખ પૂરો કરવો હતો.

ઇન્દિરાજીએ બંધારણીય જોગવાઈ હોવા છતાં કટોકટી લાદવાને બદલે વહીવટી કદમ ભરવા જેવાં હતાં. ઇન્દિરાજીને ચોતરફથી ઘેરી લઈને વૃદ્ધ મંડળીએ એક તરફ અમેરિકાના સી.આઈ.એ.નું વર્ચસ્વ વધાર્યું, તો બીજી તરફ પેલા 'બસ ચૂકી જનારા' અને સ્વાતંત્ર્યના જ વિરોધીઓને સત્તામાં ભાગીદારી અપાવી.

જે.પી. જેવા માણસ આવું કરે તે માટે વિમાસણ રહે છે.

● શ્રી ચંદુભાઈનું મંતવ્ય

ઇન્દિરાઈ કટોકટીની પચાસીએ –

ઇન્દિરા ગાંધીએ લાદેલી આંતરિક કટોકટીની પચાસીએ વિચારતાં મને જાણીતા મરાઠી દલિત સાહિત્યકાર દયા પવારની આત્મકથા 'બલુત'-ના અંતમાં આલેખાયેલો એક પ્રસંગ યાદ આવે છે.

કટોકટીના એ ભયના, ડરના દિવસોમાં લેખક દયા પવાર પણ ખૂબ ડરી ગયેલા હતા. કટોકટીમાં પકડાવાની બીકે ભૂગર્ભમાં જતા રહેલા (ન.મો.ની જેમ). એક કાર્યકર્તાએ દયા પવારને ટપાલમાં 'નિરોધ' અને ટૂંકો પત્ર મોકલ્યો. જેમાં એ મતલબનું લખ્યું હતું કે ''તારા જેવી બીકણ કોમ ફરીથી પેદા ન થાય, એટલા માટે આ વ્યવસ્થા.'' દયા લખે છે કે ભૂગર્ભમાંથી આ પત્ર મોકલનાર પણ બીકણ હશે એટલે તેણે પત્રમાં ક્યાંય પોતાનું નામ લખ્યું નહોતું!

શું દલિતો અને દલિત સાહિત્યકારો ક્ટોકટીની તરફેણમાં હતા? શું કટોકટીના વિરોધીઓ કટોકટીના તરફદાર દલિતોથી એટલા રોષે ભરાયેલા હતા કે તેઓને નિરોધ મોકલી તે બાળકો જ પેદા ન કરી શકે, તેવું ઇચ્છતા હતા? આ પ્રસંગ પછીના તુરતના ફકરામાં દયા પવારે કટોકટીકાળનો એક બીજો પ્રસંગ વર્ણવ્યો છે. રાષ્ટ્રીય લેખક સંઘે દિલ્હીમાં સંમેલન યોજ્યું હતું. વડા પ્રધાન ઇન્દિરા ગાંધી પણ તેમાં હાજર રહી સંબોધન કરવાનાં હતાં. એટલે સમજાઈ જવું જોઈએ કે આ સંમેલન કટોકટીની તરફેણમાં હતું. દયા પવારને વિમાનની ટિકિટ અને ફાઈવસ્ટાર હોટલમાં ઉતારાની વ્યવસ્થા સાથેનું નિમંત્રણ હતું. પણ....? પણ દયા પવારે આ નિમંત્રણ ઠુકરાવી દીધું. દયાએ લખ્યું છે, ''ફરીથી એક વાર વિમાનમાંથી નીચેની દુનિયા જોવાની તક હાથમાંથી સરી જાય છે, પરંતુ મને તેનું જરાય દુઃખ નથી.''

દયા પવારનાં આ સ્મરણોની સાથે જ મને ગુજરાતનો એક પ્રસંગ પણ સાંભરે છે. ઝીણાભાઈ દરજીની પ્રેરણા અને આગ્રહથી રચાયેલા દલિત આદિવાસી બક્ષીપંચ કામદાર-કર્મચારી મંડળ(દઆબ)ના રાજકોટ અધિવેશનમાં કટોકટીની તરફેણ અને ઇન્દિરા ગાંધીના આ પગલાનો બચાવ કરતો ઠરાવ થયો હતો.

આજે રજનીભાઈ લિખિત-સંપાદિત પુસ્તક ''કટોકટી અને તેમાં ભૂમિપુત્ર-યજ્ઞ પ્રકાશનની ભૂમિકા, સરમુખત્યારી સામે લોકસંઘર્ષની ગાથા''-ના પ્રકાશનવેળા મને દયા, દઆબ અને દલિતો એકસાથે યાદ આવે છે. સમગ્ર દલિત સમાજ નહીં તો દલિત, ગરીબ, વંચિત સમાજનો મોટો હિસ્સો કટોકટીની તરફેણમાં હતો. મારે એ પણ કહેવું જોઈએ કે ગુજરાતમાં જનતા મોરચાની રચના સાથે જોડાયેલ બિનરાજકીય સંસ્થા-સંગઠનોમાં દલિતોનું લડાયક સંગઠન દલિત પેન્થર પણ હતું.

કટોકટી નાગરિક અધિકારો, મૂળભૂત અધિકારો અને બંધારણે બક્ષેલી તમામ અભિવ્યક્તિની આઝાદીને છીનવનારી ઘટના હતી. રોટી સાથે આઝાદી અને આઝાદી વિનાની રોટીનું દ્વંદ્વ સતત ચાલતું રહે

(જુઓ પાન નં. ૨૨)

YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

ટાટા કેમિકલ્સના પ્લાન્ટ સામે સ્થાનિક લોકોની અણનમ લડત

ગુજરાતને સૌથી લાંબો દરિયાકાંઠો મળ્યો છે, પરંતુ આખો કાંઠો વિવિધ ઉદ્યોગોના આવવાથી અને ખનનના કામથી અત્યંત પ્રદૂષિત બન્યો છે. ફક્ત કાંઠો જ નહીં, દરિયો પણ એટલો જ પ્રદૂષિત બન્યો છે. ગુજરાતમાં ઠેર ઠેર આ ઉદ્યોગોના પ્રકોપ સામે લોકલડતો ચાલી રહી છે. આ દરિયા-કાંઠાના તમામ ઉદ્યોગોમાં સૌથી જૂનો છે દ્વારકા પાસે આવેલો મીઠાપુર સ્થિત ટાટા કેમિકલ્સનો પ્લાન્ટ.

સૌથી પહેલાં એ સ્થળે ટાટાએ મીઠું બનાવવાનું ચાલુ કર્યું, એટલે એ જગ્યાને મીઠાપુર નામ અપાયું અને વર્ષોથી તે મીઠાપુરના નામથી જ જાણીતું છે. દેવભૂમિ દ્વારકા જિલ્લામાં આવેલો ટાટા કેમિકલ્સ લિમિટેડનો વિશાળ પ્લાન્ટ ૧૯૩૯થી ચાલે છે. આ પ્લાન્ટ, સોડાએશ અને મીઠાના ઉત્પાદનમાં દેશના અગ્રસર પ્લાન્ટમાંનો એક છે. ટાટા કેમિકલ્સ લિમિટેડનો મીઠાપુર પ્લાન્ટ આશરે ૧૫,૦૦૦ એકર જમીનમાં ફેલાયેલો છે, અને તે વિશ્વના સૌથી મોટા એકીકૃત મીઠા ઉત્પાદન અને અકાર્બનિક રાસાયણિક કૉમ્પ્લેક્સમાંનું એક છે. તેનાં મુખ્ય ઉત્પાદનોમાં સોડાએશ, ક્લોરો-કોસ્ટિક પ્રોડક્ટ્સ, મરીન કેમિકલ્સ, મીઠું અને સિમેન્ટનો સમાવેશ થાય છે.

સાયન્ટિફિક અને ઇન્ડસ્ટ્રિયલ રિસર્ચ વિભાગ અનુસાર, સોડાએશ ઉત્પાદન દરમિયાન પ્રતિ ટન આશરે ૧૦ ક્યુબિક મીટર ઝેરી પ્રવાહી કચરો ઉત્પન્ન થાય છે. આ આંકડા અનુસાર, ટાટા કેમિકલ્સ દ્વારા વાર્ષિક વહેતા ઝેરી પ્રવાહી કચરાનું પ્રમાણ ૧૯૩૦ના દાયકામાં ૩,૩૦,૦૦૦ ક્યુબિક મીટરથી વધીને હાલમાં ૮૭,૫૦,૦૦૦ ક્યુબિક મીટર પ્રતિવર્ષ થઈ ગયું છે. આના પરથી તેના વ્યાપ વિષેની કલ્પના કરી શકાય. મીઠાપુરને ઉદ્યોગ અને આર્થિક પ્રગતિના પરિમાણથી માપીએ તો તે રોજગાર અને આર્થિક વિકાસના કેન્દ્ર તરીકે દેશમાં જાણીતું બન્યું, પરંતુ સ્થાનિક લોકોનું જીવન આ પ્લાન્ટના આવવાથી રોળાતું ગયું છે, અને વિનાશના આરે આવીને ઊભું છે.

ટાટાનો પ્લાન્ટ દેવપરા નામના ગામમાં છે. દેવપરા ગામમાં રહેતા લોકોને પોતાના ઘરના આંગણામાંથી પ્લાન્ટ અને તેની ચીમનીઓ દેખાય. સાવ જ જાણે બાજુમાં આવીને બેઠેલા દાનવની જેમ ! આટલા બધા નજીક હોવાને કારણે પ્લાન્ટમાંથી નીકળતા વિવિધ વાયુઓ, રજકણો અને ઝેરી પ્રવાહીએ લોકોનું જીવન અશક્ય કરી મૂક્યું છે. બહારની કોઈ વ્યક્તિ દેવપરા જાય તો એક કલાક પણ ટકી ન શકે એવું ત્યાં પ્રદૂષણ અને ડસ્ટનું વાતાવરણ છે. ખેતી અસંભવ થઈ ગઈ છે. કોઈ ત્યાં ખેતી કરતું નથી. પીવાનું પાણી બહારથી લાવવું પડે છે, કેમ કે ગામનું પાણી પી શકાય તેવું રહ્યું નથી. ઢોર માટે પણ પાણી બહારથી લાવવું પડે છે. આ બધા વચ્ચે ત્યાંના બિનપાલતુ પ્રાણીઓનો વિચાર કરતાં અરેરાટી ઊપજે છે. ઝેરી હવામાં, ઝેરી પાણી પીને એ કેવું જીવન વિતાવતાં હશે! ગામમાં કેન્સર, ફેફસાંની બીમારીઓ, ચામડીની બીમારીઓ, આંખની તકલીફ, કિડની અને લિવરની તકલીફ ઘેર-ઘેર છે.

વર્ષોથી સ્થાનિક ખેડૂતો, માછીમારો અને ગામ લોકોની ફરિયાદ છે કે, આ પ્લાન્ટની પ્રવૃત્તિઓથી પર્યાવરણને ભારે નુકસાન થઈ રહ્યું છે, જેની અસર તેમના સ્વાસ્થ્ય, આજીવિકા અને જીવન પર પડી રહી છે. મીઠું પકવવાના પાટા (સોલ્ટ પેન) અને બ્રાઇન (ક્ષારીય પાણી)ના લીકેજને કારણે આસપાસની જમીન અને ભૂગર્ભ જળ ક્ષારીય બની ગયાં છે. દેવપરા, પાડલી અને આસપાસનાં ગામોમાં કૂવા અને તળાવોનું પાણી પીવાલાયક રહ્યું નથી. આ તમામ ગામોમાં ખેતી પર અસર પડી છે – બાજરી ઘઉં જેવા પાકો નષ્ટ થાય છે. ખેડૂતોએ જમીનો વેચવી પડે છે અથવા અન્ય વ્યવસાય તરફ વળવું પડે છે. માછીમારો કહે છે કે, સમુદ્રમાં છોડવામાં આવતા કચરાથી માછલીઓ દૂર જાય છે તેથી તેમની આવક ઘટી ગઈ છે. તેમણે પોતાનો વ્યવસાય છોડવા મજબૂર થવું પડ્યું છે. પર્યાવરણીય અસરો માત્ર જમીન અને પાણી સુધી જ સીમિત નથી. હવામાં ફેલાતી ધૂળ અને કેમિકલ્સથી શ્વાસની તકલીફ, ત્વચાના રોગ અને અન્ય બીમારીઓ વધી ગઈ છે. દેવપરા જેવાં ગામોમાં ગંભીર બીમારીઓનું સંકટ વધ્યું છે, જેને સ્થાનિકો જાહેર આરોગ્ય સંકટ તરીકે વર્ણવે છે. પશુઓ પણ આ પ્રદૂષણથી અસરગ્રસ્ત થયાં છે.

આ સમસ્યાઓ વિરુદ્ધ સ્થાનિક લોકોની લડત દેવરામભાઈ વાલાભાઈ ઘોડા ચલાવે છે. દેવપરા ગામના આ નાના ખેડૂતે વર્ષોથી આ પ્રદૂષણ વિરુદ્ધ અવાજ ઉઠાવ્યો છે. ૨૦૧૨ના ઓખા મ્યુનિસિપાલિટીના ઇન્સ્પેક્શનથી લઈને વારંવાર અધિકારીઓને અરજીઓ, ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (જીપીસીબી)ને રજૂઆતો – તેમણે તમામ પ્રકારના માર્ગ અજમાવી જોયા છે. તેમણે કાયદાકીય રસ્તો પણ લીધો અને તેમાં ઝઝૂમતા રહ્યા.

દેવરામભાઈના આંદોલને વખતોવખત સ્થાનિક સમર્થન મેળવ્યું અને મીડિયામાં પણ તેની ચર્ચા થતી રહી છે. અગાઉ દેવરામભાઈએ નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલ (એનજીટી)માં પણ અરજી કરી હતી. એનજીટીએ જીપીસીબીને તપાસનો આદેશ આપ્યો. જીપીસીબીના ૫૩ પાનાંના રિપોર્ટમાં કંપનીને મોટાભાગે સ્ટાન્ડર્ડ્સનું પાલન કરતી જણાવવામાં આવી હતી, જેના આધારે એનજીટીએ ૨૦૨૪માં અરજીને રદ કરી હતી. તેમ છતાં, દેવરામભાઈએ લડત ચાલુ રાખી છે. તેમનું કહેવું છે કે, વાસ્તવિકતા અને અધિકારીઓના રિપોર્ટમાં તફાવત છે. ટાટા કેમિકલ્સ આ તમામ આરોપોને નકારે છે. કંપની કહે છે કે, તે જીપીસીબી અને અન્ય ધોરણોનું પાલન કરે છે, એફલુઅન્ટ ટ્રીટમેન્ટ પ્લાન્ટ ચલાવે છે, ઝીરો લિક્વિડ ડિસ્ચાર્જ તરફ આગળ વધી રહી છે અને સ્થાનિક સમુદાય માટે શિક્ષણ, આરોગ્ય અને જળ-સંરક્ષણના કાર્યક્રમો ચલાવે છે. તેણે જૈવવૈવિધ્યના સંરક્ષણમાં પણ યોગદાન આપ્યું છે તેવો કંપનીનો દાવો છે.

મીઠાપુર (ટાટા કેમિકલ્સ) એનજીટી કેસમાં જીપીસીબી રિપોર્ટના મુખ્ય મુદ્દા

એનજીટી કેસમાં અરજીકર્તા દેવરામભાઈ વાલાભાઈ ઘોડાની ફરિયાદ પર, ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (જીપીસીબી)એ વિગતવાર જોઇન્ટ

YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

કમિટી રિપોર્ટ રજૂ કર્યો હતો. આ રિપોર્ટ ૨૮-૨૯ ઑગસ્ટ ૨૦૨૩ના રોજ કરવામાં આવેલી ટાટા કેમિકલ્સના પ્લાન્ટની તપાસ પર આધારિત છે. મીઠાપુરમાં તાતા કેમિકલ્સના પ્લાન્ટ સામે પર્યાવરણીય પ્રદૂષણ (ક્ષારીયતા, જમીન-પાણી પ્રદૂષણ, સમુદ્ર પ્રદૂષણ)ના આરોપોને લઈને નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલ (એનજીટી)માં અનેક અરજીઓ થઈ છે. સૌથી તાજેતરનો અને સક્રિય કેસ દેવરામભાઈ વાલાભાઈ ઘોડા દ્વારા દાખલ કરવામાં આવ્યો, જેની અરજી ૩૦ ઑક્ટોબર ૨૦૨૩ની આસપાસ થઈ છે.

મુદ્દાઓ : ટાટા કેમિકલ્સના પ્લાન્ટમાંથી ક્ષારીય કચરો, સ્લરી અને એફ્લુઅન્ટને કારણે આસપાસની જમીન, ભૂગર્ભ જળ અને તળાવોમાં મીઠાનું પ્રમાણ વધી ગયું છે. ખેતી અસરગ્રસ્ત થઈ છે, પાણી અયોગ્ય બન્યું. સિમેન્ટ પ્લાન્ટમાંથી ડસ્ટ (ધૂળ)ના પ્રદૂષણને કારણે સમુદ્ર અને મરીન નેશનલ પાર્ક પર અસર થઈ છે.

એનજીટીની કાર્યવાહી : એનજીટીએ ફરિયાદની તપાસ માટે જીપીસીબીને આદેશ આપ્યો. જીપીસીબીએ વિગતવાર રિપોર્ટ રજૂ કર્યો. રિપોર્ટમાં ટાટા કેમિકલ્સ સ્ટાન્ડર્ડ્સનું પાલન કરે છે તેવું કહેવાયું, પરંતુ સ્થાનિક ફરિયાદોની તપાસ અને મોનિટરિંગ ચાલુ રાખવાનું કહેવાયું. એનજીટીએ જીપીસીબી રિપોર્ટને ધ્યાનમાં લઈને કેસનું મોનિટરિંગ ચાલુ રાખ્યું છે. અરજીકર્તા તરફથી રિપોર્ટ પર વિરોધ/ટિપ્પણીઓ નોંધવામાં આવી છે, પરંતુ એનજીટીએ અંતિમ ચુકાદામાં કંપનીને સ્ટાન્ડર્ડ્સનું કડક પાલન કરવાનું અને નિયમિત મોનિટરિંગ કરવાનું કહ્યું છે.

ટાટા કેમિકલ્સના મીઠાપુર પ્લાન્ટમાંથી વહેતાં કચરાગ્રસ્ત પાણીનો પ્રવાહ ખંભાતના અખાતમાં આવેલા મરીન નેશનલ પાર્કના ૧૫૦ એકરથી વધુ વિસ્તારમાં ફેલાઈ ગયો છે. આ વિસ્તાર ભારતના પશ્ચિમ કિનારે સૌથી વધુ જૈવિક વિવિધતાવાળા પ્રદેશોમાંનો એક છે - જ્યાં ચેરિયા (મેન્ગ્રુવ્સ), પરવાળાં (કોરલ), મડસ્પિકર અને વ્હેલ શાર્ક જેવા જીવો વસે છે. આ મરીન પ્રૉટેક્ટેડ એરિયાના આશરે ૧૦ કિલોમીટર વિસ્તારમાં ઔદ્યોગિક કચરાના કણો સ્થિર થવાથી નોંધપાત્ર પર્યાવરણીય અધોગતિ થઈ છે. નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ઓશનોગ્રાફી અનુસાર, મીઠાપુર વિસ્તારના મીઠાના પાટા પણ ભૂગર્ભ જળમાં ઝડપથી ક્ષારીયતા વધારવાનું કારણ છે. અનેક ગામલોકોએ પોતાની ખેતીની જમીન ગુમાવી છે, જે ટાટા કેમિકલ્સના ક્ષારીય કચરાના ખુલ્લા ડમ્પ માટે વપરાઈ રહી છે.

જૂન ૨૦૦૮માં જીપીસીબીની ગાંધીનગરની મુખ્ય ઑફિસમાં ટીસીએલની કન્સેન્ટ અરજીના દસ્તાવેજોના અભ્યાસમાં જાણવા મળ્યું કે, આ પ્રવાહી કચરો સીધો મરીન નેશનલ પાર્કમાં જ છોડવામાં આવી રહ્યો છે. તપાસકર્તાઓ અનુસાર, ટાટાએ ૧૯૮૭ના ગુજરાત હાઈકોર્ટના સ્ટે ઑર્ડરના આધારે પરવાનગી મેળવી હતી, કારણ કે પાર્કની જાહેરાત પહેલાં જ આ યુનિટ સ્થપાઈ ચૂક્યું હતું.

સ્લરી અને બ્રાઇનના નિકાલથી ખેતરો અને ભૂગર્ભ જળસ્તર ક્ષારીય બની ગયાં છે. અનેક ગામોમાં તળાવો અને કૂવાઓમાં ક્ષાર વધી જવાથી ખેતી અને પાણીની ઉપલબ્ધતા પર અસર પડી છે. કેટલાક અહેવાલોમાં સમુદ્રમાં સીધા કચરાના નિકાલની વાત છે, જે માછીમારી અને સ્થાનિક વનસ્પતિને અસર કરે છે. કંપની આ ફરિયાદોને નકારે છે અને કહે છે કે, તે પર્યાવરણીય ધોરણોનું પાલન કરે છે. તેણે જળ વ્યવસ્થાપન અને સંરક્ષણના કાર્યક્રમો પણ ચલાવ્યા છે. સોડાએશ પ્લાન્ટના એફ્લુઅન્ટ (પ્રક્રિયા દરમિયાન ઉત્પન્ન થતો કચરો)માં કેલ્શિયમ કાર્બોનેટ, સલ્ફેટ વગેરે હોય છે, જે સમુદ્રમાં છોડવામાં આવે છે. તેનાથી મરીન નેશનલ પાર્કમાં મેન્ગ્રુવ્સ, પરવાળાં અને માછલીઓના આહાર પર અસર થઈ છે. ૨૦૦૧ અને ૨૦૦૩માં મોટા અકસ્માતો (પાઇપલાઈન ફાટવાથી) થયા, જેમાં હજારો ટન કચરો છલકાયો અને મેન્ગ્રુવ્સ નાશ પામ્યાં.

માછીમારોના કહેવા મુજબ, માછલીઓ દૂર જવાથી આવક ઘટી છે. અનલાઇન્ડ સ્લરી પાન અને ડમ્પિંગ સાઇટ્સ (લગભગ ૨૪૩ હેક્ટર)માં કચરો જમા થાય છે. લૂઝ સોઇલ અને ડસ્ટથી આસપાસનાં ગામોની જમીન, હવા પ્રદૂષિત થયાં છે. પશુઓનાં મૉત અને ખેતરોમાં ક્ષારીય પાણી ફેલાવાની ફરિયાદો છે. પ્લાન્ટ, મોટા પ્રમાણમાં ભૂગર્ભ જળ અને તળાવો (ભીમગાજા, મીઠીખારી)નું પાણી વાપરે છે, જે સ્થાનિક પાણીની અછત વધારે છે.

૧૯૯૩ના એક અભ્યાસમાં જણાવાયું હતું કે, મીઠાપુર પ્લાન્ટ દરરોજ આશરે ૧.૮ કરોડ લિટર અત્યંત આલ્કલાઇન પ્રોસેસ વેસ્ટ ઉત્પન્ન કરે છે. આ કચરો પાણીમાં ૧૫૦ ગ્રામ/લિટર સસ્પેન્ડેડ સોલિડ્સ અને ૨૫ મિલીગ્રામ/લિટર એમોનિયાકલ નાઈટ્રોજન હોય છે. આને હાઈ ટાઈડ લાઈનની ઉપરની માર્શી લેન્ડમાંથી મરીન સેન્ચ્યુરી વિસ્તારમાં છોડવામાં આવે છે. તેની ઊંચી ઘનતાને કારણે આ દૂધિયા સફેદ પ્રદૂષિત પાણી સમુદ્રનાં પાણી સાથે સારી રીતે ભળતાં નથી, પરંતુ અંતરિયાળ વિસ્તારોમાં ફેલાઈ જાય છે અથવા કિનારે ઢગલા થઈને સ્થિર થાય છે. આ સફેદ રંગ કેલ્શિયમ કાર્બોનેટ, કેલ્શિયમ સલ્ફેટ, મેગ્નેશિયમ હાઈડ્રોક્સાઈડ અને સિલિકા જેવા સસ્પેન્ડેડ સોલિડ્સને કારણે છે. અભ્યાસમાં જણાયું કે, કાચું કચરા પાણી ઝેર હતું. ૨૦ ટકા સાંદ્રતામાં પણ માછલીઓ ૧૫ મિનિટથી વધુ સમય સુધી જીવી શકતી નથી. ટાટા કેમિકલ્સ દ્વારા સ્પોન્સર કરવામાં આવેલા એક અન્ય અભ્યાસમાં સ્વીકારવામાં આવ્યું કે, આ કચરાયુક્ત પાણી ઝેરી છે, પરંતુ એવો દાવો કરવામાં આવ્યો કે, ''ફેક્ટરીમાંથી છોડવામાં આવતું કચરાયુક્ત પાણી ખંભાતના અખાત સુધી જથ્થામાં પહોંચતું નથી.''

મીઠાપુર પ્લાન્ટની કચરા નિકાલ માટેની પાઇપલાઇન્સ મરીન નેશનલ પાર્કની જાહેરાત પહેલાં જ નાખવામાં આવી હતી. આ દાયકામાં ત્રણ વર્ષના ગાળામાં બે વિનાશક અકસ્માતો થયા છે. ૨ જૂન ૨૦૦૧ના રોજ સમલાસરથી પાડલી અને મીઠાપુર સુધીની મીઠાની બ્રાઇન પાઇપલાઇન ફાટી ગઈ, જેનાથી હજારો ટન પ્રદૂષિત કચરો પાર્કમાં છલકાઈ ગયો. વાઇલ્ડલાઇફ પ્રૉટેક્શન એક્ટ હેઠળ કંપની વિરુદ્ધ કેસ નોંધાયો અને બે ઇજનેરોની અસ્થાયી ધરપકડ કરવામાં આવી. ત્રણ વર્ષ પછી, ઑક્ટોબર ૨૦૦૩માં ફરી અકસ્માત થયો. આ વખતે ટીસીએલના સ્લરી પોન્ડમાંથી ૩ લાખ ટન કેલ્શિયમ ક્લોરાઈડ છલકાઈ ગયું. ૧,૫૦૦થી વધુ મેન્ગ્રુવ્સ છોડ મરી ગયા. પ્લાન્ટના ચાર કર્મચારીઓને અટકાયતમાં લેવાયા. જીપીસીબીએ સોડાએશ પ્લાન્ટ બંધ કરવાનો આદેશ આપ્યો, પરંતુ એક અઠવાડિયા પછી કંપનીએ માત્ર સ્લરી સાફ કરવાનું અને ભવિષ્યમાં

YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

સલામતીનાં પગલાં લેવાનું વચન આપીને ફરી ચાલુ કરવાની મંજૂરી મેળવી લીધી. કિનારા પાસેની આશરે ૨૪૩ હેક્ટર ખેતીની જમીન આજે કંપનીની વેસ્ટ ડિસ્પોઝલ સાઇટ બની ગઈ છે. ટાટા કેમિકલ્સ વાર્ષિક ૮૭,૬૦,૦૦૦ ટન સોડાએશ ઉત્પન્ન કરે છે, જેનાથી આશરે ૪,૩૭,૫૦૦ ક્યુબિક મિટર સોલિડ વેસ્ટ ઉત્પન્ન થાય છે.

જીવન-રોજીના મુદ્દાઓ : ડમ્પિંગ સાઈટ્સની આસપાસનાં ગામલોકો કહે છે કે, ક્ષારીયતાના વધારાથી પાણીનું તીવ્ર સંકટ સર્જાયું છે અને ખેતીની જમીન ઉજ્જડ બની ગઈ છે. વર્ષ ૨૦૦૦માં ટાટા કેમિકલ્સનો મીઠાપુર પ્લાન્ટ દરરોજ આશરે ૧.૪ કરોડ લિટર પાણી ભૂગર્ભ જળ અને વિસ્તારના બે મીઠાં પાણીનાં તળાવો - ભીમગજા અને મીઠીખારી - માંથી ઉપાડતો હતો. તમામ કિનારાનાં ગામોમાં પીવાનાં પાણી અને ખેતીના સંકટને કારણે સ્થાનિક લોકોને અન્ય વિસ્તારોમાં સ્થળાંતર કરવું પડે છે અથવા ટાટા કેમિકલ્સમાં જ કોન્ટ્રાક્ટ પર કામ કરવું પડે છે - એ જ કંપની જેને તેઓ વર્તમાન મુશ્કેલીનું કારણ માને છે. લાલપુર ગામની મહિલાઓએ ફરિયાદ કરી કે, ટાટાના સેટલિંગ પોન્ડમાંથી નીકળતા ઝેરી વાયુ તેમના ગામ સુધી પહોંચી રહ્યા છે. અનેક મહિલાઓએ ત્વચાના રોગો, શ્વાસની તકલીફ અને પાચન સંબંધિત બીમારીઓની ફરિયાદ કરી. તેઓ કહે છે કે, પાંચ વર્ષ પહેલાં પાણીની અછત વખતે પણ જે પાકો સારા ઉત્પન્ન થયા હતા, તે હવે નિષ્ફળ જાય છે. એક સમયે મીઠું પાણી આપતું ભૂગર્ભ જળ હવે અયોગ્ય બની ગયું છે તેથી તેમને પાણી ખરીદવું પડે છે અથવા દૂરથી લાવવું પડે છે, જે તેમના ઘરેલુ કાર્યમાં વધારો કરે છે.

ક્ષારીયતાનો વધારો : ગુજરાત સરકારના 'ક્ષાર પ્રવેશ નિવારણ વર્તુળ' (સેલિનિટી ઇન્ગ્રેસ પ્રિવેન્શન સર્કલ)- રાજકોટ દ્વારા એકત્રિત કરવામાં આવેલા આંકડા દર્શાવે છે કે, ટાટા કેમિકલ્સનાં મીઠાનાં પાન પાસે ક્ષારીયતા વધી છે. (વિવિધ ગામોના કૂવાઓમાં ટીડીએસના આંકડા - વસઈ, મોજપ, ગઢેચી, પાડલી વગેરેમાં ૧૯૯૫થી ૨૦૦૪ વચ્ચે નોંધપાત્ર વધારો જોવા મળ્યો છે.) પાડલીની વરસાદી પાણીની નાળીમાંથી દુર્ગંધવાળું પાણી અરબી સમુદ્રમાં વહે છે. ટાટાના અધિકારી કહે છે કે, આ તેમના પ્લાન્ટમાંથી નથી આવતું, પરંતુ અન્ય અધિકારીઓ કહે છે કે, સેટલિંગ પોન્ડ ઓવરફ્લો થાય ત્યારે કચરાવાળું પાણી આ નાળીમાં છોડવામાં આવે છે. જીપીસીબીએ મે ૨૦૦૮માં કંપનીએ ''કન્સેન્ટ ટુ ઑપરેટ'' આપ્યું, જ્યારે એપ્રિલ ૨૦૦૮માં મુલાકાત વખતે કંપની પાસે કન્સેન્ટ હતું જ નહીં. છેલ્લું કન્સેન્ટ ઓગસ્ટ ૨૦૦૭માં સમાપ્ત થયું હતું. આમ, લગભગ ૧૦ મહિના સુધી પ્લાન્ટ, વિના-પરવાનગીએ ચાલ્યો હતો. અનેક ખેડૂતોને પોતાની જમીન વેચવી પડી. પાડલી ગામનાં સોનીબહેન મોડબા, જેમણે ટાટા પ્લાન્ટની પાછળની પોતાની ૬ હેક્ટર જમીન વેચી દીધી. તેઓ કહે છે, ''અમે આ જમીન પર બાજરી ઉગાડતા હતા. પરંતુ મીઠાના પાન અને કેમિકલ કચરાએ જમીનને એટલી બગાડી દીધી કે, છેલ્લા વર્ષે અમને કોઈ ઉત્પાદન જ મળ્યું નહોતું. તેથી નાછૂટકે જમીન વેચવી પડી.''

એક પછી એક ગામલોકોએ પોતાનું બધું ગુમાવી દીધું છે - પાણીનો સ્રોત, જમીન અને તેની સાથે તેમની રોજી-રોટી. કન્ઝર્વેશન (સંરક્ષણ)ને અગરિયાઓને હટાવવાનું સાધન બનાવી દેવાયું છે, પરંતુ મોટી કંપનીઓ વિરુદ્ધ વ્યાપક પ્રદૂષણ અને પર્યાવરણ વિનાશના આરોપોમાં સત્તાધીશોએ કડક વલણ અપનાવવાનું ટાળ્યું છે. સ્થાનિક સમુદાયોને બેવડો ખતરો છે - એક તરફ સંરક્ષણના નામે તેઓને વિસ્થાપિત કરવામાં આવે છે અને બીજી તરફ મોટી કંપનીઓ તેમની ખેતીને નષ્ટ કરીને તેમને સ્થળાંતર તરફ ધકેલે છે.

દેવરામભાઈ લાંબા સમયથી ફોન પર ગુજરાત લોક સમિતિનાં નીતાબહેનના સંપર્કમાં હતા. તેવામાં સમાચાર મળ્યા કે, દેવરામભાઈએ અન્ન-જળનો ત્યાગ કર્યો છે અને ઉપવાસ પર બેઠા છે. આ સાંભળીને દ્વારકા જવાનું થયું.

મૂળ મુદ્દો એવો હતો કે દેવરામભાઈની ફરિયાદને ધ્યાનમાં લઈને ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડની એક ટીમ ત્રણેક મહિના પહેલાં આવી હતી. તે ટાટા કેમિકલ્સ દ્વારા ફેલાવવામાં આવી રહેલા પ્રદૂષણ વિષે સેમ્પલ લઈ, અભ્યાસ કરવા આવી હતી. તેમાં એમને વિવિધ સ્થળે લઈ જઈ દેવરામભાઈએ પોતે સેમ્પલ લેવડાવ્યાં હતાં. તેમાં દરિયાની અંદર પણ બોટમાં બેસીને દેવરામભાઈ અને જીપીસીબીની ટીમ ગઈ હતી, પરંતુ ટાટા પ્લાન્ટમાંથી એટલી બધી સ્લરી છોડવામાં આવે છે કે દૂર સુધી દરિયો એનાથી ભરાઈ ગયો છે. ૨૫ ફૂટનો વાંસ લઈ તેમાં નાખવામાં આવે તો આખેઆખો વાંસ તેમાં ડૂબી જાય છે. હાથમાં લઈને કાઢવામાં આવે તો ખોબેખોબા કેમિકલના ગારાના નીકળે છે અને તે એટલી હદે કે આ ટીમની બોટ આ કાદવમાં ફસાઈ ગઈ અને કોઈ રીતે નીકળી શકે એમ હતી નહીં. ખૂબ પ્રયત્ન પછી રાતે ૧૧ વાગ્યે સૌને બહાર કાઢી શકાયા. આવી સ્થળ ઉપરની પણ જે સ્થિતિ છે તે દેવરામભાઈએ તેમને બતાવી અને સેમ્પલ લેવડાવ્યાં. એ પછી તેઓ જીપીસીબીના રિપોર્ટની રાહ જોઈ રહ્યા હતા. વારંવાર દેવરામભાઈએ જીપીસીબીને પત્રો લખીને પુછાવ્યું કે, તેમની મુલાકાત અને સેમ્પલની તપાસનું શું પરિણામ આવ્યું. પરંતુ દેવરામભાઈને જવાબ મળી રહ્યો નહોતો.

છેવટે અંતિમ ઉપાય તરીકે તેમણે દ્વારકા મામલતદારની કચેરી બહાર આમરણાંત ઉપવાસ પર બેસવાનું નક્કી કર્યું. તે વિષે તેમણે જાહેરાત કરી અને અંતે ઉપવાસ પર બેઠા. ગુજરાત લોક સમિતિમાંથી અમે લોકો જ્યારે પહોંચ્યા ત્યારે લગભગ એમના ઉપવાસનો પાંચમો-છઠ્ઠો દિવસ હતો. મામલતદારની કચેરીની બહાર ઉપવાસ પર બેઠા તે દિવસથી, મામલતદાર કાર્યાલય પર આવે નહીં. અમે પહોંચ્યા ત્યારે દેવરામભાઈ અને તેમનો દીકરો ફક્ત બે જ જણ હાજર, એ જોઈને અમને ઘણું આશ્ચર્ય થયું કે, આટલી મોટી સમસ્યા અને આટલી મોટી જનસંખ્યા એનાથી પીડાઈ રહી હોવા છતાં દેવરામભાઈ સાથે બેસનારા પાંચ-દસ માણસ પણ કેમ નથી !

મામલતદાર હાજર નહોતા એટલે એમને મળી શકાય એમ નહોતું અને દિવસ ઢળવાને હજી વાર હતી એટલે દેવરામભાઈ સાથે થોડો સમય બેઠા પછી અમે દેવપરા જવા નીકળી ગયા. દેવરામભાઈ ઉપવાસ પર હતા એટલે પોતે આવી શકે એમ નહોતા એ સ્વાભાવિક હતું. એક જુવાન છોકરો અને સાથે એક કિશોર આવ્યા. પણ થોડુંક જ આગળ જતાં પ્લાન્ટમાંથી નીકળેલા ઘન-કચરાના હિમાલય જેવા ઊંચા પહાડ દેખાવા લાગ્યા. છોકરાઓએ અમને કહ્યું કે, આ જોઈ લો અને ફોટા પાડી લો.

YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

અમે પૂછ્યું કે આ સિવાય બીજું શું છે, તકલીફ શું શું છે ? પણ છોકરાઓ ગભરાયેલા હતા અને વધારે કંઈ કહેવા કે સાથે આવવા તૈયાર નહોતા. છેવટે એમને ગામમાં પાછા મૂકી આવી, અમે જાતે એકલા જ નીકળી પડ્યા અને એક પછી એક ભયંકરતા અમારી નજર સામે આવતી ગઈ. એક જગ્યાએ વિશાળ પાઈપો દરિયા તરફ જતી દેખાઈ. અમે એ તરફ આગળ વધ્યા. આગળ કંપનીનો વિશાળ દરવાજો, એટલે ખાસ કંઈ દેખાય નહીં, પરંતુ એફ્લુઅન્ટ (પ્રવાહી કચરો)ને દરિયામાં ઠાલવતી આ પાઈપો છે તે સમજાયું. આ સ્થળેથી બેટ-દ્વારકા માંડ ૯ કિલોમીટર દૂર. અફાટ દરિયામાં ૯ કિલોમીટરનું અંતર શું કહેવાય ! કૃષ્ણની નગરીથી આટલે નજીક દરિયો આટલો ઝેરી અને પ્રદૂષિત છે !

દરમિયાન દેવરામભાઈના ફોન સતત આવતા હતા અને અમે એકલા ફરી રહ્યા છીએ, તેથી કાળજી રાખીને એની ચિંતા વ્યક્ત કરતા હતા. અમે લોકો ગામમાં ઘણાં ઘરે ગયા, ત્યાં ઘરોમાં અસહ્ય માત્રામાં ભેગી થતી રજકણ અને તેને લીધે થતી શારીરિક તકલીફો જોઈ શક્યા. ગામના લોકોનો ભય પણ જોઈ શક્યા. આટલી તકલીફ હોવા છતાં એ વિષે બોલવાની હિંમત લોકો નહોતા બતાવી શકતા એ વર્તાયું. પણ અમારા ગામમાં જવાથી અને એ આખા વિસ્તારમાં ફરવાથી લોકોમાં વાત ફેલાઈ કે બહારથી પણ કોઈ દેવરામભાઈની પડખે ઊભું રહેવા આવ્યું છે. તેથી બીજા દિવસ સવારથી લોકો આવીને દેવરામભાઈ સાથે બેસવા લાગ્યા. એમની ચોકી કરવા પોલીસ બેસાડી હતી એ પોલીસના જથ્થામાં પણ વધારો કરી દેવામાં આવ્યો. સરકાર અને પોલીસમાંથી આવીને વારેવારે લોકો અમારા બધાના ફોટો અને વિડિયો સતત લઈ રહ્યા હતા. બીજે દિવસે પણ મામલતદાર પોતાના કાર્યાલયમાંથી ગાયબ ! સાથોસાથ દેવરામભાઈ સાથે બેસવા આવનારાઓની ભીડ વધતી જ ગઈ. આ બધાની અસર સરકાર અને તંત્ર પર પડવાની શરૂ થઈ અને દબાણ ઊભું થયું. અમે દેવરામભાઈને આગ્રહ કર્યો કે તમે ભલે ખોરાક ન લો, પરંતુ પાણી તો પીવું જ જોઈએ. પાણી પણ નહીં પીવાથી શરીરનાં અંગોને નુકસાન પહોંચી શકે, પણ દેવરામભાઈ અડગ હતા અને સરળતાથી માનવા તૈયાર નહોતા.

આ બધું ચાલ્યું અને એ જ દિવસે લોકોનું દબાણ જોતાં જીપીસીબીએ દેવરામભાઈને પત્ર મોકલ્યો કે અમે જે તપાસ કરી ગયા હતા એનો રિપોર્ટ હજી તૈયાર થયો નથી, થશે એટલે તમને મોકલીશું. અત્યારે તમે ઉપવાસ છોડી દો, પણ દેવરામભાઈ ડગ્યા નહીં. આખરે બીજા દિવસે મેડિકલ ઓફિસર તથા પોલીસ આવ્યા અને બળજબરીથી દેવરામભાઈને સરકારી હૉસ્પિટલ લઈ ગયા. એમની તબિયત બગડવાની શરૂ થઈ હતી. એમને સારવાર આપી અને ગ્લુકોઝ તથા દવાના બાટલા ચડાવ્યા તેથી એક રીતે શરીરમાં દ્રવ્ય ગયું એટલે ઉપવાસ તૂટી ગયા બરાબર કહેવાય. સૌએ એમને હમણાં થોભી જવા ભલામણ કરી અને સૌની વાત માની તેઓ દેવપરા પાછા ગયા.

એ પછી ૮ મે, ૨૦૨૬ના રોજ જીપીસીબીએ પત્ર મોકલી જણાવ્યું કે, દેવરામભાઈ દ્વારા વખતોવખત મળેલી ફરિયાદો અન્વયે જીપીસીબીએ પોતે આવીને દેવમરાભાઈ સાથે સ્થળ તપાસ કરી છે અને એ પછી હવે ટાટા કંપનીને નોટિસ ઓફ ડાયરેક્શન અંડર સેક્શન ૩૧-એ ઑફ ધી એર (પ્રિવેન્શન એન્ડ કંટ્રોલ ઓફ પોલ્યુશન) એક્ટ ૧૯૮૧ તેમ જ બીજી ડાયરેક્શન અંડર ધી વોટર (પ્રિવેન્શન એન્ડ કંટ્રોલ ઓફ પોલ્યુશન) એક્ટ ૧૯૭૪ નોટિસ આપવામાં આવી છે.

આ મુજબ ટાટા કેમિકલ્સને રાષ્ટ્રીય સ્તરે પ્રતિષ્ઠિત સંસ્થાઓ જેમ કે આઈઆઈટી, એનઆઈટી, નીરી અથવા એનઆઈઓએસ જેવી સંસ્થાને નિયુક્ત કરવા માટે સૂચના આપવામાં આવી છે. આ સંસ્થા ઉદ્યોગના સંચાલનના કારણે ઉદ્યોગની આસપાસનાં હવા, જળ, જમીનના પ્રદૂષણનો ઊંડાણપૂર્વક અભ્યાસ કરશે તેમ જ જોખમી કચરાના વ્યવસ્થાપનને ચકાસશે. પર્યાવરણીય સ્થિતિને સુધારવા માટે અભ્યાસ-અહેવાલમાં જરૂરી જણાય એવાં યોગ્ય પગલાં લેવાનું સૂચન કરશે. આ સંદર્ભે કંપની દ્વારા નીરી સંસ્થાનો સંપર્ક કરવામાં આવ્યો છે અને તેને તપાસ અને અભ્યાસ કરવાનું કામ સોંપવામાં આવ્યું છે.

એ પછી ગુજરાત લોક સમિતિની મદદથી દેવરામભાઈને ફરી પત્ર લખી જણાવ્યું કે, જ્યારે કોઈ પણ ટીમ અભ્યાસ માટે આવે ત્યારે સીધા કંપની પાસે જવાને બદલે અભ્યાસ દરમિયાન દેવરામભાઈને સાથે રાખે, જેથી અભ્યાસમાં સ્થળોની મુલાકાત અને સેમ્પલ વગેરે તટસ્થ રીતે લેવાયાં હોવાની ખાતરી થઈ શકે. એ પછી ઘણો સમય વીત્યો હોવા છતાં નીરી દ્વારા કોઈ તપાસ હાથ ધરાઈ નહીં. તેથી દેવરામભાઈએ જીપીસીબીના મુખ્ય કાર્યાલય ગાંધીનગર ખાતે ઉપવાસ કરવાનું નક્કી કર્યું અને તેની જાહેરાત કરી.

ગાંધીનગરમાં દેવરામભાઈએ અનિશ્ચિતકાલીન ઉપવાસ શરૂ કર્યા અને ૯ મે, ૨૦૨૬ના રોજ જીપીસીબીને સ્ટેચ્યુટરી નોટિસ પાઠવી. આ નોટિસમાં તેમણે વર્ષોથી ચાલતા પ્રદૂષણ, જીવન-રોજીની હાનિ અને આરોગ્ય-સંકટનો ઉલ્લેખ કર્યો.

આ વખતે ગાંધીનગરમાં તેમની સાથે બીજા બે જણ પણ જોડાયા. ગાંધીનગર કચેરીમાં રૂબરૂ મુલાકાત કરી વાત કરતાં દેવરામભાઈ અને અન્યોનો અસંતોષ જોતાં જીપીસીબી દ્વારા તેમને બાંયધરી આપવામાં આવી કે, ૧૮મી મેના રોજ સવારે ૮ વાગ્યે તેમના દ્વારા રજૂ કરવામાં આવેલા આધાર-પુરાવા અને રજૂઆતો બાબત ગાંધીનગર જીપીસીબીની ટીમ રૂબરૂ મુલાકાત કરશે અને દેવરામભાઈ કહે ત્યાંથી સેમ્પલ લઈ વડી કચેરીએ તપાસ અહેવાલ રજૂ કરશે.

દેવપરા, પાડલી, હમુસર, આરંભડા, ભીમરાણા ગામોમાં તેમ જ દરિયામાં થતા કેમિકલનાં પ્રદૂષણ, પાઈપલાઈનનાં પ્રદૂષણ તેમ જ કેમિકલ વેસ્ટના મોટા ઢગલાઓ તથા રૂબરૂમાં જે દર્શાવે તે તમામ વિગતોની વિસ્તૃત તપાસ કરવામાં આવશે. આમ, દેવરામભાઈની લડત નિરંતર ચાલ્યા કરે છે. કોઈ પણ વ્યક્તિ આવા અથાગ સંઘર્ષ અને સતત રહેતા પ્રદૂષણના પ્રકોપથી થાકી જાય અને હારી પણ જાય. પરંતુ, દેવરામભાઈએ સંકલ્પ લઈ રાખ્યો છે કે, તેઓ શરીરમાં પ્રાણ છે ત્યાં સુધી આ અન્યાય સામે લોકોનો અવાજ બની લડતા રહેશે. દેવરામભાઈના સંકલ્પને અને શક્તિને પ્રણામ !

– મુદિતા વિદ્રોહી

(સાભાર 'લોક સ્વરાજ' મે-જૂન ૨૦૨૬માંથી ટૂંકાવીને)

YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

વિજ્ઞાન આશ્રમ : એક વિરલ પ્રયાસ



ડૉ. કાલબાગ

વિજ્ઞાન આશ્રમની વાત છે. આ વિજ્ઞાન આશ્રમ પુણેથી ૭૦ કિ.મી. દૂર આવેલા પાબળ ગામમાં આવેલો છે. અત્યારે આ આશ્રમ યોગેશ કુલકર્ણી અને તેના સાથીઓ ચલાવે છે, પરંતુ તેની સ્થાપના ૧૯૮૩માં ડૉ. શ્રીનાથ શેષગિરિ કાલબાગે (૧૯૨૮-૨૦૦૩) કરી છે. મુંબઈમાં વસતા શ્રીનાથ શેષગિરિ કાલબાગને બાળપણથી જ વિજ્ઞાનના પ્રયોગો કરવા બહુ ગમતા. તેમના ભાઈ સાથે મળીને ઘરમાં જ લેબોરેટરી ઊભી કરી. બી.એસસી., એમ.ટેક. કરીને ૧૯૫૩માં શિકાગો ગયા અને પીએચ.ડી. કરીને તરત પાછા ફર્યા. અમેરિકાના નિવાસ દરમિયાન તેઓ દર શનિ-રવિ ત્યાંનાં ગામડાઓની મુલાકાત લેતા હતા. તેમણે જોયું કે ત્યાંના ખેડૂતો ટેકનોલોજીનો ઉપયોગ કરીને પાકની ઉત્પાદકતા સતત વધારતા હતા. ભારત આવીને મૈસૂરની ફૂડ ટેકનોલોજીમાં અને ત્યારબાદ હિંદુસ્તાન લીવર રિસર્ચ સેન્ટરમાં વિજ્ઞાની તરીકે કામ કર્યું. તેમના કાર્યકાળ દરમિયાન ઘણાં સંશોધનોની પેટન્ટ કરાવેલ, પરંતુ ડૉ. કાલબાગ તેમના જીવનનો શેષકાળ સમાજસેવા માટે અને ખાસ કરીને ગામડાંની ગરીબ પ્રજાને સમૃદ્ધિના માર્ગે લઈ જવા માટે ખર્ચવા માંગતા હતા અને તે પણ વિજ્ઞાન દ્વારા ! ડૉ. કાલબાગ માટે વિજ્ઞાન જ તેમનો ધર્મ હતો અને તેથી આશ્રમનું નામ રાખ્યું 'વિજ્ઞાન આશ્રમ'.

તેઓ ગામડાની શાળામાં ડ્રૉપઆઉટ વિદ્યાર્થીને એક સાહસિક ઉદ્યોગપતિ બનાવવા માગતા હતા. જેથી ગ્રામીણ જીવનની જરૂરિયાતો તેમજ સમસ્યાનો ઉકેલ તે સ્વયં લાવી શકે. તેમણે જોયું કે સ્કૂલમાં ભણાવવામાં આવતા અભ્યાસક્રમ અને આસપાસ જિવાતા વાસ્તવિક જીવન વચ્ચે ઘણું અંતર છે, તેને ઘટાડવું જોઈએ. તેમના મનમાં આકાર લઈ રહેલી યોજના માટે ઘણાં ગામોની મુલાકાત લીધી, પરંતુ પાબળ ગામની ટેકરી પરથી જોતાં જણાયું કે આ ગામમાં પાણી, વીજળી અને અન્ય અનેક સમસ્યાઓ છે. જો પાબળમાં તેમના પ્રયોગને સફળતા મળશે તો ભારતનાં અન્ય ગામોમાં આ મોડલને લાગુ કરવામાં વાંધો નહીં આવે. તેમને ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ એજ્યુકેશનનો સાથ મળ્યો અને મહારાષ્ટ્ર સરકારે પાબળની ટેકરી પર વિજ્ઞાન આશ્રમ બનાવવા માટે જમીન આપી. તે સમયે મુંબઈથી પાબળ દિવસમાં એક જ વખત એસ.ટી. બસ આવતી હતી, તેમાં તેઓ દર અઠવાડિયે પાબળ જતા. તેઓ દલિત વસ્તીમાં એક રૂમ રાખીને રહેતા અને ગામના યુવાનો, સ્કૂલે જતાં બાળકોનાં માતાપિતા, ગ્રામ પંચાયતના સભ્યો, દુકાનદારો અને અન્ય વેપારીઓને મળતા. મહારાષ્ટ્ર સરકારે આપેલી ઉજ્જડ અને વેરાન જમીન પર ૧૯૮૩માં વિજ્ઞાન આશ્રમની સ્થાપના કરી.

ગામલોકોના સાથ-સહકારથી આશ્રમ બાંધ્યો અને વૃક્ષો વાવ્યાં. એ પછી તેમણે આઠ ધોરણ પછી જે બાળકોએ અભ્યાસ છોડી દીધો હોય તેમના માટે ખેતી, પશુપાલન અને સીવણનો કોર્સ ડિઝાઈન કર્યો. ધીમે ધીમે ડિપ્લોમા ઇન બેઝિક રૂરલ ટેકનોલોજી, ઇન્ટ્રોડક્શન ટુ બેઝિક ટેકનોલોજી જેવા અભ્યાસક્રમ દાખલ કર્યા. પ્રથમ વર્ષે વિજ્ઞાન આશ્રમમાં અભ્યાસ છોડી દીધેલા એવા સાઠ વિદ્યાર્થીઓને પ્રવેશ આપ્યો. ડૉ. કાલબાગ માનતા કે શિક્ષણ એ માત્ર પુસ્તકોમાં સીમિત થઈ જનારી બાબત નથી. તેમના દરેક અભ્યાસક્રમનો પાયો નીચેના ચાર સિદ્ધાંતો પર રચાયેલો–

૧. કામ કરતાં કરતાં શીખવું (learning while doing, ૨. વિવિધ કૌશલ્યની તાલીમ (multi skill training), ૩. સામુદાયિક સેવા (community service), ૪. આંત્રપ્રિન્યોરની તાલીમ (developing enterpreneurship)

ટેક્નોલોજીનો અનુભવ વિદ્યાર્થીને મળે અને તેને પોતાને કઈ ટેક્નોલોજી અને તેને લગતા કૌશલ્યમાં રસ પડે છે તે માટે, વર્ષ દરમિયાન નીચે દર્શાવેલા વિષયોમાં અનુભવ મળે તે પ્રમાણે સમય ફાળવવામાં આવ્યો.

૧. એન્જિનિયરિંગ – ફેબ્રિકેશન, કડિયાકામ, સુથારીકામ, પ્લમ્બિંગ, કમ્પ્યૂટર પ્રોસેસિંગ.

૨. ઊર્જા અને પર્યાવરણ – ઈલેક્ટ્રિકલ, ડીઝલ એન્જિન, વાયરિંગ, બિનપરંપરાગત ઊર્જા.

૩. ખેતી અને પશુપાલન – ખેતી, નર્સરી, મરઘાંઉછેર, ડેરીફાર્મિંગ.

૪. આરોગ્ય – ફૂડપ્રોડક્ટ.

એન્જિનિયરિંગની તાલીમ દરમિયાન વિદ્યાર્થીઓની ટીમને બહારના અથવા આશ્રમની અંદરના પ્રોજેક્ટનું કામ સોંપવામાં આવ્યું. જેથી વિદ્યાર્થીઓને પ્રત્યક્ષ અનુભવ Hands on Experience મળી શકે. આ કામના મહેનતાણાનો અમુક ભાગ દરેક વિદ્યાર્થી ટીમના સભ્યોને પણ વહેંચવામાં આવે છે, જેથી, વધુ જવાબદારીપૂર્ણ અને કાળજીપૂર્વક કામ થાય.

ખેતી : સંસ્થામાં માટીના પરીક્ષણ માટેની અદ્યતન લેબોરેટરી છે, જેનાથી જમીનની ક્ષતિઓ તેમજ તેમાં જરૂરી પોષક તત્ત્વો અંગે ચોક્કસપણે જાણી તેનો યોગ્ય ઉપાય થઈ શકે. હવામાનને હિસાબે પાક પર શું અસર થાય છે તેનો વૈજ્ઞાનિક પદ્ધતિથી અભ્યાસ કરવામાં આવે છે. પાકની રોપણીથી લણણીના સમયગાળા દરમિયાન ડેટા એકત્ર કરીને તેનું પૃથક્કરણ કરવામાં આવે છે. આ પરિણામ પ્રમાણે યોગ્ય પગલાં લેવામાં આવે છે. જેથી પાકને હવામાનના પ્રભાવથી બચાવી સારી ઊપજ મેળવવામાં મદદ થઈ શકે.

પશુપાલન : મરઘાં, ગાય અને બકરીના સંદર્ભમાં વિદ્યાર્થીઓએ સતત ઉત્પાદન વધે તે માટેની પદ્ધતિઓ વિકસાવી છે.

ખાદ્યપ્રક્રિયા (Food Processing) : દૂધ અને અન્ય ખેતીવાડીની પેદાશોમાંથી ખાદ્ય પદાર્થોનું ઉત્પાદન કરવું અને બજારમાં તેની માંગ વધે તે માટેની તેની બનાવવાની રીત અને પેકિંગ દ્વારા તેનું મૂલ્ય કેવી રીતે વધારી શકાય તે માટે પણ તાલીમ ઉપલબ્ધ કરવામાં આવે છે.

YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

સીવણ અને એમ્બ્રોઈડરી : અહીં કારખાનાં, સ્કૂલો વગેરેના ગણવેશની સતત માંગ રહે છે. તેથી આ કૌશલ્ય શીખવવામાં આવે તો ખાસ કરીને બહેનો માટે ઘણું ઉપયોગી બની રહે છે. ડૉ. કાલબાગનાં પત્ની મીરાં કાલબાગ, જેને આ વિસ્તારના લોકો 'અમ્મા'ના નામે સંબોધે છે, તેમણે અનેક બહેનોને શીવણ અને એમ્બ્રોઈડરી શીખવ્યાં હતાં.

લગભગ ચાર દાયકાના સમય દરમિયાન વિજ્ઞાન આશ્રમે આશરે ૭૫૦૦૦ ડ્રોપઆઉટ વિદ્યાર્થીના ધૂંધળા ભવિષ્યને ઉજ્જ્વળ બનાવ્યું છે. કેટલાક વિદ્યાર્થીઓની સિદ્ધિઓ નીચે મુજબ વર્ણવી છે :

Geodesic dome : આની રચના અને તેને બનાવવાનું કામ આશ્રમના વિદ્યાર્થીઓએ કર્યું છે. ઓછા ખર્ચમાં વધુ સુવિધાવાળું રહેઠાણ જે અલગ અલગ આબોહવામાં સંપૂર્ણપણે રક્ષણ આપે તેવી તેની રચના કરવામાં આવી છે.

Dome dryer : આ મુજબનો ડોમ ખેડૂતોના પાકને સૂકવવા માટેની માંગને સંપૂર્ણપણે સંતોષી શકે છે.

હાઈડ્રોપોનિક (Hydroponic) અને એક્વાપોનિક્સ (Aquaponics) અંગેની ટેકનોલોજી વિકસાવીને જમીનનો ઉપયોગ કર્યા વગર પાંદડાંવાળાં શાકભાજી, ઘાસચારો વગેરે ઉગાડવામાં આવે છે.

ખેતીવાડીની પેદાશોના કચરામાંથી ખાતર બનાવવામાં આવે છે, જેના દ્વારા ટામેટાંની ખેતીમાં ૩૪% સુધીનો વધારો નોંધાયો છે.

૫૦૦થી ૧૦૦૦ ઈંડાંઓને એકસાથે સેવી શકાય તેવા મશીનની શોધ કરેલ છે. અને આ મશીન બજારમાં સારી સંખ્યામાં વેચાય છે.

બજારમાં ચોખાને પૉલિશ કરી વેચવામાં આવે છે જેથી તેની પોષણક્ષમતા ઓછી થાય છે. પહેલાના સમયમાં ચોખા હાથે છડવામાં આવતા તેથી તેની પોષણક્ષમતા જળવાઈ રહેતી. આ પ્રકારનું મશીન વિદ્યાર્થીઓએ બનાવ્યું છે. તેની બજારમાં ઘણી માંગ છે અને અત્યાર સુધીમાં તેનાં ૧૫૦થી પણ વધુ મશીન વેચાયાં છે.

આવાં ઘણાં ઉદાહરણોથી ગ્રામ્ય વિસ્તારની ઉત્પાદકતા વધે અને ગામડાંઓમાં જ રોજગારીની તકો વધે તે ચોકકસપણે પુરવાર થયેલું છે.

આ સંસ્થા સાથે અમેરિકાની વિશ્વવિખ્યાત MIT - Massachusetts Institute of Technology –યુનિવર્સિટીનું જોડાણ પણ એક વિશિષ્ટ ઘટના છે. MIT ના ભૌતિકશાસ્ત્રી ડૉ. નીલ ગેર્શેનફેલ્ડ દિલ્હી આવ્યા હતા ત્યારે વિજ્ઞાન આશ્રમની મુલાકાત લીધી અને તેમના સહયોગથી વિજ્ઞાન આશ્રમમાં ફેબ લેબ અને ફેબ એકેડેમીની સ્થાપના થઈ. ફેબ લેબ એટલે એવી જગ્યા કે જ્યાં તમે 'ધારેલું ઉપકરણ બનાવી શકો' (You Can Make Almost Anything). આ વિચાર સાથે અત્યારે વિશ્વમાં બે હજાર ફેબ ચાલે છે, જેમાંની એક વિજ્ઞાન આશ્રમમાં છે. આનાથી વિદ્યાર્થીઓની કોઈ પણ સમસ્યાને ઉકેલવાની આત્મસૂઝમાં નોંધપાત્ર સુધારો થયો છે.

ડૉ. કાલબાગે જ્યારે સંસ્થાનો પાયો નાખ્યો ત્યારથી જ તેમણે તેમની ગેરહાજરીમાં સંસ્થા વધુ ફૂલેફાલે અને તેમનો વિચાર ભારતનાં ખૂણાનાં ગામોમાં પણ પ્રસરે તેનું પણ આયોજન કરેલું. ઈ.સ. ૨૦૦૩માં તેમના અવસાન બાદ તેમનાં પત્ની જીવનપર્યંત ત્યાં જ રહ્યાં. આજે યોગેશ કુલકર્ણી એટલા જ ઉત્સાહથી સંસ્થાનું સબળ અને સફળ સંચાલન કરી રહ્યા છે.

સવારે પ્રાર્થનાથી દિવસ શરૂ થાય છે. આખો દિવસ શિસ્તબદ્ધ છતાં આનંદથી બધું શીખવવામાં આવે છે અને સાંજે પંદર મિનિટ ધ્યાન કરવાનું હોય છે. સોમવારે અને શુક્રવારે સાંજે વિવિધ વિષય પર ચર્ચાનું આયોજન થાય છે. સાંજે સાડા પાંચ પછી વિદ્યાર્થીઓ સ્પોર્ટ્સમાં ભાગ લે છે અને રવિવારે ભેગા મળીને ભજન ગાય છે. ઉત્સવોની ઉત્સાહપૂર્વક ઉજવણી કરે છે, જેમાં શ્રમદાન અને ટીમવર્કનો મહિમા સમજાય છે. ૨૦૧૭ના પ્રજાસત્તાકદિને આશ્રમના એંશી વિદ્યાર્થીઓએ ગામલોકોની સહાયથી પાબળ બસસ્ટેન્ડની સિકલ–સૂરત બદલી નાખ્યાં. આજે પણ તેઓ તેને 'સર્જિકલ સ્ટ્રાઇક ઓન પાબળ બસસ્ટેન્ડ' કહીને આનંદિત થાય છે.

ગ્રામ્ય શાળાઓમાં હાલના અભ્યાસક્રમમાં વિજ્ઞાન અને આશ્રમના અભ્યાસક્રમનો ઉમેરો યોગ્ય સ્તરે કરવામાં આવે અને આશ્રમના અભ્યાસક્રમની સાથે તેને લગતાં સાધનો આપવામાં આવે તો, ગામના યુવાનોને રોજગારીની તકો ગામમાં જ મળી રહે, આવી વ્યવસ્થા જો ઊભી થાય તો હાલમાં રોજગારી માટે શહેરોમાં થતાં સ્થળાંતરો બંધ થાય અને આમ ઘણી બધી રાષ્ટ્રીય સમસ્યાનો ઉકેલ આવી શકે.

Simple living and high thinkingના પાયા પર રચાયેલ વિજ્ઞાન આશ્રમ એ જ રીતે ચાલે છે. તેમના માટે આ કોઈ સૂત્ર નથી, પરંતુ જીવન જીવવાની શૈલી છે. દરેક પ્રવૃત્તિ અને તેના આયોજન સમયે જ આર્થિક ગણતરી કરવામાં આવે છે અને કરકસરયુક્ત વહીવટ રાખવામાં આવે છે. ૨૦૧૮ સુધી અહીં પંખા પણ નહોતા અને આજે સંસ્થા પાસે પોતાનું વાહન નથી અને દરેક સંસાધનનો ઉપયોગ પણ વિચારપૂર્વક કરવામાં આવે છે.

ઘણા સમયથી વિજ્ઞાન આશ્રમ જોવાની મારી ઇચ્છા હતી તે પૂરી થઈ ત્યારે એ જોઈને અવર્ણનીય આનંદનો અનુભવ થયો. આ જોઈને મારા ચિત્તમાં વિચાર આવ્યો કે મહાત્મા ગાંધીના 'નઈ તાલીમ'ના વિચારો સાથે ડૉ. કાલબાગના સમાજસેવાના વિચારો અને દૃષ્ટિ (vision) કેટલું બધું સામ્ય ધરાવે છે !

સાભાર – વિશ્વવિહાર **– પ્રકાશ ભગવતી**

વાચકોના પત્રોમાંથી

- **શાંતિલાલ ગઢિયા,** (વડોદરા. ફોન : ૦૨૬૫-૨૭૫૦૨૭૫)

  સાડા ચાર દાયકા પહેલાં જેમણે આપણી વચ્ચેથી વિદાય લીધી એ નાનુભાઈ મજમુદાર પરનો લેખ (અંક તા. ૧/૮) સમયોચિત છે. વર્ષો પહેલાં ભૂ. જ્યારે દશવારિક હતું ત્યારે નાનુભાઈની સામાજિક-સેવાકીય પ્રવૃત્તિઓની વિગતવાર નોંધ વાંચવા મળતી. એમના વતન ભરૂચમાં એ જેટલા આદરણીય હતા, એટલા જ સમગ્ર ગુજરાતમાં હતા. કાંતિભાઈ સત્ય જ કહે છે, 'અમારો નાનુ અનેકોનો હતો.' નાનુભાઈનો સૌથી ધ્યાન ખેંચતો ગુણ – સમાજ જેટલી જ કુટુંબ પ્રત્યે પણ હૃદયપ્રીતિ – જૂજ કાર્યકર્તાઓમાં જોવા મળે છે.

YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org



૧૯૩૫ થી ૨૦૨૬

શ્રદ્ધાંજલિ

પ્રોફેસર શ્રી મધુસૂદન બક્ષીએ આપણી વચ્ચેથી વિદાય લીધી. અમદાવાદની જી.એલ.એસ. કોલેજમાં આચાર્યપદેથી તેઓ નિવૃત્ત થયા પણ ફિલસૂફી અને મનોવિજ્ઞાનમાં તેમનું વાચન અને ચર્ચા અગાઉ જેટલાં જ પ્રજ્વલિત રહ્યાં. ગુજરાત યુનિવર્સિટીના રાજ્યશાસ્ત્ર વિભાગના અધ્યાપક શ્રી યોગેન્દ્ર માંકડ કહેતા – આ ચામડીના જોડા બનાવીને પહેરાવું તો પણ તેમનું ઋણ ચૂકવી ન શકાય! નહેરુનગરના બાર નંબરના એક સાદા ફ્લેટમાં રહેનાર આ 'અધ્યાપક' બૌદ્ધિક અને એકેડેમિશ્યનમાં એવું શું હતું કે તેમને સાંભળવાનું શરૂ કર્યા પછી, તેમની વાણી દ્વારા ઊભી થતી વિચારોની હેલી સતત ચાલુ જ રહે તેવી ઇચ્છા થઈ રહેતી!

ખાસ કરીને ગુજરાતમાં, ફિલોસોફી એક મૂરઝાઈ ગયેલો વિષય છે. તેમાં બક્ષી સાહેબ બધી રીતે પારંગત હતા. ભારતીય નવદર્શન કહો કે પશ્ચિમની કોન્ટિનેન્ટલ અને બ્રિટિશ ફિલસૂફી કહો; બક્ષી સાહેબ અદ્‌ભુત અને સમગ્રતાલક્ષી ઢબે તેમની સમજ વિકસાવતા. હેગલની ફિલસૂફીના કોઈક ખૂણાને શંકરાચાર્યના અદ્વૈત-વેદાંત સાથે સાંકળી બતાવતા! ફિલસૂફી પૂર્વની હોય કે પશ્ચિમની, તેની તસુએ તસુ જમીનનો અહેસાસ તેઓ ધરાવતા! તેમની નજર કેલિડોસ્કોપિક હતી. કેલિડોસ્કોપને ગોળ-ગોળ ફેરવતાંની સાથે રંગ અને આકારનાં જે દૃશ્યો સર્જાય, તેવાં દૃશ્યો તે સ્પિનોઝાથી દેકાર્ત કે હેગલથી નિત્શે સુધી સર્જતા રહેતા. વિચારોની ગહનતા સાથે ભાષાનું સામર્થ્ય ઉમેરાતું જતું અને માહિતીના મુદ્દા ધીરે-ધીરે જ્ઞાનની દિશા પકડતા.

શ્રી યોગેન્દ્ર માંકડ અને બક્ષી સાહેબ સાથેની એક સાંજની ચર્ચામાં એવું વિચારાયું કે સામાજિક સંશોધનના ક્ષેત્રે હાઇપોથિસીસ અને તેના ફોલ્સિફિકેશનનું મહત્ત્વ વધુ સ્પષ્ટ થવું જોઈએ. કાર્લ પોપર નામના જર્મન વિદ્વાને આ મુદ્દે મહત્ત્વનું પ્રદાન કર્યું છે. મેં જણાવ્યું, આપણા પોતાના જ શ્રી મગનભાઈ દેસાઈએ સંશોધનની અલગ જ – પણ વધુ સરળ વ્યાખ્યા કરી. 'સંશોધન એટલે નહીં જાણેલું જાણવું અને જાણેલું સુધારવું'. આ ચર્ચાની ફલશ્રુતિ એટલે ગુજરાત વિદ્યાપીઠના વીસેક અધ્યાપકો સમક્ષનો બે અઠવાડિયાંની 'ફિલસૂફી અને સંશોધન' વિષય પરની કાર્યશાળા અને વર્ગો! શ્રી સુદર્શનભાઈ આયંગારે ગુજરાત વિદ્યાપીઠમાં આ વર્ગો ચાલે તે માટે તમામ સગવડો તો કરી જ આપી પણ તે પોતે પણ તેમાં ઉત્સાહભેર પ્રવૃત્ત થયા.

બક્ષી સાહેબે 'અસ્તિત્વવાદ' ઉપરાંત અન્ય અનેક લેખો અને પુસ્તકો આપ્યાં છે. પણ તેમનો ફિલસૂફી સિવાયનો 'શોખ' ગઝલનો! બેગમ અખ્તરના અમદાવાદ ખાતેના અંતિમ કાર્યક્રમમાં શ્રી યોગેન ભટ્ટ, નરહરિ પરીખ અને હું પણ તેમની સાથે સામેલ હતો. કાર્યક્રમ પછી મોડી રાત સુધી અમે શ્રી પરીખના ઘરે વાતો કરતા જ રહ્યા.

બક્ષીસાહેબનાં સ્નેહ લગ્ન શ્રીમતી જ્યોત્સનાબેન સાથે થયાં. દીકરી સીમા અને દીકરો હેમાંગ સ્નેહાળ અને સમર્પિત ગણાય તેવા ઉમદા સ્વભાવનાં છે. ડો. હેમાંગ બક્ષી એક ઓન્કોલોજિસ્ટ છે અને સર્જન છે. ભારતના ટોચના સર્જન-ડોક્ટર્સમાં તેમની ગણના થાય છે. શ્રી બક્ષી સાહેબના ભાઈ ઉપેન્દ્ર બક્ષી વિશ્વ વિખ્યાત જ્યુરિસ્ટ – ન્યાયશાસ્ત્રના પારંગત છે અને તેમણે વર્ષો સુધી ઇંગ્લેન્ડમાં અધ્યાપનકાર્ય કર્યું છે. થોડાક સમય માટે તેઓ સુરત યુનિવર્સિટીમાં કુલપતિ પણ હતા. તેમના સૌથી નાના ભાઈ ચેતન હાલ નિવૃત્ત જીવન વિતાવે છે. તેમણે પણ વર્ષો સુધી જર્મન અને સ્વિત્ઝરલેન્ડમાં સેવાઓ આપી છે.

આવી એક સમર્થ અને સંયત પ્રતિષ્ઠા તરફ ગુજરાતનું ખાસ લક્ષ નથી ગયું. એવું કેમ બન્યું હશે? કલાપીની ગ્રામમાતાની અડધી પંક્તિ તે સમજવા માટે પૂરતી છે! 'રસહીન ધરા થઈ છે!'

- રોહિત શુક્લ

કટોકટીકાળમાં.... (પાન ૧૫નું ચાલુ)

છે. તો શું દલિતોએ ઇન્દિરાઈ કટોકટીકાળમાં આઝાદીને બદલે રોટી પસંદ કરી હશે? વંચિતોને-ગરીબોને રોટલો મળી રહે એટલે કાયમ મૂંગા મરવું પડે? આ વલણ શું ઠીક ગણાય? એવો સવાલ મને કટોકટીની આ અર્ધવાર્ષિકીએ થાય છે. આપણી દિલી ઇચ્છા તો રોટીગર્ભ આઝાદીની છે. જો એ બેઉ મળે તો ભયોભયો. ઘોષિત અને અઘોષિત તમામ કટોકટી આપણી સામે આ સવાલ ઊભો કરે છે કે શું ગરીબોને એકલો રોટલો જ બસ છે કે રોટલો અને આઝાદી બેઉ જોઈએ છે?

આ સંપાદનમાં રજનીભાઈએ આપણને કટોકટી સંદર્ભે લખાયેલાં કેટલાંક પુસ્તકોનો પરિચય કારાવ્યો છે. કટોકટીમાં જેમ ગાંધી- સર્વોદય અને સંઘ- જનસંઘના પકડાયેલા કાર્યકરોનો ઇતિહાસ છે તેમ નહીં પકડાયેલાઓનો પણ ઇતિહાસ છે. જેમના વિશે આપણને લાગે કે આ તો કટોકટીમાં જેલમાં હશે પણ આવા પકડાવા જોઈતા અને છતાં ન પકડાયેલાઓ કે છૂટાઓનો પણ ઇતિહાસ છે. જે લખાવો અને તેનાં આરણકારણ તપાસવાં બાકી છે. કટોકટીની પચાસીએ કરવા જેવાં બાકી કામોની યાદીમાં એક આ પણ છે.

અમદાવાદના એક માત્ર સામ્યવાદી મેયર અને સીપીઆઈ (એમ)ના આગેવાન દિનકર મહેતા કટોકટીમાં બહાર હતા. તેમણે સામ્યવાદી અને કિસાનસભાના કાર્યકર તરીકે દક્ષિણ ગુજરાતનાં જે ગામડાઓમાં કામ કર્યું હતું ત્યાં ફરીથી જવાનું કટોકટી દરમિયાન કર્યું હતું. ફલસ્વરૂપ લખાયેલું પુસ્તક તે પલટાતાં ગામડાં. દિનકર મહેતાને એમની આ રિવિઝિટમાં-ફેર મુલાકાતમાં તેમણે કિસાનસભાના કાર્યકર તરીકે જે ગામડાઓમાં કામ કર્યું હતું, તે પલટાતાં લાગ્યાં હતાં. આજે કરવાનું કામ આ છે; દિનકરભાઈને જે ગામડાઓમાં પરિવર્તન દેખાયું હતું તે કથિત વિકાસની રાજનીતિમાં ક્યાં ઊભું છે? તે વિકાસ પામ્યાં છે? વધુ સારાં બન્યાં છે? કે વિલોપન પામ્યાં છે? તે તપાસવાનું થવું જોઈએ.

ગુજરાતના એકના એક પુરુષોત્તમ માવળંકર અને ઉમાશંકર જોશીએ કટોકટીના વિરોધમાં સંસદમાં અને સંસદ બહાર પડ ગાજતું રાખ્યું હતું. ઉમાશંકરે તેમના સામયિક સંસ્કૃતિને સેન્સરની તપાસમાંથી પસાર કરાવવાને

YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

બદલે તેનું પ્રકાશન બંધ રાખવાનું યોગ્ય માન્યું હતું. એટલે જેમ ભૂમિપુત્ર અને સાધનાએ સામયિકોનું પ્રકાશન ચાલુ રાખી, સેન્સરશીપને પડકારી હતી તો બીજી તરફ સંસ્કૃતિ જેવાં પણ સામયિકો હતાં જેણે પ્રકાશન થંભાવી દીધું હતું. તેમનો પણ ઇતિહાસ લખાવો જોઈશે..

લોકસભામાં માવળંકરે અને રાજ્યસભામાં ઉમાશંકરે કટોકટીનો વિરોધ કરવાનું ચાલુ રાખ્યું હતું. રાજ્યસભામાં રાષ્ટ્રપતિના સંબોધન પરના આભાર પ્રસ્તાવ પર બોલતાં ઉમાશંકરે જે ભાષણ કર્યું હતું તેનું શીર્ષક બહુ સરસ હતું : ''આપણે સૌ ઉઘાડા પડ્યા છીએ'' (તા. ૦૮.૦૧.૧૯૭૬). તો સાહેબો, જરા વિચારીએ. ૧૯૭૫ની ઘોષિત કે આજની ૨૦૨૬ની અઘોષિત એમ સઘળી કટોકટીમાં માત્ર રાજકીય પક્ષો જ નહીં, પણ આપણે સૌ - લોક, જન, જનતા, પ્રજા અને નાગરિક બધા જ - ઉઘાડા પડી ગયા છીએ.

ઉમાશંકરે રાજ્યસભામાં આપેલા છેલ્લા ભાષણમાં તેમણે પ્રજાનો અંતરાત્મા તાળાકૂંચીમાં હોવાનું કહ્યું હતું. તો આ તાળાની કૂંચી ક્યાં છે? ખોવાઈ ગઈ છે? કેમ ઘોષિત-અઘોષિત કટોકટી છતાં આપણે, આપણો અંતરાત્મા જાગતાં નથી? તેના તાળાની કૂંચી કોની પાસે છે? આ કૂંચી કોઈ લઈ ગયું છે? શું આપણે આપણો અંતરાત્મા તાળાકૂંચીમાં જ રહે તેમ કરવું છે? કે તાળું ખોલવું છે? તે વિશે પણ બીજી આઝાદીના એકાવનમા વરસે વિચારવાનું છે?

રજનીભાઈએ પૂર્વે કિસાન આંદોલન, જમીનનો સવાલ કે કૅન્સર જેવા વિષયો પર સરસ વિશેષાંકો અને પુસ્તકો કર્યાં છે. એટલે મને રજનીભાઈના કટોકટી વિશેના આજે પ્રકાશિત ગ્રંથની સામગ્રી અને ગુણવત્તા વિશે બહુ આશ્ચર્ય થતું નથી. રજનીભાઈ તો આમ જ કરે ને વળી. રજનીભાઈ, યજ્ઞ પ્રકાશન અને ભૂમિપુત્ર પરિવારને અભિનંદન અને આનંદ.

(તા. ૨૬મી જૂન ૨૦૨૬ના રોજ પુસ્તકના પ્રકાશન સમયે બોલાયેલું, થોડાં ઉમેરણો સાથે) maheriyachandugmail.com

● શ્રી મનીષીભાઈ જાનીનું મંતવ્ય

ભૂમિપુત્રના સંપાદકો તથા સર્વોદય મંડળના સાથીઓ કટોકટીકાળમાં સરકાર સામે હિંમતથી લડ્યા. આ ગાળામાં આ બધા વડીલો સાથે ત્યારે મારો વાદ-સંવાદ ચાલતો હતો.

રજનીભાઈના કટોકટીના આ પુસ્તકની પ્રસ્તાવનામાં મેં મારો આક્રોશ ઠાલવ્યો છે. છતાં કેટલીક વાતો કરીશ. આંદોલન દરમ્યાન જે.પી.ને પાંચ વખત મળવાનું થયું હતું. તેમણે કેટલાક ખોટા લોકોનો આંદોલનમાં સાથ લીધો હતો.

જ્યારે ગુજરાતના ૧૬૮ ધારાસભ્યોમાંથી ૯૯ ધારાસભ્યોએ રાજીનામાં આપી દીધાં હતાં ત્યારે મોરજીભાઈ દેસાઈ જરૂર વગર ઉપવાસ પર ઊતર્યા હતા. તેમણે ગુજરાત વિદ્યાપીઠનો રાજકીય ઉપયોગ કર્યો હતો. અને જેની સામે લડ્યા હતા તેવા ચીમનભાઈનો સહકાર લઈને સરકાર બનાવી, તે તો ખૂબ જ ખોટું કામ હતું. મૂલ્યોની વાત ક્યાં ગઈ ? મેં તેનો સખત વિરોધ કર્યો હતો.

આપણે 'બોલકા લોકોની અભિવ્યક્તિની સ્વતંત્રતા માટે કટોકટી સામે લડ્યા પરંતુ આજે મોટી સંખ્યામાં 'વોઇસલેસ' લોકોના હક્કો માટે લડવાની જરૂર છે. નાગરિક અધિકારો સાથે સાથે લોકશાહીના પાયાના અધિકારો માટે લડવું જરૂરી છે. કટોકટી બાદ લોકઅધિકાર સંઘના નેજા તળે શ્રી ગિરીશભાઈ સાથે લોકશાહી અધિકારો માટે અમે લડતો ચલાવી હતી. રજની કોઠારી - ધીરૂભાઈ શેઠ માઈક્રોલેવલનાં આંદોલનો ચલાવવાની વાત કરતા હતા, તે કરવા જેવાં કામ છે.

શ્રી પ્રકાશભાઈ શાહે તેમના મંતવ્યમાં પુસ્તકને ખૂબ આનંદ સાથે આવકાર્યું. પુસ્તકમાંની સમગ્ર સામગ્રી ખૂબ મહત્ત્વની છે તેમ જણાવ્યું હતું.

● શ્રી ડંકેશભાઈનું મંતવ્ય

કટોકટી ઘોષિત કે અઘોષિતમાં અભિવ્યક્તિ પર પાબંદી હતી. પણ આજે અહીં જે મંતવ્યો રજૂ થયાં તેમાં બધાનો સૂર એકબીજાથી વિપરીત કે અલગ અલગ હતો. ભૂમિપુત્રનું કામ જ આ છે. સાચા વિકાસ માટે અભિવ્યક્તિની સ્વતંત્રતા ખૂબ જ જરૂરી છે. પુરુષોત્તમ માવળંકર અને ઉમાશંકરભાઈ બંનેએ નહેરુની દીકરીને મુખોમુખ સંભળાવી દીધું કે લોકશાહીની હત્યાનું તમને પાપ લાગશે. દેશમાં કેટલાંક અખબારો અને ચોપાનિયાં ત્યારે પ્રજાનો અવાજ બન્યાં. એ.ડી.ગોરવાળા (નિવૃત્ત આઈ.સી.એસ. અધિકારી)એ કોઈની પણ શરમ રાખ્યા વિના સમાચારો લોકોને પહોંચતા કર્યા હતા. નાગરિકોએ અવાજ બુલંદ બનાવવાની જરૂર છે.

શ્રી લખનભાઈએ બધા વક્તાઓનો પરિચય આપ્યો. સ્વાતિબહેને શ્રોતાઓને પોતાની વાત કહેવા મંચ ખુલ્લો મૂક્યો. છેલ્લે કટોકટી પુસ્તકના પ્રકાશનમાં આર્થિક મદદ આપવા માટે ભૂપતભાઈ પારેખ, સ્મિતાબહેન શાહ અને છાયાબહેન શાહનું સન્માન કર્યું.

કટોકટી અને તેમાં ભૂમિપુત્ર - યજ્ઞ પ્રકાશનની ભૂમિકા

લેખન-સંપાદન : રજની દવે

પૃષ્ઠ : ૪૦૪, કિંમત : ૪૫૦/-

યજ્ઞ પ્રકાશન, હુજરાત પાગા,

વડોદરા - ૩૯૦ ૦૦૧.

(ફોટોગ્રાફ - લકેશ ચક્રવર્તી મો.: ૯૪૨૬૩૭૫૩૮૧) **- રજની દવે**

ભૂમિપુત્ર

હુજરાતપાગા, વડોદરા-૩૯૦ ૦૦૧ ફોન : ૦૨૬૫-૨૪૩૭૯૫૭, મો. ૯૦૧૬૪ ૭૯૯૮૨

સંપાદક : **રજની દવે**

સં૦ મંડળ : **સ્વાતિ • પારુલ**

દર માસની તા. ૧ અને ૧૬મીએ પ્રસિદ્ધ તથા પોસ્ટ થાય છે.

વાર્ષિક લવાજમ રૂ.૩૦૦

આજીવન અનામત રૂ.૪૦૦૦. વિદેશમાં વાર્ષિક લવાજમ (ઍરમેલ) રૂ.૩૦૦૦

લવાજમની રકમ મનીઓર્ડર, ડ્રાફ્ટ કે એટપારના ચેક દ્વારા અથવા યજ્ઞ પ્રકાશન સમિતિના **બેંક ઓફ બરોડા,** માંડવી, વડોદરાના ખાતા નંબર **૦૧૯૨૦૧૦૦૦૩૦૫૯૧** **IFSC Code : BARB0LAHERI** માં પણ જમા કરાવી શકો છો. ચેક/ડ્રાફ્ટ '**યજ્ઞ પ્રકાશન સમિતિ**'ના નામનો મોકલવો. ખાતામાં પૈસા જમા કરાવ્યા બાદ આપનું નામ-સરનામું તથા પૈસા ભર્યાની સ્લીપ કાર્યાલય ઉપર મોકલવા વિનંતી.

YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

સ્પર્શ

વોલીબોલ કોર્ટના પગથિયા પર બેઠેલી સ્વાતિની આંખોમાંથી આંસુ વહી રહ્યાં હતાં. એ ખુશીનાં હતાં કે ગ્લાનિનાં એ એને પોતાનેય સમજાતું નહોતું. યુનિવર્સિટી તરફથી જે ગર્લ્સ અને બોયઝ ટીમ રમવા ગઈ હતી એમાં ભાગ લેનાર બધાં છોકરા છોકરીઓ હમણાં જ એમનાં માનીતાં સ્વાતિ મેમને મળીને ગયાં. અત્યારે કોર્ટ સાવ ખાલી હતો. વર્ષો પહેલાં આ જ કોર્ટમાં આ જ જગ્યાએ આમ જ બેસીને આંસુ સાર્યાં હતાં એ એને યાદ આવી ગયું.

એનું નાનપણ આનંદ અને ખુશી ભર્યું હતું. મોસાળમાં પણ સૌની લાડકી હતી. નાનકડી સ્વાતિને એક દિવસ મામાએ પૂછેલું, ''ચાલ, સ્કૂટર પર ફરવા આવવું છે?''

હોંશેથી મામા સાથે ગયેલી ભાણેજ તે દિવસે પાછી ફરી ત્યારે એની નિર્દોષતા, સહજતા ખોઈને આવી હતી. મામા ક્યાં લઈ જાય છે એ ખબર પડે એ પહેલાં તો...

''જો, આજે આપણે બંનેએ જે ગમ્મત કરી ને, એ બધાથી ખાનગી રાખવાની હં! તારી મમ્મીને પણ નહીં કહેવાનું. હું કહું એમ કરીશને, તો આનાથીય વધારે મઝા કરાવીશ.''

તે દિવસથી એની અંદર ઘણી તૂટફૂટ થઈ ગઈ હતી. એની નાજુક લાગણીઓ કચડાઈ ગઈ હતી. બસ, ત્યારથી ભૂલેચૂકે કોઈની આંગળીય અડી જાય તો એ ભડકી ઊઠતી. એની ડીક્શનરીમાંથી સ્પર્શ શબ્દ જાણે ભુંસાઈ ગયો હતો. એની સમગ્ર ચેતના ઠીંગરાઈ ગઈ હતી. આ બધામાંથી એને બહાર કાઢી હોય તો એના રમત-ગમતના શોખે. કૉલેજમાં એનું હીર પારખીને કોચ સરે એને ટીમની કેપ્ટન બનાવેલી. એક વાર સર છોકરીઓની ટીમને છોકરાઓની ટીમની રમત જોવા વોલીબોલ ગ્રાઉંડમાં લઈ ગયેલા. ત્યારે પહેલવહેલી વાર એણે મંદારને જોયેલો. ઊંચા અને સશક્ત એ યુવાનની રમવાની છટા એના મનમાં વસી ગયેલી. રમત પૂરી થયા પછી ગર્લ્સ ટીમની કેપ્ટન તરીકે એ મળવા ગઈ અને મંદારની સાથે હાથ મિલાવવાને બદલે નમસ્તે કરીને અભિનંદન આપ્યા ત્યારે એક આધુનિક યુવતીને આમ કરતી જોઈ મંદારને આશ્ચર્ય થયેલું. પોતે લંબાવેલો હાથ ભોંઠા પડીને પાછો ખેંચતાં એણે કહ્યું હતું,

''હવે ક્યારેક મોકો મળે તો મારે પણ તમારી રમત જોવી છે.''

પછી તો એ બેઉ ક્યારેક કૉફી પીવા જતાં તો ક્યારેક રમત નિમિત્તે પણ મળવાનું બનતું. એક વખત મંદારે સિનેમા જોવા જવાની વાત કરી તો સ્વાતિએ તરત જ '' હું હંમેશા ટી.વી. પર જ ફિલ્મો જોઉં છું. થિયેટરમાં મને ગુંગળામણ થાય છે'' એમ કરીને વાત ટાળેલી. સ્વાતિ કેમ આવું વર્તન કરે છે એ ન સમજાતાં મંદાર મૂંઝાતો. મનોમન એ સ્વાતિને ચાહવા લાગ્યો હતો.

એક દિવસ હોટેલનું બીલ ચૂકવવાની રકઝકમાં અનાયાસે બંનેના હાથ એકમેકને અડી ગયા ત્યારે સ્વાતિ વોશબેસીન પાસે જઈને ઘસીઘસીને હાથ ધોઈ આવી એ જોઈને મંદારને નવાઈ પણ લાગી અને અપમાનજનક પણ લાગ્યું. સ્વાતિ મંદાર કરતાં દોઢેક વર્ષ મોટી હતી. મંદાર કૉલેજના બીજા વર્ષમાં હતો. એ બેઉ આ જ કોર્ટમાં બેઠાં હતાં ત્યારે સ્વાતિએ તે દિવસે કહેલું, ''મને પોસ્ટ ગ્રેજ્યુએશન માટે દિલ્હી યુનિવર્સિટીમાં એડમીશન મળી ગયું છે. કદાચ આજે આપણે છેલ્લીવાર મળી રહ્યાં છીએ.''

મંદાર અવાચક થઈ ગયેલો. અચાનક એણે સ્વાતિના બંને હાથ પકડીને એની હથેળીઓ વચ્ચે પોતાનો ચહેરો છુપાવી દીધો ને પછી હીબકાં ભરી ભરીને રડવા લાગ્યો. સ્વાતિને ઘણું મન થતું હતું કે, એને ગળે વળગાડીને આશ્વાસન આપે, પોતાના દુપટ્ટાથી એનાં આંસું લૂછે, પણ ઘણું ચાહવા છતાં એ એમ ન કરી શકી. ધીમેથી એના હાથ છોડીને મંદાર ઊભો થયો.

છલકાતી આંખો લૂછતાં સ્વાતિએ જ્યાં સુધી દેખાઈ ત્યાં સુધી મંદારની પીઠ તરફ જોયા કર્યું અને પછી સઘળા બંધ તોડીને એની આંખોમાંથી ચોધાર આંસુ વહી નીકળ્યાં. એને પોતાની જાત પર ગુસ્સો આવતો હતો, 'શા માટે એ મંદાર સાથે આટલી નિર્મમતાથી વર્તતી હતી?' પણ પોતે જ ઊભા કરેલા આ સવાલનો જવાબ એની પાસે નહોતો.

જિંદગીનું ચક્ર ફરી પાછું ફર્યું ને અહીંની યુનિવર્સિટીએ સામેથી એને રીડર તરીકે આમંત્રણ આપીને બોલાવી. અહીં આવી ત્યારથી એની આંખો મંદારને શોધતી હતી. 'એક વખત, માત્ર એક વખત મળી જાય તો તે દિવસે દબાવી રાખેલી ઇચ્છા પૂરી કરી લઉં. એને ગળે વળગાડીને મન ભરીને રડી લઉં,' પણ દિવસો અને મહિનાઓ ગયા પણ ક્યાંયથી એના કોઈ વાવડ ન મળ્યા. અહીં નોકરી માટે આવી એ પહેલાં જ એક સારી ખેલાડી તરીકેની એની ખ્યાતિ પહોંચી ગયેલી. એને સ્પોર્ટ્સ કમિટીની એડવાઈઝર નિયુક્ત કરવામાં આવી. એક અધ્યાપક તરીકે તો એ ઉત્તમ હતી જ પણ એક નિપુણ ખેલાડી તરીકેની એની નામના પણ દૂર દૂર સુધી પહોંચી. યુનિવર્સિટીની ગર્લ્સ અને બોયસ બંને ટીમ સ્પર્ધામાં સુંદર પ્રદર્શન કરે અને ટ્રોફી જીતીને આવે એ માટે એણે ખૂબ મહેનત કરેલી. છતાં બેમાંથી એક્કે ટીમ જીતી ન શકી.

સ્વાતિને આ હાર પોતાની જ હાર લાગી. એણે પોતાના પદ પરથી રાજીનામું આપવાનો નિર્ણય લીધો પણ એ પહેલાં આજે એણે બંને ટીમને મેદાનમાં બોલાવેલી. એણે ખેલાડીઓને સંબોધીને કહ્યું,

''મને લાગે છે કે, મારા માર્ગદર્શનમાં જ કંઈક ખોટ રહી ગઈ હશે, એટલે હું આ પદ છોડું છું પણ તમને સૌને કહેવા માગું છું કે, આ હારને તમે અંતિમ હાર ન માનશો. તમે ચોક્કસ સફળ થશો.''

બોલતાં બોલતાં એનું ગળું ભરાઈ આવ્યું. સૌએ એક્કી અવાજે એના રાજીનામાનો વિરોધ કર્યો. બંને ટીમનો આ નિર્ણય સંભળાવવા દીપેન આગળ આવ્યો.

''મેમ, અમને તમારી રાહબરીમાં સંપૂર્ણ વિશ્વાસ છે. અમને છોડીને ન જશો.''

બોલતાં બોલતાં એ ગળગળો થઈ ગયો અને સ્વાતિની બંને હથેળીમાં મોં છુપાવીને રડી પડ્યો. આ જ ક્ષણની વર્ષોથી રાહ જોઈ રહેલી સ્વાતિએ ઊભા થઈને દીપેનને ગળે વળગાડ્યો ત્યારે એક અજબ ખુશી અને શાંતિના અહેસાસથી એનું મન તરબતર થઈ ગયું.

(બિયોટ પ્રોજ્ના ત્રિપાઠીની ઓડિયા વાર્તાને આધારે) **– આશા વીરેન્દ્ર**

ગુજરાત સર્વોદય મંડળની યજ્ઞ પ્રકાશન સમિતિ વતી રજની દવેએ ભૂમિપુત્ર કાર્યાલય, હુજરાતપાગા, વડોદરા ૩૯૦ ૦૦૧થી પ્રકાશિત કર્યું. મુદ્રણસ્થાન : જવનિકા પ્રિન્ટર્સ, વડોદરા-૧૮. પ્રત : ૨૯૦૦
Printed and Published by **Rajani Dave** on behalf of **Yagna Prakashan Samiti**, Published from Bhoomiputra Karyalaya, Hujaratpaga, Vadodara
Printed at Javanika Printers, 3-Laxmi Estate, Bahucharaji Road, Vadodara - 390 018. Editor : **RAJANI DAVE**

YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org